# સન્ડે સ્કૂલ

## પાઠ તેમજ અભ્યાસ પુસ્તિકા

# ધોરણ - 4

**પ્રકાશક :**

**Operation Agape**
**Ashirwad Ashram, Chhawla Village,**
**Najafgarh, New Delhi 110 071**

**Class - 4**

© 2009
All rights reserved

First Print 1000 copies 2009

**Published by**
National Resources Centre
Ashirwad Ashram, Kanganheri Road, Chhawla, New Delhi 110 070

**Printed at :**
Innovative Designers and Printers
F-32/6, Okhla Indl. Area
Phase - II, New Delhi - 110 020

# સક્રિય સન્ડે સ્કૂલના અભ્યાસક્રમનો પરિચય તથા સૂચનાઓ

ઉત્તર ભારતની મંડળીઓ માટે આ સક્રિય અને પ્રભાવશાળી સન્ડે સ્કૂલ અભ્યાસક્રમ રજૂ કરતા અમને અનહદ આનંદ થાય છે. બાળકોને નિયમિત રીતે પ્રારંભિક શિક્ષણ આપવા માટે એક પ્રભાવશાળી સાધનની ખૂબ જ જરૂરિયાત છે તે બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તકને શિક્ષણ આપવાના એક સાધન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકને અનુભવી શિક્ષકો તથા બાઈબલના વિદ્વાનો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેઓ બધા ઉત્તર ભારતમાં ઘણા બધા વર્ષોથી પ્રભુના સેવાકાર્યમાં કાર્યરત છે.

નીચે આપવામાં આવેલ કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોના/ઢાંચાના આધારે આ અભ્યાસક્રમને તૈયાર કરવામાં આવ્યો છે. દરેકે દરેક પુસ્તકમાં અંદાજે 40 જેટલા પાઠ છે જે એક વર્ષની અંદર ભણાવવાના છે. બધા જ પાઠ ગ્રેડીંગ પદ્ધતિથી તૈયાર કરવામાં આવ્યા છે, જેથી કરીને દરેક પાઠને કેવળ સન્ડે સ્કૂલના વર્ગમાં શિક્ષક દ્વારા શીખવવામાં આવે એટલું જ નહીં પરંતુ સાથે સાથે બાળક તેના વ્યવહારિક શિક્ષણમાં અને સાથી બાળકોના સમૂહમાં હરતા ફરતાં રમતાં પણ આ શિક્ષણ તેમને ઉપયોગી નીવડે જેથી કરીને દરેકે દરેક વિદ્યાર્થીને તેમના વ્યક્તિગત જીવનમાં આ વ્યવહારિક શિક્ષણ અમલમાં મૂકવા અને જીવનમાં નિર્ણય કરવા માટેનો પ્રસંગ મળી રહે.

**સામાન્ય સિદ્ધાંતો :**

1. વાર્તાઓ દ્વારા ઈશ્વરના વચનોનું શિક્ષણ
2. બાળકોની રચનાત્મકતા વધુ સારી કરવા દરેક પાઠને અનુરૂપ કળા તથા હસ્તકળા અથવા પ્રવૃત્તિ સામેલ કરી છે.
3. વિષયને અનુરૂપ મોઢે કરવાની એક મુખપાઠ કલમ
4. દરેક અઠવાડિયે તંદુરસ્તી તથા સફાઈ સંબંધીનું શિક્ષણ મળી રહે તે માટે સુઆચરણના વાક્યો
5. દર અઠવાડિયે અંગ્રેજીમાં એક ગીત શક્ય હોય તો શીખવવું
6. કાબેલિયતની ચકાસણી (મરજીયાત)
7. પ્રશ્નો તથા ગૃહકાર્ય
8. દર અઠવાડિયે પાંચ વ્યક્તિને વાર્તા વહેંચવી
9. પાઠ આધારિત એક વ્યવહારિક નિર્ણય (જીવનમાં અમલ કરવા માટે)

શિક્ષકોએ પાઠને એવી રીતે સમજાવવા પ્રયત્ન કરવો કે જેથી બાળકની સંસ્કૃતિ અને જે તે વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ શિક્ષણ આપી શકાય. વળી બાળકનું ધોરણ ધ્યાનમાં રાખીને તેને સમજાવવું.

**શિક્ષકની તૈયારી**

આ પુસ્તક સરળ છે, ચિત્રોમાં પ્રયોગ કાર્ય કરવાનું છે અને સાથે સાથે વિદ્યાર્થીનો અભ્યાસ પણ આમાં સામેલ છે. પ્રત્યેક વર્ગ એક કલાકના સમયનો છે તે બાબતને ધ્યાનમાં રાખીને નાના નાના નમૂના આપવામાં આવ્યા છે.

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** શિક્ષકો પાસેથી આશા રાખવામાં આવે છે કે દરેક શિક્ષક બાઈબલની કલમો વારંવાર વાંચીને તેઓ અર્થ સમજે અને ત્યાં સુધી અભ્યાસ કરવો જ્યાં સુધી તે કલમોનો સાચો ભાવાર્થ સમજી ન જવાય. શિક્ષકો પાઠની તૈયારી સારી પેઠે કરી શકે તે માટે આ કલમો સમાવવામાં આવી છે. આ મુજબ કરવાથી વિદ્યાર્થીઓને પાઠ સમજાવવામાં ઘણી સરળતા રહેશે.

**પાઠનો ઉદ્દેશ :** એક ચોક્કસ હેતુ નજર સમક્ષ રાખીને દરેક પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. પાઠમાં બીજી એવી બાબતો પણ જોવા જાણવામાં આવશે જેના પર જોર આપવાનું મન થાય એવું બને ખરું; પરંતુ શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાનું ધ્યાન પાઠના મૂળ હેતુ તરફ જ કેન્દ્રિત કરે.

**વર્ગની તૈયારી**

**પ્રાર્થના :** વિદ્યાર્થીઓ પ્રાર્થના કરાવતાં શીખે તે માટે શિક્ષકે માર્ગદર્શન અને ઉત્તેજન આપવું.

**પુનરાવર્તન :** ગયા અઠવાડિયે ચાલેલા પાઠનું પુનરાવર્તન ટૂંકાણમાં કરાવવું. મુખપાઠ કલમ તથા જીવનમાં અમલ કરવાની બાબત ખાસ યાદ કરાવવી. જે વિદ્યાર્થી સારી રીતે આગળ વધે છે તેને પ્રોત્સાહન આપવું.

**વાર્તા શીખવવા સાધનોનો ઉપયોગ :** શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે પાઠની તૈયારી કરતી વખતે તેમજ શીખવતી વખતે ચિત્રોનો ઉપયોગ કરો તેમજ અન્ય સાધનો વાપરો જે દ્વારા વાર્તાનો ભાવાર્થ દર્શાવી શકાય. જો તમારી પાસે સગવડ હોય તો નાની વીડિયોનો ઉપયોગ કરો કે અન્ય સાધન વાપરો જે દ્વારા તમારું શિક્ષણકાર્ય વધારે આકર્ષક બની શકે. પરંતુ યાદ રાખો કે આ પ્રકારની રીત અને આવા સાધનોએ વિદ્યાર્થી સાથેના તમારા વ્યક્તિગત રીતે વાર્તા કહેવાના અને આત્મીય વ્યવહારનું સ્થાન લઈ ન લેવું જોઈએ.

**અનુરૂપ ગીત શીખવો :** વિદ્યાર્થી કયા ધોરણના અને કયા પ્રકારના છે તે ધ્યાનમાં લઈને તેમને અનુરૂપ ગીત શીખવો. અંગ્રેજી ગીતની જરૂર હોય તો શીખવો. અનુકૂળ હોય તો ગીતની સાથે સાથે હાવભાવ (એક્શન) પણ કરાવો.

**કળા, હસ્તકળા અથવા ઈતર પ્રવૃત્તિઓ**

શિક્ષકે બાળકોને માર્ગદર્શન, દોરવણી, જરૂરી સૂચન અને સહાયતા કરવી જેથી બાળકો ચિત્રોમાં રંગ પૂરી શકે, ખાલી જગ્યાઓ પૂરી શકે અથવા વાર્તાના આધારે એક નાનું નાટક ભજવી શકે.

**મુખપાઠ કલમ :** પાઠ પર આધારિત એક કલમ પસંદ કરવામાં આવી છે જેને વર્ગમાં શીખવવી જરૂરી છે, અને અનિવાર્ય છે. આગળનો અભ્યાસ કરો ત્યારે પાછલા સમયમાં શીખી ગયેલ કલમોને યાદ કરાવતા રહો અને જે વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી રહ્યા હોય તેમને ઉત્તેજન આપો, વખાણો અને પ્રોત્સાહન આપતા રહો.

**સુઆચરણ :** પુસ્તકના અંત ભાગમાં જે સુઆચરણનું લિસ્ટ આપવામાં આવ્યું છે તે જુઓ અને દર અઠવાડિયે તેમાંથી ગમે તે એક વાક્ય પસંદ કરીને તે શીખો. તંદુરસ્તી / નૈતિક શિક્ષણનો આમાં સમાવેશ છે.

**ગૃહકાર્ય :** શિક્ષક કે શિક્ષિકા દર અઠવાડિયે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપી શકે છે. ખૂબ જ સરળ સવાલો હોવા જોઈએ અને તે બાબતમાં ખૂબ સમય ન વેડફશો. દરેક વિદ્યાર્થીને કહો કે જે વાર્તા તેઓ શીખ્યા છે તે વાર્તા અઠવાડિયા દરમિયાન પાંચ વ્યક્તિઓને જણાવે. માતા-પિતા, ભાઈ-બહેન કે મિત્રોને પણ આ વાર્તા જણાવી શકાય. વિદ્યાર્થીઓ પાસેથી હેવાલ માંગો કે શું તેમણે તે મુજબ કર્યું છે. આ પ્રમાણે તેઓ નિયમિતપણે કરે તે માટે પ્રોત્સાહન આપો.

**પાઠની સમીક્ષા :** વર્ગ પૂરો થવાની તૈયારી થાય તે સમયે આખા પાઠનું ટૂંકમાં પુવનરાવર્તન કરો. જો સમય હોય અને શક્ય હોય તો એક બાળકને ઊભા થઈને વાર્તા બોલી જવાનું કહો. પાઠ પર બાળકો અંદરોઅંદર ચર્ચા વિચારણા કરી શકે છે પરંતુ તે માટે શિક્ષકે મુખ્ય પ્રશ્નો દ્વારા શરૂઆત કરી આપવી, અને મદદ કરી, દોરવણી પણ આપવી.

**વ્યવહારિક અમલ :** પાઠને અનુરૂપ આ અઠવાડિયા દરમિયાન દરેક વિદ્યાર્થીએ શું કરવાનું છે એવો પ્રશ્ન કે એના જેવો પ્રશ્ન તમે બાળકોને પૂછી શકો છો અને ત્યાર પછી બાળકોને તેમનો નિર્ણય જાહેર કરવાની તક આપો, અને પ્રાર્થના કરીને નિર્ણય કરવા દો.

**પ્રવીણતાનું શિક્ષણ :** દરેક વર્ગ માટે આ બાબત ફરજિયાત નથી પણ મરજિયાત છે. સમય, સ્થળ, જરૂરી સાધનો અને બાળકની કાબેલિયત, પ્રવીણતા, કૌશલ્યની ઉપલબ્ધતાને આધારે આ બાબતનું આયોજન કરી શકાય.

દા.ત. સંગીતના સાધનોનો ઉપયોગ કરવો, જેવા કે ખંજરી, ઢોલક કે બીજું સાધન, મ્યુઝીક વગાડવું, અંગ્રેજી ભાષામાં વાર્તા સમજાવવાની વિગેરે.

**સમાપ્તિની પ્રાર્થના :** છેલ્લે ટૂંકી પ્રાર્થના કરાવીને છૂટા પડવું.

# અનુક્રમણિકા


1. હાગાર અને ઈશ્માએલ .......... 7
2. સદોમ અને ગમોરાહ .......... 9
3. ઈસહાક અને રિબકા .......... 11
4. યાકૂબ યાબ્બોકમાં .......... 13
5. હારુન અને તેના દીકરાઓ .......... 15
6. દસ આજ્ઞાઓ .......... 17
7. મરિયમ .......... 19
8. મુલાકાતમંડપ .......... 21
9. આખાનનું પાપ .......... 23
10. યફતા .......... 25
11. નાઓમી અને રૂથ .......... 27
12. એસ્તરેને રાણી બનાવાઈ .......... 29
13. સુલેમાન .......... 31
14. નહેમ્યા .......... 33
15. અયુબ - ભાગ-I .......... 35
16. અયુબ - ભાગ-II .......... 37
17. દૈવી બાળકનો જન્મ .......... 39
18. ઈસુનું પરીક્ષણ .......... 41
19. બી વાવનારનું દૃષ્ટાંત .......... 43
20. પાણીનો દ્રાક્ષારસ .......... 45
21. દશ કુમારિકાઓનું દૃષ્ટાંત .......... 47
22. તાલંતોનું દૃષ્ટાંત .......... 49
23. રૂપાંતર .......... 51
24. ઈસુ લાજરસને જીવતો કરે છે .......... 53

25. સર્વદા પ્રાર્થના કરવાનું દૃષ્ટાંત ........ 55
25. ગેથશેમાનેમાં પ્રાર્થના ........ 57
27. ઈસુની ઉત્તમ કદર ........ 59
28. પિત્તરનો નકાર ........ 61
29. ઈસુનું મરણ અને દફન ........ 63
30. એમ્મોસ જતા શિષ્યોને ઈસુનું દર્શન ........ 65
31. ઈસુનું સ્વર્ગારોહણ ........ 67
32. પચાસમાના દિવસે પવિત્ર આત્મા ઉતર્યો ........ 69
33. સ્તેફન ........ 71
34. પાઉલ અને સિલાસ કેદખાનામાં ........ 73
35. સુંદર નામના દરવાજા પાસે લંગડો માણસ ........ 75
36. અનાન્યા અને સફિરા ........ 77
37. કર્નેલિયસ ........ 79
38. પ્રેરિત થોમા ........ 81
39. વિલ્યમ કેરી ........ 83
40. સાધુ સુંદરસીંઘ ........ 85

## પાઠ - 1
# હાગાર અને ઈશ્માએલ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 21:9-21

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર તેનો કરાર પૂરો કરે ત્યાં સુધી રાહ જોવા માટે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**હાગાર અને ઈશ્માએલની વાર્તા કહો –** 25 મિનિટ

**હાગાર અને ઈશ્માએલનું ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 21:17-18

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈશ્માએલનો જન્મ :

ઈશ્માએલનો જન્મ હાગારને પેટે થયો કારણકે સારા વૃદ્ધ બની ગઈ હતી; તેથી તે બાળકને જન્મ આપી શકે તેમ ન હતી. તેણે નક્કી કર્યું કે તેની મિસરી દાસી હાગાર મારફતે બાળક પ્રાપ્ત કરવું જોઈએ. ઈસ્રાએલ લોકોમાં આ રિવાજ ચાલતો હતો. ઈશ્વર તેને બાળક આપશે કે નહીં તે બાબતે સારાને સંદેહ હતો; અને તેથી સારાને મનમાં જે વિચાર આવ્યો તેને તેણે અમલમાં મૂક્યો, જેથી ઈબ્રાહિમ દ્વારા હાગાર ગર્ભવતી બની અને દીકરો જણી જેનું નામ ઈશ્માએલ પાડવામાં આવ્યું. સારાની આ યોજના તેને જ ભારે પડી. અને તેના બે પરિણામો આવ્યા. પ્રથમ એ કે હાગાર ગર્ભવતી બની તે અનઅપેક્ષિત હતું. હાગાર વિચારવા લાગી કે હું સારા કરતાં વધુ સારી છું (ઉત્પત્તિ 16:4) સારા ગર્ભવતી બની નહીં, પણ હાગાર ગર્ભવતી બની. તેથી આ બન્ને સ્ત્રીઓ વચ્ચે સંબંધમાં ભંગાણ પડ્યું અને એક વાત ઉપસી આવી કે સારા ઈશ્માએલને કદી સ્વીકારશે નહીં. વળી, સારાને હાગાર પર ઈર્ષા આવી, તેથી તે તેની સાથે અયોગ્ય રીતે વર્તવા લાગી. બીજી બાબત એ બની કે, ઈસહાકના જન્મ પછી ઈશ્માએલ અહંકારી બન્યો. સારા 90 વર્ષની હતી ત્યારે તેણે ઈસહાકને જન્મ આપ્યો. આમ ઈશ્માએલ ઈસહાક કરતાં ઉંમરમાં મોટો હોવાથી ઘરમાં જ્યેષ્ઠ ગણાયો. તેથી ઈશ્માએલ ઈસહાકની મશ્કરી કરતો હતો.

### હાગારને કાઢી મૂકી :

ઈસહાક અને સારા પ્રત્યે ઈશ્માએલનું જે વર્તન અને વલણ હતું તે હાગારે જોયું અને તેને લાગ્યું કે ઈશ્માએલનો આવો વ્યવહાર એવી સ્થિતિએ પહોંચશે કે એક દિવસ આ બન્ને ભાઈઓ વચ્ચે વારસો મેળવવા ઝઘડો થશે. અને તેથી કયો દીકરો સાચો વારસદાર છે તેની ચોખવટ કરી લેવી, જેથી ઝઘડો લાંબો ચાલે નહીં.

એવો વિચાર હાગારે કર્યો કારણકે હાગાર અને સારા ન હોય તો ભયંકર બાબત બની શકે. ઈબ્રાહિમ એક મોટા ઘર્ષણમાંથી પસાર થઈ રહ્યો હતો. એ વિચારવાનું હતું કે શું ઈબ્રાહિમ તેની પત્ની સારાનું સાંભળીને તેના પ્રથમ જનીત દીકરા ઈશ્માએલને અને હાગારને કાઢી મૂકશે, કે પછી બધાને સાથે રાખીને પ્રશ્નો ઉકેલશે ? આ મોટી કટોકટીની પળોમાં ઈશ્વરે ઈબ્રાહિમને મૂકી દીધો નહીં. ઈશ્વરે ઈબ્રાહિમને સલાહ આપી કે તું તારી પત્ની સારાનું કહેવું માન અને હાગાર અને ઈશ્માએલને ઘરમાંથી કાઢી મૂક. કારણકે આખું કુટુંબ સાથે રહી શકશે નહીં. ઈશ્વર પાસે બહુ મોટી યોજના હતી. જે મુજબ હાગાર અને ઈશ્માએલે દૂર થવું જરૂરી હતું, તેમ છતાં ઈશ્વરે એવું પણ વચન આપ્યું કે તે ઈશ્માએલને પણ આશીર્વાદ આપશે. ઈશ્વરે ઈબ્રાહિમને યાદ દેવડાવ્યું કે તે ઈસહાક દ્વારા મોટી કોમ ઉત્પન્ન કરવાના છે, ઈશ્માએલ દ્વારા નહીં. ઈબ્રાહિમ તરત જ ઈશ્વરની આજ્ઞાને આધીન થયો. બીજા દિવસે સવારે ઈબ્રાહિમે હાગારને ખોરાક અને પાણી બાંધી આપ્યા. અને તેને અને ઈશ્માએલને બેર-શેબાનાં અરણ્યમાં મોકલી દીધાં.

**હાગાર અને ઈશ્માએલ અરણ્યમાં :**

અરણ્યમાં ખોરાક અને પાણી મેળવવા સહેલું નથી. બાટલીમાં પાણી લઈને નીકળ્યા હતાં તે થોડા દિવસો સુધી ચાલ્યું હશે. પાણીનો ઝરો અરણ્યમાં ન મળે ત્યાં સુધી તે પાણી ચલાવવાનું હતું પરંતુ એવો સમય આવ્યો કે આ બાટલીનું પાણી ખલાસ થઈ ગયું (કલમ 15). પોતાના દીકરાને અરણ્યની ગરમીથી બચાવવા, અને તરસથી બચાવવા હાગારે તેને એક ઝાડવા તળે મૂક્યો. અરણ્યની ગરમીમાં તેનો દીકરો મરી જાય એ વિચાર આવતા જ હાગાર ગભરાઈ ગઈ. અને થોડે દૂર જઈને તે રડવા લાગી. પછી હાગારને એક દૂતનું દર્શન થયું. દૂતે ઈશ્વરનું વચન યાદ દેવડાવ્યું તથા જણાવ્યું કે હાગાર તું તારા દીકરા પાસે નજીક જા. અને તેને શાંત કર અને સંભાળી લે (કલમ 18). પછી ઈશ્વરે તેની આંખો ખોલી તો નજીકમાં તેણે પાણીનો એક કૂવો જોયો. તેણે પેલી બાટલી તેમાંથી ભરી અને જેટલું જોઈએ તેટલું પાણી તેના દીકરાને પીવડાવ્યું (કલમ 19). આ રીતે ઈશ્વરે બન્નેને મરણથી બચાવ્યા. પછી ઈશ્માએલ પણ મોટો થયો અને તેનાથી એક મોટી જાતિ બની. અત્યારે જે મુસ્લિમ કોમ છે તે સર્વનો પ્રથમ પિતા ઈશ્માએલ છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. સારાએ હાગાર દ્વારા બાળક જન્મે તેવો નિર્ણય કર્યો કારણકે ........................................
2. ઈશ્માએલના જન્મ પછી બે માઠાં પરિણામ આવ્યાં ........................................
3. ઈશ્વરે ઈબ્રાહિમને શું કહ્યું ?........................................
4. ઈશ્વરે હાગારને કેવી રીતે મદદ કરી ? ........................................
5. આ વાર્તાથી તમે શું શીખ્યા ? ........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 2

# સદોમ અને ગમોરાહ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 19

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર પૂરેપૂરા ન્યાયી અને પૂરેપૂરા દયાળુ છે.

**પાઠનું આયોજન**

**સદોમ અને ગમોરાહની વાર્તા કહો –** 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 30:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### લોત સદોમમાં :

લોત ઈબ્રાહિમનો ભત્રીજો હતો. અને જ્યારે ઈશ્વરે ઈબ્રાહિમને જણાવ્યું કે તું તારું વતન મૂકીને હું કહું ત્યાં જા. ત્યારે લોત પણ તેની સાથે જવા તૈયાર થયો. પાછળથી ઈબ્રાહિમ અને લોતનાં ગોવાળિયાઓ વચ્ચે ઝઘડો થયો. તેથી તેઓએ અલગ થઈ જવાનું નક્કી કર્યું. ઈબ્રાહિમે લોતને કહ્યું કે તને ગમે તે પ્રદેશ તું પસંદ કર. એટલે લોતે સદોમનો વિસ્તાર પસંદ કર્યો. કારણકે ઘાસચારો અને પાણી ત્યાં પુષ્કળ હતાં. પરંતુ સાથે સાથે સદોમમાં ખરાબ લોકો રહેતા હતાં. અને તે જગ્યાએ ઘણી ખોટી બાબતો ચાલતી હતી. આ બધું ઘણા સમય સુધી ચાલ્યું. આ બધું હોવા છતાં લોત અને તેનું કુટુંબ ત્યાંથી નીકળી ગયા નહીં. ઘણાં વર્ષોને કારણે લોત તે જગ્યાનો મોટો અધિકારી બન્યો. ઈશ્વરે નક્કી કર્યું કે તે સદોમ અને તેની બાજુમાં આવેલ ગમોરાહ એ બન્ને નગરોનો તેમની દુષ્ટતા માટે ન્યાય કરશે.

### લોતને બચવાની તક :

આ બન્ને નગરોનો નાશ કરતાં પહેલાં ઈશ્વરે લોત અને તેના કુટુંબને નીકળી જવા માટે તક આપી. આ એટલા માટે બન્યું કારણકે ઈબ્રાહિમે ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે દુષ્ટ લોકોનો નાશ કરતી વખતે સારા માણસો નાશ ન પામવાં જોઈએ. તેથી ઈશ્વરે આ નગરમાં બે દૂતોને મોકલ્યાં જેઓ જઈને ઈશ્વરની યોજના લોતને જણાવે. અને તેને પૂરતો સમય આપ્યો કે તે અને તેનું કુટુંબ ત્યાંથી નીકળી જાય. આ એટલા માટે થયું કે ઈશ્વર દયાળુ છે. પોતાની દયા દર્શાવતાં ઈશ્વરે લોતને અને તેના કુટુંબને એક નિયમ આપ્યો કે

જ્યારે શહેરનો નાશ થવાનું શરૂ થાય ત્યારે તેમણે પાછા વળીને જોવું નહીં; નહીં તો તેઓનો પણ નાશ થશે. લોતે તરત જ તેનો સામાન અને તેના કુટુંબને તૈયાર કરીને નીકળ્યો. તેઓ જ્યારે શહેરને છોડી રહ્યા હતા ત્યારે આકાશમાંથી અગ્નિ પડી ને શહેરનો નાશ કરવાની શરૂઆત થઈ. લોત અને તેના કુટુંબે કદાચ અગ્નિથી નાશ પામતાં તેમનાં પડોશીઓ, મિત્રો અને ઓળખીતાઓનો અવાજ સાંભળ્યો હશે.

**લોતની પત્નીને શિક્ષા :**

એક કુટુંબ તરીકે લોત, તેની પત્ની અને દીકરીઓ પાછળ જોયા વિના આગળ ને આગળ પર્વતો તરફ દોડી રહ્યા હતા. અચાનક લોતની પત્ની અચકાવા લાગી. કદાચ તે ઘરમાં કશુંક ભૂલીને આવી હશે તે તેને એકાએક યાદ આવી ગયું હશે. કદાચ કપડાં, ઘરેણાં, અનાજ અથવા બીજું કાંઈ યાદ આવ્યું હશે. પાછળ નહીં જોવાની ઈશ્વરે આજ્ઞા કરી હતી તે તે જાણતી હતી. લોતે પણ તેને ઉત્તેજન આપ્યું કે તું આગળ જ વધ પરંતુ તે ઊભી રહી. તેણે પાછળ નજર કરી અને થોડી જ ક્ષણોમાં તે ખારનો થાંભલો થઈ ગઈ. ઈશ્વરના કોપથી બચવા માટે લોત તેની પત્નીને ત્યાં જ મૂકીને તેની દીકરીઓ સાથે આગળ વધ્યો. લોતની પત્નીએ વિચાર્યું હશે કે ઈશ્વર દયાળુ છે. અને તે શિક્ષા નહીં કરે, પણ ઈશ્વર ન્યાયી છે. એટલે તેમણે જે કહ્યું તે મુજબ લોતની પત્નીને શિક્ષા કરી.

**ખાલી જગ્યા પૂરો :**

1. લોત અને ઈબ્રાહિમ અલગ કેમ પડ્યા અને લોતે સદોમ કેમ પસંદ કર્યું ?..............................
2. ઈશ્વરે લોત અને તેના કુટુંબને બચાવ્યું, કારણકે........................................
3. ઈશ્વરે લોતને એક નિયમ આપ્યો કે ............................................
4. લોતની પત્નીને શા માટે શિક્ષા થઈ અને કેવી રીતે ? ....................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 3
# ઈસહાક અને રિબકા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 24:1-67

**પાઠનો ઉદ્દેશ :** એવું શીખવો કે સાચા અને પૂરા મનથી કરેલી પ્રાર્થના ઈશ્વર સાંભળે છે અને ઉત્તર આપે છે.

**પાઠનું આયોજન**

**ઈસહાક અને રિબકાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચન 15:29

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈબ્રાહિમ ચાકરને મોકલે છે :

સારાના મરણ પછી ઈબ્રાહિમે નક્કી કર્યું કે તેના પુત્ર ઈસહાકનું લગ્ન તેના જ સમાજની એક છોકરી સાથે કરવા. તે ઈચ્છતો ન હતો કે ઈસહાકના લગ્ન કનાન દેશની કોઈપણ છોકરી સાથે થાય. તેણે પોતાના ચાકરને કહ્યું કે તું મારા દેશમાં જા અને મારા દીકરા ઈસહાક માટે કન્યા લઈ આવ. ઈબ્રાહિમે તેના સેવકને સમ ખવડાવ્યા કે તારે કેવળ મારી જન્મભૂમિની જ કન્યા લાવવી. ચાકરે આજ્ઞાનું પાલન કર્યું અને ઈબ્રાહિમના કહેવા મુજબ કરવાનો નિર્ણય કર્યો. ચાકર દસ ઊંટ, મોંઘી વસ્તુઓ અને સારા ઈનામો ઊંટ ઉપર લાદીને બીજા કેટલાક ચાકરોને સાથે લઈને ઈબ્રાહિમના દેશ તરફ જવા નીકળ્યો. માર્ગમાં તેણે પ્રાર્થના કરી કે ઈશ્વર મારું કામ સફળ કરજે. તેણે ઈશ્વરને કહ્યું કે હું નગરની પાસે પહોંચું ત્યારે જે દીકરીઓ કૂવે પણી ભરવા આવે ત્યારે હું પાણી માંગીશ અને જે દીકરી એમ કહે કે તમે પાણી પીવો અને તમારા ઊંટોને પણ પાવ; તો તે જ કન્યા ઈસહાકને સારું પત્ની થવા હું પસંદ કરીશ. તેણે વિશ્વાસ રાખ્યો કે ઈબ્રાહિમનો દેવ મને સફળ કરશે.

### પ્રાર્થના સંભળાઈ :

ચાકર પ્રાર્થના કરતો હતો એટલામાં ગામની દીકરીઓ પાણી ભરવા માટે આવી. એટલે ચાકરે તેમાંથી રિબકા નામની છોકરી પાસે પાણી માંગ્યું તે કુમારિકા હતી અને દેખાવડી હતી. તેણે કહ્યું કે મારા મુરબ્બી પાણી લો અને તમારા ઊંટોને પણ હું પાઈશ. આ સાંભળીને ચાકરે ઈશ્વરનો આભાર માન્યો. અને તેની પાસે જે વસ્તુઓ હતી તેમાંથી નાકની નથણી અને હાથની બે બંગડીઓ તેને આપી. તેણે પૂછ્યું કે મારે સારું

મારા ચાકરોને સારું અને ઊંટોને સારું રહેવા માટે કંઈક જગ્યા છે ખરી ? રિબકાએ કહ્યું કે હા છે અને તેમને પોતાને ઘરે લઈ ગઈ. જ્યારે તેના ભાઈ લાબાને બક્ષિશો જોઈ ત્યારે તે તેઓને મળવાને સામે દોડ્યો અને ઘરે તેડી લાવ્યો. પછી ચાકરે બધી વાત કરી. અને તેના માલિક ઈબ્રાહિમ વિશે પણ કહ્યું અને હું કયા હેતુથી નીકળ્યો છું તે પણ કહ્યું. બીજા દિવસે સવારે પાછા ફરવા માટે ચાકરે તૈયારી કરી. પરંતુ છોકરીના મા-બાપે આગ્રહ કર્યો કે, દીકરીએ હજુ દસ દિવસ અહીં રહેવું જોઈએ. પરંતુ રિબકાએ કહ્યું કે હું તેમની સાથે જઈશ. તેથી ચાકર અને તેની સાથે ગયેલા બીજા ચાકરો બધા જ દીકરીને લઈને ઈબ્રાહિમ પાસે પાછા આવ્યાં. રસ્તામાં દૂરથી ઈસહાકે રિબકાને જોઈ અને ઈસહાક રિબકાને તેના તંબૂમાં લઈ ગયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈબ્રાહિમે તેના ચાકરને શું કહ્યું ? ..............................................
2. ચાકરે ઈશ્વરને પ્રાર્થના કરી કે ..............................................
3. શું ઈશ્વરે પ્રાર્થના સાંભળી અને પછી ચાકરે શું કર્યું ? ..............................................
4. રિબકાએ તેના મા-બાપને કહ્યું કે ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 4

# યાકૂબ યાબ્બોકમાં

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 32:22 – 33:17

**પાઠનો ઉદ્દેશ :** આપણા પ્રશ્નો આપણે ઈશ્વરની આગળ રજૂ કરવા જોઈએ.

**પાઠનું આયોજન**

**યાકૂબ યાબ્બોકમાં તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 15:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### એસાવને મળવાની યાકૂબની યોજના :

યાકૂબે એસાવને દગો કર્યો હતો, તેથી તે ભાગીને તેના મામાના ઘરે જતો રહ્યો હતો. હવે તે તેના જન્મસ્થળ પર પાછો આવી રહ્યો હતો. પણ તેને બીક હતી કે એસાવ કંઈક કરશે. જેમ જેમ તે કનાનની વધારે નજીક આવી રહ્યો હતો; તેણે એના ચાકરોને આગળ મોકલીને એસાવ વિશે જાણકારી મેળવવા યોજના બનાવી. તેના ચાકરોએ ખબર કાઢીને જણાવ્યું કે, એસાવ 400 પુરુષોને લઈને આવી રહ્યો છે, આ સાંભળીને યાકૂબ વધારે ગભરાયો. તેણે વિચાર્યું કે એસાવ મને અને મારા કુટુંબને મારવા માટે આવી રહ્યો છે. તેને ચિંતા થઈ કે આ બધાનું રક્ષણ કેવી રીતે કરવું. તેણે પોતાના ચાકરોને સૂચના આપી કે, બધા જ પ્રાણીઓ વગેરેને બે વિભાગમાં વહેંચી દો. તેમાંથી પહેલો ભાગ યાકૂબ અને તેના કુટુંબને મળવા માટે આગળ જાય, અને બીજો ભાગ પાછળથી આવશે. તેના મનમાં એમ હતું કે એસાવ ગુસ્સે થઈને જીદ કરે તો આગળનો સમૂહ કદાચ મરી જાય તો તે સમાચાર મને મળશે. અને હું અને મારું કુટુંબ અને જેઓ પાછળના ટોળામાં છે તે ચેતીને ભાગી જાય અને બચી જાય એટલો સમય રહેશે. બધા જ પ્રાણીઓને બે ભાગમાં વહેંચ્યા પછી યાકૂબે ઈશ્વરને પ્રાર્થના કરી કે એસાવથી મારું રક્ષણ કરજો. તેણે ચાકરોને કહ્યું કે તમે આગળ જઈને એસાવને કહેજો કે આ બધા પશુઓ તને ભેટ આપવા માટે યાકૂબે મોકલ્યા છે અને યાકૂબ પાછળ આવી રહ્યો છે.

### યાકૂબનું મલ્લયુધ :

પ્રાણીઓને બે ભાગમાં વહેંચ્યા છતાં તે ઊંઘી શક્યો નહીં. તે ઊઠ્યો અને તેની પત્ની અને બાળકોને પણ ઉઠાડ્યાં, અને તેમને યાબ્બોકનાં નાળાને પેલે પાર મોકલ્યાં. પણ તે પોતે ત્યાં જ રોકાઈ ગયો અને યાકૂબ ત્યાં આરામ કરી રહ્યો હતો, અને અચાનક જ પુરુષનાં આકારની કોઈ વ્યક્તિ ત્યાં આવી ચઢી અને તની સાથે યુદ્ધ કરવા લાગી. તેઓએ આખી રાત મલ્લયુદ્ધ કર્યું. અરુણોદય થયો ત્યારે પેલો માણસ યાકૂબની જાંઘના સાંધાને અડક્યો એટલે, એટલો ભાગ ઉતરી ગયો અને યાકૂબને ખૂબ જ પીડા થઈ. આ માણસ ઈશ્વરનો દૂત હતો. પછી પેલા માણસે (દૂતે) યાકૂબને જવા માટે કહ્યું પણ યાકૂબે ના પાડી. યાકૂબે જવાબ આપ્યો કે તું મને આશીર્વાદ ન આપ ત્યાં સુધી હું તને અહીંથી જવા દઈશ નહીં. પેલા માણસે (દૂતે) યાકૂબને તેનું નામ પૂછ્યું. અને પછી કહ્યું કે તારું નામ હવેથી યાકૂબ નહીં પણ ઈસ્રાએલ કહેવાશે. યાકૂબનો અર્થ છેતરનાર થાય છે. આ રીતે ઈશ્વરે યાકૂબને આશીર્વાદ આપ્યો. યાકૂબે તે સ્થળનું નામ પનીએલ પાડ્યું જેનો અર્થ એ છે કે મેં દેવને મોંઢામોંઢ જોયો છે. અને છતાં તેના વિશે જણાવવા જીવું છું. યાકૂબ આખી રાત ઊંઘ્યો ન હતો. અને પગમાં દુઃખાવો હતો. પણ તેની તેણે દરકાર કરી નહીં. તેની પાસે ખૂબ જ હિંમત હતી. કારણકે તેને ખબર પડી કે ઈશ્વર ખરેખર તેની સાથે છે.

### એસાવ સાથે તેની મુલાકાત :

યાકૂબે દૂરથી જોયું કે એસાવ અને તેનાં 400 માણસો તેની તરફ આવી રહ્યા છે. તેણે તેના પૌત્ર પ્રપૌત્ર અને પૌત્રીઓને ચાર ભાગમાં વહેંચી દીધાં. બાળકોની માતાઓને જે તે સમૂહમાં મૂકી પછી યાકૂબ દોડીને એસાવને મળવા આગળ વધ્યો. જતાં જતાં તે સાત વખત નમીને એસાવનું અભિવાદન કરે છે. ત્યાર પછી તે બન્ને એકબીજાને ભેટ્યા અને યાકૂબે પોતાના કુટુંબની ઓળખાણ એસાવને આપી. યાકૂબે ઘણી બધી ભેટો પણ આપી. પણ એસાવે કહ્યું કે મારી પાસે પૂરતું છે. તેથી હું લઈશ નહીં. પણ યાકૂબે આગ્રહ કર્યો તેથી એસાવે તે સ્વીકાર્યું. યાકૂબે એસાવ વિશે જે વિચાર્યું હતું તેના કરતાં જુદો જ એસાવને જોયો. બન્ને જણ આનંદથી ભેગા થયાં.

### ખાલી જગ્યા પૂરો :

1. યાકૂબને શા માટે ચિંતા થઈ? ..........................................................
2. યાબ્બોકનાં નાળા પાસે શું બન્યું? ..........................................................
3. યાકૂબનાં જીવનમાં કયા ફેરફાર થયાં? ..........................................................
4. યાકૂબ એસાવને મળ્યો ત્યારે શું થયું? ..........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

### જીવનમાં લાગુકરણ

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 5

# હારુન અને તેના દીકરાઓ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 4:10-17, 4:27-31, 28-29, ગણના 16-17

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર તેના લોકને પસંદ કરે છે અને રક્ષણ કરે છે તે શીખવો.

**પાઠનું આયોજન**

**હારુન અને તેના દીકરાઓની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયાહ 1:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### મદદનીશ તરીકે હારુનનું તેડું :

મૂસા જ્યારે બળતા ઝાડવા પાસે હતો ત્યારે, ઈશ્વરે તેને કહ્યું કે તું જઈને ઈસ્રાએલીઓને મિસરમાંથી છોડાવી લાવ. પરંતુ મૂસાએ એમ કહીને ઈનકાર કર્યો કે આ કામ કરવા માટે હું યોગ્ય નથી તેવો વિચાર મને આવે છે. એટલે ઈશ્વરે ત્રણ નિશાનીઓ ફારુન આગળ કરવા માટે બતાવી. જે દ્વારા એ સાબિત થાય કે ઈશ્વરની હાજરી મૂસાની સાથે છે. આ નિશાનીઓ આ મુજબ છે - તેની લાકડીનો સાપ બની જવો, હાથ કોઢીલો થઈ જવો અને નાઈલ નદીનું પાણી રક્ત થઈ જવું. હજુ પણ મૂસાએ જવાની ના પાડી તેથી ઈશ્વર તેના પર ગુસ્સે થયાં. મૂસાએ કહ્યું કે હું સ્પષ્ટ બોલી શકતો નથી. તેથી હું જવા માંગતો નથી. હજુ પણ ઈશ્વરે મૂસાનું કહેવું સાંભળ્યું અને તેને એક મદદનીશ આપ્યો, જેનું નામ હારુન હતું. ઈશ્વર મૂસા સાથે વાત કરે, અને તે બધા શબ્દો હારુન મુસા વતી ફારુન આગળ કહે. આ રીતે હારુન માટે મૂસા ઈશ્વરની જગ્યાએ થયો. તેઓ બન્ને સિનાઈના અરણ્યમાં એકઠા થયાં એટલે દેવના પર્વત પર બન્ને મળ્યાં. બન્ને જણ સાથે કામ કરવા માટે ખુશ હતાં અને એકબીજને ઉત્તેજન આપતાં.

### હારુન અને તેના દીકરાઓ યાજક તરીકે નિમાયા :

કેટલાક સમય પછી ઈશ્વરે હારુનને અને તેના ચાર દીકરાઓને ઈશ્વરની સેવા કરવા માટે યાજકો તરીકે પસંદ કર્યા. તેના ચાર દીકરાઓ એટલે નાદાબ, અબીહૂ, એલીયાઝર અને ઈથામાર. આવા યાજકોની જરૂર હતી. જેથી તેઓ મુલાકાતમંડપમાં સેવા આપી શકે. મુલાકાતમંડપ એવી જગ્યા હતી જ્યાં ઈશ્વરનું ગૌરવ ઉતરી આવતું હતું. અને એ રીતે ઈશ્વર તેઓની મુલાકાત કરતાં. આ યાજકો સિવાય બીજું કોઈ

પવિત્ર અને પરમ પવિત્ર સ્થાનમાં બલિદાનો ચઢાવવા જઈ શકતા નહીં. બલિદાનો ચઢાવવાથી પાપોની માફી મળતી અને ઈશ્વરનો આશીર્વાદ પણ મળતો. યાજકોને માટે ખાસ પ્રકારનાં વસ્ત્રો તૈયાર કરવામાં આવતાં તે પહેરીને તેઓ અંદર જતા. આ વસ્ત્રો ખૂબ જ સુંદર હતાં. અને તેના રંગો સોનેરી, વાદળી અને જાંબુડા વગેરે રંગના હતાં. હારુન અને તેનાં દીકરાઓએ એક ઘેટા ઉપર તેમનાં હાથ મૂક્યા ત્યાર પછી તે ઘેટાંને કાપવામાં આવ્યો. અને તેનું રક્ત તેમના શરીરના અલગ અલગ ભાગો પર લગાડવામાં આવ્યું. જેથી તેઓ ઈશ્વરના કાર્યને માટે અલગ નિમાયાં. આ રીતે હારુન અને તેના વંશજોએ ઈશ્વરની સેવાનું કાર્ય કરવાનું ચાલુ રાખ્યું.

**હારુનની લાકડીને કળી ફૂટી :**

કોરાહ, હાથાન અને અબીરામ દલીલ કરવા લાગ્યા કે શા માટે મૂસા અને હારુન એ બે જણ જ ઈશ્વરની સેવા માટે પસંદ થયાં. તેઓને તેમની ઈર્ષા આવી. અને તેઓએ કહ્યું કે આ બે જણ જ નહીં પણ આપણે બધાં પણ પવિત્ર છીએ. તેઓ પણ ઈશ્વરની આગળ સેવા કરવાનું ઈચ્છતા હતા. ઈશ્વરે તેઓને શિક્ષા કરી એટલે જમીન ફાટી ગઈ અને આ બધા જ અને બીજા ઈસ્રાએલીઓ જીવતા જ જમીનની ફાટમાં ઉતરી ગયાં અને મરણ પામ્યાં. પછી ઈશ્વરે મરકી મોકલી પરંતુ હારુન મુલાકાત મંડપમાં જઈને પ્રાર્થના કરવા લાગ્યો તેથી મરકી બંધ થઈ. ત્યાર પછી ઈશ્વરે તેઓને કહ્યું કે ઈસ્રાએલના 12 આગેવાનોને નામે દરેકની એક એવી ૧૨ લાકડીઓ લો. તેમાં એક હારુનની હોય અને તેને મુલાકાત મંડપમાં મૂકો. બીજા દિવસે હારુનની લાકડીને કળી ફૂટવા લાગી અને પાકી બદામો બેઠી. આ ચમત્કારથી સાબિત થયું કે, ઈશ્વરે હારુનને પસંદ કર્યો છે તેથી હવે કોઈએ ફરીથી ફરિયાદ કરવી નહીં. આ બનાવ યાદ રાખવા માટે હારુનની કળી ફૂટેલી લાકડીને મુલાકાતમંડપમાં કાયમ રાખવામાં આવી.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈશ્વરે મૂસાને જવા માટે કેવી રીતે ઉત્તેજન આપ્યું? ..................................................
2. પસંદ કરાયેલા યાજકોએ કઈ સેવા કરવાની હતી? ..................................................
3. બંડ કરવામાં આવ્યો કારણકે..................................................
4. ઈશ્વરે હારુનને પસંદ કર્યો છે તે સાબિત કરવા ઈશ્વરે .................................... કર્યું.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 6

# દસ આજ્ઞાઓ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 19-20

**પાઠનો ઉદ્દેશ :** એવું શીખવો કે ઈશ્વર પવિત્ર છે અને પોતાના લોકો પવિત્ર બને તેવું તે ઈચ્છે છે.

**પાઠનું આયોજન**

**દસ આજ્ઞાઓની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** લેવીય 11:45

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**મૂસા સિનાઈ પર્વત પર :**

લાલ સમુદ્ર પાર કર્યા પછી ઈસ્રાએલીઓ આગળ વધ્યા અને સિનાઈના અરણ્યમાં પહોંચ્યા અને એક પર્વત પાસે છાવણી કરી. હજુ સુધી ઈસ્રાએલીઓ પાસે કોઈ નિયમ કે કરારો હતા નહીં, જેનું તેઓ પાલન કરે. તેથી ઈશ્વરે નક્કી કર્યું કે તેઓ સદાકાળને માટે પાળે તેવા નિયમો બનાવવા. ઈશ્વરની ઈચ્છા હતી કે આ નિયમો તેઓ પૂરેપૂરા પાળે. જેથી તેઓ ઈશ્વરની પસંદ કરેલી ખાસ પ્રજા ગણાય. તેમજ રાજમાન્ય યાજકવર્ગ ગણાય. જ્યારે મૂસાએ આ બાબત લોકોને જણાવી ત્યારે તેઓએ કહ્યું કે ઈશ્વર જે નિયમો આપશે તેને અમે પૂરેપૂરા પાળીશું. પછી ઈશ્વરે એકલા મૂસાને પર્વતની ટોચ પર આવવા કહ્યું. અને ત્યાં ઈશ્વરે મૂસા સાથે 40 દિવસ અને 40 રાત વાતચીત કરી. ઈશ્વરની હાજરી પર્વતની ટોચ ઉપર ગાઢ વાદળની જેમ ઉતરી આવી અને ઈશ્વરની વાણી સ્પષ્ટ સંભળાવવા લાગી. લોકોએ પોતાના વસ્ત્રો ધોઈને પોતાને અર્પણ માટે તૈયાર કરવાનાં હતાં. વળી, કોઈપણ વ્યક્તિએ તે પર્વતની નજીક પણ જવાનું ન હતું. કારણકે તે પવિત્ર પર્વત હતો. પ્રાણીઓએ પણ તે હદ ઓળંગવાની ન હતી. આ એટલા માટે થયું કારણકે ઈશ્વર પવિત્ર છે. પછી ઈશ્વર અગ્નિ દ્વારા નીચે ઉતર્યા. અને પર્વત હાલ્યો અને મોટી ગર્જના જેવો અવાજ થયો.

**આજ્ઞાઓ આપવામાં આવી :**

નીચેની 10 આજ્ઞાઓ ઈશ્વરે મૂસાને આપી :

1. મારા સિવાય તમારે બીજા કોઈ દેવ ન હોય.

2. તમારે કોઈ મૂર્તિ બનાવવી નહીં કે તેની આગળ નમવું નહીં.

3. તમારા દેવ યહોવાનું નામ તમારે વ્યર્થ લેવું નહીં.

4. સાબ્બાથ દિનને પવિત્ર પાળવાનું યાદ રાખો.

5. તારા માતા અને પિતાનું સન્માન કર.

6. તારે ખૂન કરવું નહીં.

7. તારે વ્યભિચાર કરવો નહીં.

8. તારે ચોરી કરવી નહીં.

9. તારા પડોશીની વિરુદ્ધ તારે જૂઠી સાક્ષી પૂરવી નહીં.

10. તારા પડોશીનું જે કંઈ છે તેમાંથી કશા પર લોભ કરવો નહીં.

ઈશ્વરે આ આજ્ઞાઓ બે પથ્થરની શિલાપાટીઓ પર લખીને મૂસાને આપી અને મૂસાએ તે આજ્ઞાઓ ઈસ્રાએલીઓને આપી. મૂસાએ કહ્યું કે ઈશ્વર તરફથી આશીર્વાદ મેળવવા માટે આ આજ્ઞાઓ પાળવી જરૂરી છે. તેઓને કહેવામાં આવ્યું કે આ પાળવાથી અને આધીન થવાથી તેમનાં પર અને તેમનાં વંશજો પર પેઢી દરપેઢી આશીર્વાદો ઉતરી આવશે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓને આજ્ઞાઓ આપવાનું ઈશ્વરે શા માટે નક્કી કર્યું? ....................................
2. ઈશ્વર મૂસાની સાથે વાત કરવાનાં હતાં ત્યારે ઈસ્રાએલ લોકોએ શું કરવાનું હતું? ......................
3. ઈશ્વરે કઈ આજ્ઞાઓ આપી? ..........................................................................
4. મૂસાએ ઈસ્રાએલીઓને શું કરવાની આજ્ઞા કરી? ...............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ...................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 7
# મરિયમ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 2:1-10, 15:20-21, ગણના 20:1

**પાઠનો ઉદ્દેશ :** જીવનમાં સાચું વલણ કેળવવા શીખવો.

**પાઠનું આયોજન**

**મરિયમની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચન 14:30

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**સંભાળ લેનાર બહેન :**

મૂસાના જન્મ વખતે મિસરના રાજાએ આજ્ઞા કરી કે દરેક નર બાળકને મારી નાખવું. મૂસાનાં મા-બાપે જોયું કે આપણું બાળક મૂસા ખૂબ જ સુંદર છે. તેથી રાજા તેને મારી ન નાખે તેવું કરીએ. તેથી ગમે તેમ કરીને તેઓએ તેને ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો. ત્યારપછી વધુ સમય બાળકને સંતાડવું મુશ્કેલ હતું. તેઓએ નક્કી કર્યું કે બાળ મૂસાને એક ટોપલીમાં મૂકીને નદીમાં તરતો મૂકી દેવો. નદીના કિનારા પર ઊંચું ઘાસ ઊગેલું હતું. તેમાં આ ટોપલીને સંતાડી દીધી. બાળકની મોટી બહેન મરિયમને મા-બાપે સૂચના આપી કે, તું બાળકનું ધ્યાન રાખજે કે આ ટોપલીનું શું થાય છે. મરિયમ પણ તેનાં ભાઈને ખૂબ જ ચાહતી હતી. થોડા સમય પછી ફારુનની દીકરી આજ નદીએ નહાવા આવી અને તેની નજરે આ ટોપલી પડી. તેણે જોયું કે ટોપલીમાંનું નર બાળક ખૂબ જ સુંદર છે. અને તે તેને ગમી ગયું તેથી તેને પોતાનું સંતાન બનાવવા ઘરે લઈ ગઈ. મરિયમે આ બધું જોયું અને હિંમત કરીને રાજકુમારી પાસે ગઈ અને વાતચીત કરી. તેણે રાજકુમારીને પૂછ્યું કે, આ બાળકનું જતન કરવા માટે તમારે કોઈ બહેનની જરૂર છે ? જ્યારે રાજકુમારીએ હા પાડી ત્યારે તે જઈને તેની પોતાની માતાને તેડી ગઈ. અને મૂસા મોટો થયો ત્યાં સુધી તેણે તેની સંભાળ લીધી. આ રીતે મૂસાની માતાએ મૂસાને સાચવ્યો. અને તેને માટે તેને વેતન પણ મળ્યું. આ બધું થઈ શક્યું કારણકે મરિયમ હોંશિયાર હતી. અને તેનાં ભાઈનાં માટે તેને હેત હતું. આમ આપણે આપણાં ભાઈઓ અને બહેનોને પ્રેમ કરીએ તે જરૂરી છે અને સલાહ ભરેલું છે.

**પ્રખ્યાત પ્રબોધિકા :**

જયારે મૂસા લોકોને મિસરમાંથી છોડાવી લાવ્યો; પછી તેઓએ લાલ સમુદ્ર ઓળંગવાનો હતો. શું તમે આ જાણો છો ? ઈશ્વરે મોટો ચમત્કાર કર્યો અને ઈસ્રાએલીઓ કોરી ભૂમિ પર થઈને પેલે પાર ગયાં અને ઈશ્વરે ફારુન અને તેનાં સૈન્યને સમુદ્રમાં ડૂબાડીને મારી નાખ્યું. આને લીધે ઈસ્રાએલ લોકો ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યાં અને આનંદ કરવા લાગ્યાં. મરિયમે બધી જ બહેનોને એકઠી કરીને ગીતો દ્વારા પ્રભુની સ્તુતિ કરી. તેણે ખંજરી વગાડી અને નાચગાન કરીને ઈશ્વરની સ્તુતિ કરી. તેણે લોકોને સ્તુતિમાં આગેવાની આપી. તે આગેવાન થઈ. અને ઈશ્વરે તેનો ઉપયોગ કર્યો. તે 90 વર્ષની થઈ ત્યારે પણ ઈશ્વરની સેવા પૂરી શક્તિથી કરતી હતી. ઈશ્વર કોઈપણ વ્યક્તિને, પુરુષ કે સ્ત્રીને તેનાં મહિમા માટે વાપરે છે. જે કોઈ વ્યક્તિ, પુરુષ કે સ્ત્રી ઈશ્વરને આધીન થાય અને ઈશ્વરની સેવા કરવા આગળ આવે, તેને ઈશ્વર વાપરે છે.

**મરિયમનું બંડ અને મરણ :**

મિદ્યાનના યાજક ઈથ્રોની દીકરી સિપોરાહ મૂસાની પત્ની હતી. તે ઈસ્રાએલી ન હતી. તે મૂસા અને તેના દીકરાઓની સાથે રહેતી હતી. પરંતુ મૂસાની પત્ની મરિયમને ગમતી ન હતી. પાછળથી મરિયમ અને તેનાં ભાઈ હારુને મૂસાની વિરુદ્ધ બંડ કર્યું. તેઓએ કહ્યું કે "શું ઈશ્વર કેવળ મૂસા દ્વારા જ બોલે છે ? શું તે અમારી મારફતે પણ બોલ્યા નથી ?" તેઓએ આવું એટલા માટે કહ્યું કારણકે મૂસા ખૂબ જ આગળ વધ્યો હતો; તેની તેમને અદેખાઈ હતી. આથી ઈશ્વર નારાજ થયા અને તેમણે મૂસાનો બચાવ કર્યો. ઈશ્વરે કહ્યું કે "ઈસ્રાએલનાં બધા જ લોકો ઉપર મેં મૂસાને આગેવાન ઠરાવ્યો છે. હું તેની સાથે મોંઢામોંઢ વાત કરું છું. તો પછી તમે મારા સેવક મૂસાની વિરુદ્ધ બોલવાની હિંમત કેમ કરી ?" તરત જ મરિયમનો ન્યાય ઈશ્વરે કર્યો અને તે કોઢીલી બની ગઈ. મૂસાએ મરિયમ માટે માફી માંગતી પ્રાર્થના ઈશ્વર આગળ કરી અને ઈશ્વરને વિનંતી કરી કે તેને સાજી કરવામાં આવે. પણ મરિયમ પૂરેપૂરી સાજી ન થાય ત્યાં સુધી એટલે સાત દિવસ સુધી તણે તંબૂની બહાર રહેવું પડ્યું. મરિયમ 130 વર્ષની ઉંમરની થઈને કાદેશમાં મરણ પામી.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓએ ઈશ્વરની સ્તુતિ અને આનંદ કરવાનું શા માટે શરૂ કર્યું?..............................
2. મરિયમે શું કરવાનું શરૂ કર્યું?..................................................
3. હારુન અને મરિયમે મૂસાની વિરુદ્ધ બંડ કર્યું, કારણકે..................................
4. મરિયમને શું થયું? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 8

# મુલાકાતમંડપ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 35-40

**પાઠનો ઉદ્દેશ :** "મુલાકાતમંડપ" એ શબ્દની સમજ આપો - ઈશ્વરે ભજન કરવા માટે આ જગ્યા તૈયાર કરાવી હતી.

**પાઠનું આયોજન**

**મુલાકાતમંડપની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયાહ 12:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

#### બનાવવાનું કારણ :

જ્યારે મૂસા ફારુનની પાસે ગયો ત્યારે તેણે ફારુનને જણાવ્યું કે ઈસ્રાએલીઓને રજા આપ કે જેથી તેઓ જઈને તેમના દેવ યહોવાને સારું બલિદાનો ચઢાવે અને ભજન કરે. આ હેતુ માટે જ તેઓ મિસરમાંથી બહાર આવ્યા હતા અને ઈશ્વર ઈચ્છતા હતા કે તેઓ બીજી પ્રજાઓથી અલગ થાય અને પવિત્ર પ્રજા અને અલગ રાષ્ટ્ર બનીને દેવનો મહિમા પ્રગટ કરે. તેઓ અરણ્યમાં એક સ્થળેથી બીજા સ્થળે ફરતા હતા પણ તેઓને સારું ભજન કરવાનું ચોક્કસ સ્થળ ન હતું. આજે આપણી પાસે ભજન સ્થાનો છે પણ તે વખતે તેઓને પાસે એકે ન હતું. તેથી દેવે મૂસાને મુલાકાતમંડપ બનાવવાનું કહ્યું, જે નરી આંખે જોઈ શકાય તેવું ભજન કરવાનું પવિત્ર સ્થાન હોય. આ મુલાકાતમંડપ તંબૂના જેવું બાંધકામ હતું જેમાં દેવની હાજરી રહેતી હતી.

#### ઈશ્વરે આપેલ વિગતવાર સૂચનાઓ :

ઈશ્વરે કેવળ મુલાકાતમંડપ બનાવવાનું કહ્યું એટલું જ નહીં પણ એમ પણ જણાવ્યું કે તે કોણ બનાવશે અને કેવી રીતે બનાવશે. ઈશ્વરે મુલાકાત મંડપની આકૃતિ તેનો દેખાવ અને ચોક્કસ માપ એ બધું ખૂબ જ સ્પષ્ટ રીતે બતાવ્યું. આ સમગ્ર રૂપરેખા ઈશ્વરે મૂસાને સિનાઈ પર્વત પર દેખાડી. આ મુલાકાતમંડપ કોણે બનાવ્યો ? ઈશ્વરે આ કામને માટે બઝાલએલ તથા આહોલીઆબ (નિર્ગમન 36:1)ને પસંદ કર્યા જેઓને ઈશ્વરે ખાસ

પ્રકારની કુનેહ આપી હતી અને દરેક પ્રકારનું કલાત્મક કામ કરવા માટે તેઓમાં વિશિષ્ટ જ્ઞાન અને આવડત હતાં. કિંમતી ઝવેરાતોને કાપીને અને માપની કોતરીને યોગ્ય આકારની ડિઝાઈન ઉપજાવી, જે તે સ્થાને બેસાડવા માટે તેઓ ચપળ હતા. લાકડાંની પણ તેઓ કોતરણી કરતા. કઈ ધાતુઓ અને વસ્તુઓ વાપરવામાં આવી ? અકીકનું લાકડું, ચોખ્ખું સોનું, ચાંદી, પિત્તળ, સુંદર કાપડ, ઝીણું કાંતેલું શણ નીલ તથા જાંબુડા તથા કિરમજી રંગના પડદા, મેંઢાના ચામડા, સીલ માછલીનું ચામડું અને બકરાંના વાળ.

**બાંધકામ :**

સમગ્ર મુલાકાત મંડપને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. આંગણું, પવિત્ર સ્થાન અને પરમ પવિત્ર સ્થાન. જે યાજકો હતા તે જ પવિત્ર અને પરમ પવિત્ર સ્થાનમાં જતા. જ્યારે લોકો આંગણામાં ઊભા રહેતા. ઈશ્વરના બતાવ્યા મુજબ મુલાકાતમંડપનું સઘળું કામ મૂસાએ પૂરું કર્યું એટલે એક વાદળ આવીને મંડપ પર છવાઈ ગયું અને ચળકતા પ્રકાશરૂપે યહોવાની હાજરીથી મંડપ ભરાઈ ગયો. આ રીતે ઈસ્રાએલીઓને ભજન કરવાનું સ્થાન મળ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓને ભજન સ્થાનની જરૂર કેમ પડી ?..........................................
2. મુલાકાત મંડપ કોના દ્વારા બનાવવામાં આવ્યો ?..........................................
3. તે માટે કઈ કઈ વસ્તુ વાપરવામાં આવી ?..........................................
4. મુલાકાત મંડપના ત્રણ ભાગ હતા જે કયા કયા ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 9

# આખાનનું પાપ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યહોશુઆ 7:1-26

**પાઠનો ઉદ્દેશ :** જેઓ ઈશ્વરની આજ્ઞાઓ ઉથાપે છે તેઓને ઈશ્વર શિક્ષા કરે છે તે શીખવો.

**પાઠનું આયોજન**

**આખાનનું પાપ તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયાહ 17:10

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈશ્વરે આપેલ સૂચનાઓ :

ઈસ્રાએલીઓ અનેક યુદ્ધો જીતી રહ્યા હતા, અને તેમની આજુબાજુની અન્ય પ્રજાઓ ઈસ્રાએલીઓથી ગભરાતી હતી, કેમકે ઈસ્રાએલીઓનો દેવ વિજય અપાવતો હતો. ઈશ્વરે તેઓને કડક સૂચના આપી હતી કે જયારે તેઓ નવી ભૂમિ જીતે ત્યારે તેમાંનું સઘળું નાશ કરવું. જે નગરને જીતવામાં આવ્યું હોય તેની સાથે જોડાયેલી કે તેને ભાગરૂપ જે વસ્તુઓ હોય તેમાંથી કશું જ તેઓએ લેવું નહીં પણ નાશ કરવો તેવી આજ્ઞા ઈશ્વરે કરી હતી. લૂંટેલી વસ્તુઓનો સંપૂર્ણ સંહાર કરવાનો હતો એટલે તેમાંથી કશું જ કોઈએ પણ પોતાને સારું લેવાનું ન હતું. ઈસ્રાએલના સૈન્યમાં દરેક જણને આ આજ્ઞાની ખબર હતી. કોઈ વસ્તુ ખૂબ જ સુંદર હોય ને ખૂબ જ ઉપયોગી હોય તો પણ કોઈએ તેનો મોહ રાખવો નહીં કે લોભ કરીને લેવું નહીં. જયાં સુધી તેઓ આ આજ્ઞા પાળતા ગયા ત્યાં સુધી તેઓ એક પછી એક નગરો જીતતા ગયા અને વિજય સતત ચાલુ રહ્યો. આ રીતે તેઓ એ ઘણાબધા શૂરવીર રાજાઓને હરાવ્યા અને તેમના સામ્રાજ્યોનો પણ નાશ કર્યો.

### ઉલ્લંઘન અને નિષ્ફળતા :

જયારે તેઓ યરીખો નગરને જીતવા માટે ગયા ત્યારે આ આજ્ઞા ઉથાપવામાં આવી અને ઉલ્લંઘન કરનાર વ્યક્તિનું નામ આખાન હતું. જયારે ઈસ્રાએલીઓ યરીખો નગરનો નાશ કરી રહ્યા હતા ત્યારે આખાનને મનમાં એક યુક્તિ સૂઝી આવી કે કોઈ જુએ નહીં તેમ કંઈક સંતાડીને લઈ લેવું. તેણે કેટલીક કિંમતી ચીજવસ્તુઓ લઈને તેના તંબૂની અંદર દાટી દઈને સંતાડી દીધી. તેને ગમી ગઈ હોવાથી તેણે આ વસ્તુઓ એવું વિચારીને લીધી કે મારા કુટુંબના ફાયદા માટે તે વાપરીશ. તેણે જે કરવાનું ન હતું તે તેણે જાણી જોઈને

કર્યું. તેના ઘરમાં આ વસ્તુઓ ન હોવાથી તેને એનો લોભ લાગ્યો. આને કારણે એવું બન્યું કે ઈશ્વરનો કોપ સમગ્ર ઈસ્રાએલી પ્રજા પર સળગી ઊઠ્યો અને ઈશ્વરની હાજરી જતી રહી. ત્યાર પછી આઈ નામના નાના નગર સામે યુદ્ધ કરવા તેઓ ગયા. આ આઈનગર એટલું બધું નાનું હતું કે તેની સામે યુદ્ધ કરવા માટે માત્ર 3000 સૈનિકો પૂરતા હતા, પરંતુ ઈસ્રાએલી સૈન્ય તેમની સામે ટકી શક્યું નહીં. ૩૬ વ્યક્તિઓ મરી ગઈ અને બાકીનાઓને નગરના મુખ્ય દરવાજેથી બહાર ભગાડી મૂકવામાં આવ્યા. ભાગળ આગળથી તે છેક ઉતરવાની જગા આગળ તેમને માર્યા.

**શોધખોળ અને સજા :**

પરાજયની વાત સાંભળીને યહોશુઆને આઘાત લાગ્યો. આવું બન્યું છે તે માનવા તે તૈયાર ન થયો. તેણે પોતાના કપડાં ફાડ્યાં અને આનું શું કારણ છે તે તેણે ઈશ્વરને પૂછ્યું અને ઈશ્વરે બતાવ્યું કે તારા સાથીદારોમાંના એકે પાપ કર્યું છે. આથી યહોશુઆ ખૂબ જ ઉદાસ થયો અને ગુસ્સે પણ થયો. બીજા દિવસે સઘળા ઈસ્રાએલીઓ કુળ, જાતિ અને કુટુંબવાર એકઠા થયા કેમકે ઈશ્વરે યહોશુઆને આ પ્રમાણે કરવા જણાવ્યું હતું. ગુનેગારને શોધી કાઢવા તેમણે ચિઠ્ઠીઓ નાખી. ચિઠ્ઠી આખાનના નામની નીકળી. યહોશુઆએ આખાનની પૂછપરછ કરી તો તેણે કબૂલી લીધું કે સોનું, રૂપું અને કિંમતી વસ્ત્રો તેણે યરીખોમાંથી ચોરી લઈને તંબૂમાં સંતાડ્યા છે. આ બધી જ ચીજવસ્તુઓને બહાર લાવવામાં આવી અને આખાન અને તેનું આખું કુટુંબ, તેના ઢોરઢાંખર, તેનું સર્વ રાચરચીલું એ બધું જ આખોરની ખીણમાં લઈ જવામાં આવ્યું. લોકોએ સૌપ્રથમ તેના આખા કુટુંબને પથ્થર મારીને મારી નાખ્યું અને ત્યાર પછી બીજું બધું સળગાવી દીધું. આખાન ઉપર તેઓએ પથ્થરનો મોટો ઢગલો ઊભો કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓને દેવે કઈ આજ્ઞા કરી ?..............................................

2. આઈની સામે લડવા કેટલા માણસો ગયા અને તેઓનું શું થયું ?..............................

3. ઈશ્વરે યહોશુઆને શું કરવાનું કહ્યું ?..............................................

4. ગુનેગાર કોણ હતો અને તેણે શું ચોરી લીધું હતું અને તે ક્યાં સંતાડ્યું હતું ?....................

5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................

6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 10

# યફતા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ન્યાયાધીશો 11-12:7

**પાઠનો ઉદ્દેશ :** સમાજે જેઓને તરછોડ્યા છે તેઓનો ઉપયોગ ઈશ્વર કરે છે તે બાબત શીખવો.

**પાઠનું આયોજન**

**યફતાની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 કરિંથીઓને પત્ર 1:27-28

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**યફતાનું બાળપણ અને તેડું :**

યફતા ગિલયાદમાં રહેતો હતો. તેના પિતાનું નામ પણ ગિલયાદ હતુ. તેના પિતાની સ્ત્રીનો તે દીકરો ન હતો પણ તે એક વેશ્યાનો દીકરો હતો. આ કારણને લીધે તેના પિતાની સ્ત્રીના સંતાનો યફતાને ધિક્કારતા હતા, અને તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. તેઓ યફતાને કૌટુંબિક વારસો આપવા માંગતા ન હતા તેથી તઓએ યફતાને ઘરમાંથી કાઢી મૂક્યો. પણ યફતા ઈશ્વરનું ભય રાખનાર વ્યક્તિ હતો, તેણે ઈશ્વર પર વિશ્વાસ રાખ્યો. તે નિરાશ અને નાહિંમત ન થઈ ગયો. તે ટોબ દેશમાં જઈને ત્યાં વસ્યો જ્યાં તેણે થોડા મિત્રો બનાવ્યા અને તેઓનો તે આગેવાન બન્યો.

જ્યારે આમ્મોનપુત્રોને લીધે ઈસ્રાએલીઓ હેરાન થઈ રહ્યા હતા ત્યારે તેઓ પાસે કોઈ આગેવાન ન હતો કે જે યુદ્ધ કરી શકે. તેથી વડીલોએ એક યોજના બનાવી કે આપણે યફતાને બોલાવીએ. તેઓ ટોબ દેશમાં ગયા અને યફતાને જણાવ્યું કે તું અમારો આગેવાન બનીને આમ્મોનીઓની સામે યુદ્ધ કર. યફતાએ ઉત્તર આપ્યો કે, ‘‘મારા બાપના ઘરમાંથી શું તમે મને કાઢી મૂક્યો ન હતો ? હવે તમે સંકટમાં આવી પડ્યા ત્યારે મારી પાસે કેમ આવ્યા છો ?’’ વડીલોને તેમની ભૂલ સમજાઈ તેથી તેઓએ યફતાને વિનંતી કરી કે તે આવીને તેમનો આગેવાન બને. યફતાએ શરત મૂકી કે જો હું આવું અને યુદ્ધ જીતું તો તમારે મને તમારો આગેવાન ગણવો. તેઓએ આ શરત સ્વીકારી લીધી.

**યફતાનું યુદ્ધ :**

કેટલાક મુખ્ય માણસોને સાથે લઈને યફતા ગયો અને યફતા તેઓનો આગેવાન બન્યો. યફતા પોતાની તાકાત પર નહીં પણ દેવ પર આધાર રાખનાર વ્યક્તિ હતો. ઈસ્રાએલીઓએ પોતાની છાવણી મિસ્પાહમાં નાખી હતી. ત્યાં યફતાએ દેવની હજુરમાં સમય ગાળ્યો. આને કારણે ઈશ્વરની હાજરી તેઓની સાથે હતી અને દુશ્મનોને હરાવવાની શક્તિ તેઓને પ્રાપ્ત થઈ.

**યફતાની માનતા :**

ઈશ્વરનો આત્મા યફતા પર આવ્યો અને તેણે ઈશ્વર આગળ માનતા લીધી અને ઈશ્વરને જણાવ્યું કે, ‘‘જો તું મને આમ્મોનીઓ પર વિજય અપાવીશ તો વિજય મેળવીને હું જ્યારે પાછો આવતો હોઈશ તે સમયે જો કોઈ ઘરમાંથી નીકળીને મને પહેલું મળવા આવશે તેને હું બલિદાન તરીકે અર્પણ કરીશ.’’ યફતા વિજય મેળવીને જ્યારે તેના ઘરે પાછો ગયો ત્યારે તેની દીકરી નાચતી નાચતી અને ખંજરી વગાડતી વગાડતી યફતાને મળવા માટે અને અભિનંદન આપવા માટે આવી. યફતાની તે એકની એક દીકરી હતી. જ્યારે યફતાએ તેની દીકરીને જોઈ ત્યારે તેણે દુઃખ સાથે પોતાના વસ્ત્ર ફાડ્યાં અને કહ્યું કે, ‘‘હાય, મારી દીકરી! તેં મને છેક દીન બનાવ્યો છે, ને મને દુઃખ દેનારામાંની એક તું પણ છે; યહોવાની આગળ મેં માનતા લીધી છે; હવે મારાથી ફરી જવાય નહીં.’’ યફતા ખૂબ જ ઉદાસ થયો. પરંતુ પોતાની એકની એક દીકરીને બચાવી લેવી એના કરતાં ઈશ્વર આગળ માનેલ માનતા માનવી અને પૂરી કરવી તે તેને વધારે સારું લાગ્યું. યફતાએ માનતા પૂરી કરવાનું મુનાસીબ માન્યું, નહીં કે પોતાની દીકરીને બચાવવી. દેવની હાજરીમાં બોલવા વિશે આપણે ખૂબ જ કાળજી રાખવી જોઈએ.

**ખાલી જગ્યા પૂરો :**

1. યફતાને શા માટે પાછો બોલાવવામાં આવ્યો ?........................................
2. યફતા કેવા પ્રકારનો વ્યક્તિ હતો ?........................................
3. યફતાએ કઈ માનતા માની ?........................................
4. યફતા શા માટે દુઃખી થયો ?........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 11
# નાઓમી અને રૂથ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** રૂથ 1-4

**પાઠનો ઉદ્દેશ :** બુદ્ધિપૂર્વકના નિર્ણયો કરવા શીખવવું.

**પાઠનું આયોજન**

**નાઓમી અને રૂથની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચન 16:23

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### નાઓમી મોઆબ પહોંચી :

ઈસુના જન્મ અગાઉ ઘણા બધા વર્ષો પહેલાં બેથલેહેમમાં એક દંપતી રહેતું હતું, જેનું નામ અલીમેલેખ અને નાઓમી હતું. તેઓને બે દીકરા હતા, એકનું નામ માહલોન અને બીજાનું નામ કિલ્યોન હતું.

કેટલાક સમય પછી બેથલેહેમમાં દુકાળ પડ્યો અને તેઓની પાસે જીવન નિર્વાહ માટે કંઈ જ રહ્યું નહીં. છેવટે તેઓ મોઆબ દેશમાં રહેવા માટે ગયા જે ઈસ્રાએલથી દૂરનો દેશ છે. અલીમેલેખ બીમાર પડ્યો અને મરી ગયો. પછી માહલોન અને કિલ્યોન ઓર્પાહ અને રૂથ નામની કન્યાઓ સાથે પરણ્યા. તેઓ મોઆબમાં 10 વર્ષ રહ્યા. પછી માહલોન અને કિલ્યોન પણ બીમારીમાં મરણ પામ્યા. હવે ત્રણ વિધવા સ્ત્રીઓ બાકી રહી. તેથી નાઓમીએ બેથલેહેમમાં પાછા જવાનું નક્કી કર્યું. નાઓમીએ પોતાની બન્ને પુત્રવધુઓને કહ્યું કે તમે પોતપોતાને પિયર પાછી જાવ અને પોતાનો સંસાર માણો. પછી તેઓ ત્રણે એકબીજાને ભેટીને રડી અને એકબીજાને ચુંબન કર્યું. નાઓમીએ તેઓને પાછા પિયર જવા આગ્રહ કર્યો એટલે ઓર્પાહે નાઓમીને ચુંબન કર્યું અને પાછી પોતાને પિયર ગઈ પણ રૂથ નાઓમીને છોડીને જવા ઈચ્છતી ન હતી.

### રૂથનો નિર્ણય :

રૂથે નાઓમીને કહ્યું કે, “હું તારી સાથે જ રહીશ અને તું જ્યાં કંઈ જઈશ ત્યાં તારી સાથે જ આવીશ. હું મારા પિયર પાછી જવા માંગતી નથી અને મારા મા-બાપના દેવોની ભક્તિ કરવા માંગતી નથી. તારો દેવ

તે મારો દેવ અને તારા લોક તે મારા લોક થશે. જ્યાં તું મરશે ત્યાં હું પણ મરીશ.'' નાઓમીને ખબર પડી કે રૂથ તેના નિર્ણયમાં મક્કમ છે એટલે તે બન્ને જણ બેથલેહેમ જવા માટે ચાલી નીકળ્યા. બેથલેહેમમાં પહોંચીને તેઓએ એક નાનું ઘર ખરીદ્યું અને તેમાં રહેવા લાગ્યા. નાઓમીના સગાવહાલા અને આડોશી પાડોશીઓ તેની મુલાકાતે આવ્યા. તેઓની આગળ તેણે પોતાની સઘળી દુઃખની વાત જાહેર કરી. તેઓ બેથલેહેમમાં પહોંચ્યા તે ખેતરની કાપણીનો સમય હતો અને ઘરમાં કંઈ ખાવાનું ન હતું તેથી રૂથે ખેતરમાં જઈને અનાજનાં ડૂંડાંનો સળો કરવાનું નક્કી કર્યું. રૂથ બોઆઝ નામની વ્યક્તિના ખેતરમાં સળો કરવા માટે ગઈ. બોઆઝ ધનવાન માણસ હતો, ધાર્મિક માણસ હતો અને અલીમેલેખનો સગો હતો. બોઆઝે જોયું કે રૂથ અનાજનાં ડૂંડાંનો સળો કરી રહી છે ત્યારે તેણે તપાસ કરી તો તેને ખબર પડી કે તે સળો કરનાર સ્ત્રી તો નાઓમીની પુત્રવધુ છે. આથી બોઆઝ રૂથ પ્રત્યે માયાળુ બન્યો અને તેની મદદ કરી. અલીમેલેખનો નજીકનો સગો હોવાને નાતે, બોઆઝ રૂથને પરણવા માટે જવાબદાર હતો. રૂથના ચરિત્ર્યને લીધે તથા નાઓમીને તે આધીન હતી તેને લીધે બોઆઝને રૂથ ગમી ગઈ અને તે તેના પર હેત કરવા લાગ્યો.

**આશીર્વાદોની પ્રાપ્તિ :**

પછી બોઆઝે તેના કૌટુંબિક સગાઓને અને નામાંકિત વ્યક્તિઓને એકઠા કરીને તેઓની હાજરીમાં રૂથ સાથે લગ્ન કર્યા. આમ રૂથ અને નાઓમી બોઆઝના ઘરમાં રહેવા લાગ્યાં. સમય જતાં બોઆઝ અને રૂથને એક દીકરો જન્મ્યો, જેનું નામ ઓબેદ પાડવામાં આવ્યું. દાઉદ રાજાની તે વડી દાદી બની અને ત્યારબાદ ઘણા વર્ષો પછી તે જ કુટુંબના વારસોમાં ઈસુનો જન્મ થયો. નાઓમીના સાચા દેવની પ્રાર્થના કરવાનું નક્કી કર્યાને કારણે રૂથને આ સઘળા આશીર્વાદ મળ્યા. રૂથ ઈસ્રાએલી બની, ધનવાન બોઆઝની પત્ની બની અને ઈસુની વંશાવળીમાં ગણાઈ.

**ખાલી જગ્યા પૂરો :**

1. નાઓમીના કુટુંબમાં શું બન્યું ?.......................................................
2. રૂથે શો નિર્ણય કર્યો ?.......................................................
3. બોઆઝે રૂથ સાથે લગ્ન કર્યા, કારણકે.......................................................
4. રૂથને કયા આશીર્વાદ મળ્યા ?.......................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .......................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 12
# એસ્તરેને રાણી બનાવાઈ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** એસ્તર 1-2:1-18

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરના લોકોને ઈશ્વર રક્ષણ આપે છે અને જરૂરિયાતો પૂરી કરે છે તે શીખવો.

**પાઠનું આયોજન**

**એસ્તરને રાણી બનાવાઈ તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ચિત્રો બતાવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 15:16

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**નમ્ર શરૂઆત :**

એસ્તેર નાની હતી ત્યારે જ તેના મા-બાપ મરી ગયા તેથી એસ્તેર અનાથ બની. તેના કાકા મોર્દખાયે તેને પુત્રી તરીકે દત્તક લઈ લીધી. તેનું હેબ્રી નામ હદાસ્સાહ હતું અને તે ખૂબ જ દેખાવડી હતી. તેઓ બાબેલ પ્રાંતમાં વસતા હતા. નબૂખાદનેસ્સાર રાજા ઘણા બધા યહુદીઓને બંદીવાન બનાવીને બાબેલ દેશમાં લાવ્યો હતો. એ દિવસોમાં બાબેલોન પ્રાંત ઉપર અહાશ્વેરોશ રાજા રાજ કરતો હતો. તેના તાબામાં 127 પ્રાંત હતા. હિંદથી તે કૂશ સુધી એટલે ભારતથી ઈથોપીઆ સુધીના 127 પ્રાંત. તેની પત્ની એટલે વાસ્તી રાણી ખૂબ જ સુંદર સ્ત્રી હતી. એક વખત અહાશ્વેરેશે તેના રાજમહેલમાં મોટી ઉજાણી ગોઠવી અને રાજાએ હુકમ કર્યો કે વાસ્તી રાણીને રાજા સમક્ષ હાજર કરવામાં આવે જેથી બધા તેની સુંદરતા જોઈ શકે. બધાની સમક્ષ હાજર થવાની તેણે ના પાડી તેથી રાજા ગુસ્સે થયો અને રાજાએ વાસ્તીને રાણીપદમાંથી દૂર કરી. રાજાના સલાહકારોએ નવી રાણીની શોધ કરવાનું સૂચન કર્યું અને ઘણી બધીકુમારિકાઓમાંથી એક સુંદર કુમારિકાને નવી રાણી તરીકે શોધવાનું કાર્ય ઉપાડવામાં આવ્યું. ઢંઢેરો પીટાવવામાં આવ્યો અને ઘણી યુવાન કુમારિકાઓને રાજાના મહેલમાં એકઠી કરવામાં આવી જેમાંની એક એસ્તેર હતી.

**રાણી બનાવવામાં આવી :**

જે બધી કુમારિકાઓને રાજમહેલમાં લાવવામાં આવી તે બધીને હેગે ખોજાના હાથ નીચે અને દેખરેખ નીચે મૂકવામાં આવી. હેગે સ્ત્રીઓની દેખરેખ રાખનાર વ્યક્તિ હતો. હેગેને એસ્તેર પસંદ પડી તેથી તેણે તેને તાકીદે રાજાના ઘરમાંથી તેને જોઈએ તેવા સુગંધી દ્રવ્યો, ઉત્તમ ભોજન તથા તેના મોભા પ્રમાણે સાત

દાસીઓ આપ્યાં. વળી તેને તથા તેની દાસીઓને જનાનખાનામાં સહુથી ઉત્તમ ઓરડાઓ પણ આપ્યા. રાજાની હજુરમાં જવાનો એસ્તેરનો વારો આવ્યો ત્યારે તેને રાજાની સમક્ષ મોકલવામાં આવી. રાજાએ સર્વ સ્ત્રીઓ કરતાં એસ્તેર પર વધારે પ્રીતિ રાખી અને સર્વ કુમારિકાઓ કરતાં વધારે કૃપા તથા મહેરબાની રાખી. માટે તેને માથે રાજમુગટ પહેરાવીને વાસ્તીને ઠેકાણે તેને રાણી ઠરાવી. આ રીતે એસ્તેર એવા રાજાની રાણી બની જે એ સમયનો દુનિયાનો સૌથી મોટો રાજકર્તા હતો. ઈશ્વરે એસ્તેરને રક્ષણ આપ્યું અને જરૂરિયાતો પૂરી કરી તે આપણે અહીં જોઈ શકીએ છીએ.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઘણા બધા યહુદીઓ કેવી રીતે બાબેલમાં આવ્યા ?...................................................
2. શા માટે વાસ્તીનું રાણીપદ લઈ લેવામાં આવ્યું ?...................................................
3. નવી રાણી નીમવાનું કેવી રીતે નક્કી થયું ?...................................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 13

# સુલેમાન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 રાજા 1:1-2:4, 3:1-15

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઈશ્વર પાસેથી જ્ઞાન માંગતા શીખવો.

**પાઠનું આયોજન**

**સુલેમાનની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 1:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

#### સુલેમાનનું બાળપણ તથા રાજ્યાભિષેક :

સુલેમાન ઈસ્રાએલનો ત્રીજો રાજા હતો. તેના પિતાનું નામ દાઉદ રાજા હતું. અને માતાનું નામ બાથ-શેબા હતું. દાઉદ તેના પુત્ર સુલેમાનને ખૂબ જ ચાહતો હતો અને ઈશ્વર પણ સુલેમાન પર ખૂબ જ પ્રસન્ન હતા. દાઉદ રાજા ખૂબ જ વૃદ્ધ થયો એટલે તેણે નક્કી કર્યું કે તેના પછી તેનો દીકરો સુલેમાન તેની જગ્યાએ રાજા બને. પણ તેના મોટા ભાઈ અદોનિયાને રાજા બનવું હતું એટલે નાથાન અને બેથ-શેબા દાઉદ પાસે જઈને અદોનિયાની યોજના વિશે જાણ કરે છે. પણ તે તરત જ પોતે અગાઉ કરેલ વિચારને વળગી રહે છે અને સાદોક યાજકને બોલાવીને સુલેમાનને રાજા તરીકે અભિષેક કરાવે છે. લોકો મોટે અવાજે બોલ્યા, “ઘણુ જીવો સુલેમાન રાજા” આખું રાજ્ય જાણી ગયું કે સુલેમાનને રાજા ઠરાવવામાં આવ્યો છે. તે રાજા બન્યો ત્યારે 19 વર્ષનો હતો. દાઉદે તેના દીકરા સુલેમાનને સલાહ આપી કે જો તારે સમૃદ્ધ થવું હોય તો તું ઈશ્વરની આજ્ઞાઓ પાળજે.

#### સુલેમાનની જ્ઞાન પ્રાપ્તિ :

સુલેમાન ગિબયોનમાં ગયો અને મુખ્ય ઉચ્ચ સ્થાન પર એટલે વેદી પર 1000 દહનાર્પણ ચઢાવ્યાં. ગિબયોનમાં ઈશ્વરે રાત્રે સુલેમાનને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, “માગ, હું તને શું આપું ?” સુલેમાને ઉત્તર આપ્યો કે, “હે મારા દેવ યહોવા, તેં મને ઈસ્રાએલનો રાજા બનાવ્યો છે પણ હું તો કેવળ નાનું બાળક છું; કેમ બહાર જવું કે અંદર આવવું તે હું જાણતો નથી. મારી ફરજો કેવી રીતે અદા કરવી તેની મને ખબર નથી,

માટે મને વિવેકી હૃદય આપો કે જેથી ખરાં-ખોટાંનો ભેદ હું પારખી શકું.'' પ્રભુ પ્રસન્ન થયા કારણકે સુલેમાને ધનસંપત્તિ કે માન મોભો નહીં પણ જ્ઞાન અને ડહાપણ માંગ્યાં. તેથી ઈશ્વરે આ સઘળાં ઉપરાંત સુલેમાનને ધનસંપત્તિ અને માન પણ પુષ્કળ આપ્યું, જેથી તેના જેવો બીજો કોઈ રાજા થાય નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. દાઉદે સુલેમાનને રાજા બનાવવાની પુનઃ પુષ્ટિ કરી, કારણકે........................................
2. દાઉદે સુલેમાનને કઈ શીખામણ આપી ?..........................................................
3. સુલેમાને ઈશ્વર પાસે શું માંગ્યું ?................................................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 14
# નહેમ્યા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નહેમ્યા 1-2:1-20, 4:1-6:15

**પાઠનો ઉદ્દેશ :** હિંમતવાન બનવા અને ઈશ્વર પર ભરોસો રાખવા બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**નહેમ્યાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** પુનર્નિયમ 20:4

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### નહેમ્યાની પ્રાર્થના :

બાબેલ પ્રાંત પર રાજ કરનાર ઈરાનના રાજા આર્તાહશાસ્તાનો નહેમ્યા પાત્રવાહક હતો. સૂસા નામના શહેરમાં રાજાનો મહેલ આવેલ હતો. તે મહેલની અંદર નહેમ્યા પોતાની ફરજ બજાવતો હતો. આમ તે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવનાર વ્યક્તિ અને રાજાની ખૂબ જ નજીક રહેતો હોવાથી વગ ધરાવનાર હતો. રાજા દ્રાક્ષારસ પીવે તે પહેલાં નહેયાએ ચાખવાનો અને પછી જ રાજાને તે પીવા માટે આપતો એટલે કે નહેમ્યા રાજાનો વિશ્વાસુ માણસ હતો. આ રીતે તે પોતાનું કામ મહેલમાં કરી રહ્યો હતો અને એક દિવસ ઈસ્રાએલીઓમાંથી તેનો એક ભાઈ હનાની ખબર લઈને આવે છે કે યરૂશાલેમ શહેરના કોટને તોડી પાડવામાં આવેલો છે અને તેના દરવાજા બાળી નાખવામાં આવેલા છે. આ જાણીને નહેમ્યા ખૂબ જ દુ:ખી થયો અને તેણે ઈશ્વર આગળ પ્રાર્થના કરી. તેણે ઘણા દિવસ સુધી ઉપવાસ અને પ્રાર્થના કરી. ઈસ્રાએલ લોકોના પાપ માટે તેણે ઈશ્વર આગળ માફી માગી અને ઈશ્વરને વિનંતી કરી કે તેમના પાપ માફ કરવામાં આવે. તેણે ઈશ્વરને યાદ દેવડાવ્યું કે જો ઈસ્રાએલીઓ પાપ કબૂલ કરે તો તે માફ કરવાનું તમે વચન આપ્યું છે, અને તેઓને બચાવવાનું અને પુલકિત કરવાનું પણ વચન આપ્યું છે. તેણે વળી એ પણ પ્રાર્થના કરી કે પ્રભુ રાજાની મારા પર એવી રહેમ નજર થવા દો કે રૂશાલેમની મુલાકાતે જવાની રાજા મને રજા અને પરવાનગી આપે. આમ ઈશ્વરની આગળ તેણે તેનું હૃદય ઠાલવ્યું. આપણે જે પ્રશ્નોનો સામનો કરી રહ્યા હોઈએ તેને માટે આપણે પણ આ પ્રમાણે પ્રાર્થના કરવી જોઈએ.

**નહેમ્યા યરૂશાલેમમાં :**

હંમેશની જેમ જ નહેમ્યા પ્રાર્થના કરીને રાજાની હજુરમાં દ્રાક્ષારસ લઈને ગયો. રાજાએ જોયું કે હરહંમેશ કરતાં નહેમ્યા આજે જુદો દેખાઈ આવે છે. રાજાએ નહેમ્યાને ઉદાસ ચહેરાવાળો જોઈને એ માટેનું કારણ પૂછ્યું. નહેમ્યાએ ખચકાટ અનુભવતાં રાજાને જણાવ્યું કે કારણ એ છે કે અમારા બાપ-દાદાઓનું શહેર એટલે યરૂશાલેમ શહેર અને તેના દરવાજા બાળી નાખવામાં આવ્યા છે. રાજાએ ફરી પૂછ્યું કે તું શું ઈચ્છે છે ? નહેયાએ જવાબ આપ્યો કે હું યરૂશાલેમ જઈને તેની દિવાલો ફરીથી બાંધવા માંગું છું. આ બાબતે રાજા સહમત થઈ ગયા. રાજાએ વળી તેને પરવાનગી આપી કે દિવાલ બાંધવાનો સરસામાન પણ મળી શકે. તેથી નહેમ્યા યરૂશાલેમ ગયો અને લોકોને ઉત્તેજન આપ્યું કે તેઓ કોટ બાંધવાનું શરૂ કરે. તેણે કોટનું નિરીક્ષણ કર્યું અને જ્યાં જ્યાં નુકસાન થયું હતું તે શોધી કાઢ્યું.

**વિરોધનો સામનો :**

જ્યારે બાંધવાનું કામ શરૂ થયું ત્યારે સાન્બાલ્લાટ અને ટોબિયા તથા તેના અન્ય સાથીદારોએ નહેમ્યાનો વિરોધ કર્યો. વળી, આ કાર્ય કદી પૂરું થઈ શકશે નહીં તેવું કહીને તેઓએ નહેમ્યાની મજાક ઉડાવી. પરંતુ નહેમ્યાએ ઈશ્વરને પ્રાર્થના કરી કે, "હે પ્રભુ, આ કાર્ય ચાલુ રાખવા અમારા હાથ મજબૂત કરો." તેણ લોકોને ઉત્તેજન આપતા જણાવ્યું કે ઈશ્વર આપણી સાથે છે અને તે આપણા વતી લડશે. લોકો બે જૂથમાં વહેંચાઈ ગયા. અડધા લોકો કામ કરતા અને બાકીના અડધા લોકો રક્ષણ માટે શસ્ત્રો લઈને ઊભા રહેતા. વિરોધ હોવા છતાં તેઓએ આ કાર્ય આખરે 52 દિવસમાં પૂર્ણ કર્યું. આથી તેઓના દુશ્મનો નિરાશ થયા અને આકાશના દેવની બીક રાખવા લાગ્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. નહેમ્યા શા માટે ખૂબ જ ઉદાસ બન્યો ?.................................................
2. નહેમ્યાએ ઈશ્વરને પ્રાર્થના કરી કે .................................................
3. યરૂશાલેમ પહોંચીને નહેમ્યાએ શું કર્યું ?.................................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 15

# અયૂબ - ભાગ-I

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** અયુબ 1:1-22

**પાઠનો ઉદ્દેશ :** મુશ્કેલીઓમાં પણ ઈશ્વર ઉપર વિશ્વાસ રાખતાં બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**અયૂબની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** અયૂબ 1:21

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### અયૂબ અને તેનું કુટુંબ

આરંભના એ વર્ષોમાં - આપણે ચોક્કસ જાણતા નથી કે ખરેખર કયો સમય હતો, મુસાના સમયમાં કે એ પછીના વર્ષોમાં તે ચોક્કસપણે ખબર નથી પણ એ વખતે એક માણસ થઈ ગયો જે દેવનું ભય રાખનાર હતો, જેનું નામ અયૂબ હતું. તેનું ઘર ઉસ દેશમાં હતું જે ઈસ્રાએલની ખૂબ જ નજીક આવેલ હતું. અયૂબ ખૂબ જ ધનવાન માણસ હતો. તેની પાસે હજારો ઘેટાં, ઊંટ, બળદો અને ગધેડાં હતાં. પૂર્વના લોકોમાં અયૂબ જેટલો ધનવાન બીજો એક માણસ ન હતો. અને અયૂબ ભલો માણસ હતો. તે દિવસોમાં ઈશ્વરનું ભજન જે રીતે કરવામાં આવતું હતું તે મુજબ અયૂબ ઈશ્વરનું ભજન પૂરી નિષ્ઠાથી દરરોજ કરતો હતો અને વેદી પર અર્પણ ચઢાવતો હતો. ઈશ્વર ઈચ્છતા હતા તે મુજબનું જીવન તે જીવતો અને હંમેશા ભલો અને નમ્ર બનીને જીવતો હતો. દરરોજ તેના પુત્રો ખેતરમાં કામ કરવા જતા અથવા વારાફરતી એકબીજાના ઘરે મિજબાની રાખતા ત્યારે ત્યારે અયૂબ વેદી પર જતો અને તેના દરેકે દરેક દીકરા અને દરેકે દરેક દીકરીને સારું દહનાર્પણ ચઢાવતો અને પ્રાર્થના કરતા કે, ''પ્રભુ, જો મારા દીકરા દીકરીએ કંઈ પાપ કર્યું હોય અથવા તમારાથી વિમુખ થયા હોય તો તમે તેમને માફ કરજો.''

### શેતાન ઈશ્વર સમક્ષ :

એક દિવસ સ્વર્ગદૂતો ઈશ્વર આગળ હાજર થયા ત્યારે શેતાન પણ આવ્યો અને તેઓની સાથે ઊભો રહ્યો જાણે કે તે પોતે પણ સ્વર્ગદૂત ન હોય. ઈશ્વરે શેતાન ઉપર નજર કરી અને તેને કહ્યું કે, ''શેતાન તું ક્યાં જઈ આવ્યો ?'' શેતાને જવાબ આપ્યો કે, ''હું પૃથ્વી પર આમતેમ સર્વત્ર ફરીને આવ્યો છું અને પૃથ્વીના

લોકોને જોઈને આવ્યો છું.'' પછી ઈશ્વરે શેતાનને કહ્યું કે ''શું તેં મારા સેવક અયૂબને લક્ષમાં લીધો છે ? પૃથ્વી ઉપર તેના જેવો નિર્દોષ તથા પ્રામાણિક ઈશ્વરભક્ત તથા દુષ્ટતાથી દૂર રહેનાર બીજો કોઈ પુરુષ નથી.'' શેતાને ઈશ્વરને કહ્યું કે, ''શું અયૂબ કારણ વગર આમ કરે છે ? શું તેં અયૂબની આસપાસ મજબૂત દિવાલ ઊભી કરી નથી. વળી તેની માલમિલ્કત, તેનું ઘર અને તેનું જે સર્વસ્વ છે તેની ફરતે શું તે દિવાલ ઊભી કરીને રક્ષણ કરતો નથી ? તેના કાર્યોને ને ધંધાને તેં આશીર્વાદિત કર્યા છે અને તેને ધનવાન બનાવ્યો છે. પણ જો તું તારો હાથ લંબાવીને તેની પાસે જે છે તે સઘળું લઈ લે તો તે તારાથી મોં અવળું ફેરવશે અને તને શ્રાપ આપશે.'' ત્યારે ઈશ્વરે શેતાનને કહ્યું કે ''શેતાન, જા અયૂબનું સઘળું હું તારા હાથમાં સોંપું છું. તેના દીકરા, દીકરીઓ, તેના ટોળાંઓ, ઢોરઢાંખર વિગેરેને તારે જે કરવું હોય તે કર, માત્ર અયૂબના શરીરને અડકીશ ના.''

પછી શેતાન ઈશ્વરની હજુરમાંથી ચાલ્યો ગયો અને તરત જ અયૂબ ઉપર મુસીબતો આવવાની શરૂ થઈ ગઈ. એક દિવસે તેના પુત્રો તથા તેની પુત્રીઓ મોટા ભાઈના ઘરમાં ખાતા તથા દ્રાક્ષારસ પીતા હતા તે વખતે એક ખેપિયાએ આવીને અયૂબને કહ્યું કે દુશ્મનો આવીને બધા પ્રાણીઓને લઈ ગયા છે અને કંઈ જ બાકી રાખ્યું નથી. વળી એટલામાં બીજો ખેપિયો આવ્યો અને અયૂબને કહેવા લાગ્યો કે તારા પુત્રો અને પુત્રીઓ મોટા ભાઈના ઘરે એકઠા મળીને મિજબાની કરી રહ્યા હતા ત્યારે પૂર્વનો ભારે પવન ફુંકાયો અને અરણ્યમાંથી ભારે વાવાઝોડું આવીને ઘર ઉપર ત્રાટક્યું અને આખું ઘર તેઓની ઉપર તૂટી પડ્યું એટલે તારા બધા પુત્રો અને પુત્રીઓ મરી ગયા અને આ સમાચાર આપવા માટે કેવળ હું એકલો જ બચી ગયો છું. આમ અયૂબ પાસે જે બધું હતું - તેનાં ટોળાં, તેના ઢોરઢાંખર, તેના પુત્રો અને પુત્રીઓ એ સઘળું લઈ લેવામાં આવ્યું અને અયૂબ જે ધનવાન હતો તે ગરીબ બની ગયો અને સંતાનવિહોણો બની ગયો. આમ અયૂબની પાસેથી તેનું સઘળું લઈ લેવામાં આવ્યું તો પણ અયૂબ ઈશ્વરથી દૂર જતો રહ્યો નહીં કે ઈશ્વરનો દોષ કાઢ્યો નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. અયૂબ કેવા પ્રકારનો વ્યક્તિ હતો ?............................................
2. શેતાને ઈશ્વરને શું કહ્યું ?....................................................
3. અયૂબ ઉપર હુમલો કરવાની પરવાનગી ઈશ્વરે શેતાનને આપી ત્યારબાદ શું થયું ?....................
4. ખૂબ જ મોટું નુકસાન થયું છે તે સમાચાર અયૂબ પાસે આવ્યા ત્યારે અયૂબનો શો પ્રત્યાઘાત હતો ?
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 16**

# અયૂબ - ભાગ-II

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** અયુબ 2:1-13, 42

**પાઠનો ઉદ્દેશ :** જેઓ વિશ્વાસમાં ટકી રહે છે તેઓની દુર્દશા ઈશ્વર ફેરવી નાખે છે તે શીખવવું.

**પાઠનું આયોજન**

**અયૂબની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** અયૂબ 42:5-6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### શેતાન ફરીથી આવ્યો :

ફરીથી ઈશ્વરના દૂતો ઈશ્વર સમક્ષ હાજર થયા ત્યારે શેતાન જેણે અયૂબને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું તે પણ હાજર થયો. ઈશ્વરે શેતાનને ખુશીથી કહ્યું કે આટલી બધી મુશ્કેલીઓ છતાં અયૂબ મને વળગી રહ્યો છે. શેતાને ઈશ્વરને પ્રત્યુત્તર આપ્યો કે જો તેના શરીરને અડકવામાં આવે તો તે જરૂરથી ઈશ્વરને શ્રાપ આપશે. ઈશ્વરે શેતાનને કહ્યું કે જા હું તને અયૂબના શરીર ઉપર અધિકાર આપું છું. માત્ર તેનો જીવ ન લેતો. એટલે શેતાન ગયો અને અયૂબના શરીરને સ્પર્શ કર્યો અને તેના આખા શરીરે ફોલ્લા કરી દીધા. એટલે પગના તળિયાથી તે માથાના તાલકા સુધી આખા શરીરે ફોલ્લા કર્યા અને ખૂબ જ વેદનાને કારણે અયૂબ રાખમાં બેઠો પણ ઈશ્વર વિરુદ્ધ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહીં. તેની પત્નીએ કહ્યું કે આ તો બહુ થયું. તું ઈશ્વરને શ્રાપ દે પણ તે બોલ્યો કે, અરે મૂર્ખ સ્ત્રી, શું આપણે ઈશ્વર પાસેથી દુઃખ ન સ્વીકારીએ ? આ રીતે અયૂબ ઈશ્વર વિરુદ્ધ બોલ્યો નહીં. પછી અયૂબના ત્રણ મિત્રો અયૂબને મળવા આવ્યા કે જેથી તેઓ અયૂબને તેના દુઃખમાં દિલાસો અને સાંત્વના આપી શકે. તેઓના નામ અલીફાઝ, બિલ્દાદ અને સોફાર હતાં. તેઓ આવીને અયૂબની સાથે બેઠા, રડ્યા, દુઃખી થયા. ત્યારપછી તેઓ તેની સાથે વાતચીત કરવા લાગ્યા પણ આ ત્રણે મિત્રોના શબ્દો દિલાસો આપનાર ન હતા. તેઓ એવું માનતા હતા કે આ સઘળી આફતો અયૂબના ઉપર એટલા માટે આવી છે કે તેણે કંઈક પાપ કર્યું છે તેની શિક્ષા માટે અને તેથી તેઓ અયૂબને એવું કહી રહ્યા હતા કે તેં એવું તે શું કર્યું છે કે ઈશ્વર તારા પર આટલા રોષે ભરાયા છે ?

**અયૂબ પુનઃ સંસ્થાપિત :**

પછીથી ઈશ્વરે જોયું છે અયૂબ ઈશ્વર પર અડગ વિશ્વાસમાં અવિરતપણે આગળ વધી રહ્યો છે અને લોકો તેને પાપી કહી રહ્યા હતા છતાં પણ સહન કરવા તૈયાર છે. વળી, તેના જે મિત્રો તેની વિરુદ્ધ બોલ્યા તેઓને સારું અયૂબે પ્રાર્થના કરી તેથી ઈશ્વરે અયૂબને આશીર્વાદ આપ્યો અને તે પણ અગાઉ કરતાં પણ વધારે. તેને અગાઉ કરતાં બમણાં પ્રાણીઓ અને 10 સંતાનો આપ્યાં. ત્યારપછી તેના સઘળા મિત્રો અને સગાંઓએ આવીને તેની સાથે આનંદ મનાવ્યો. અયૂબ ત્યારપછી 140 વર્ષ જીવ્યો અને ચોથી પેઢી સુધી તેના પ્રપૌત્ર પ્રપૌત્રીઓને જોયાં. આ સઘળી મુસીબતોને લીધે તે વિશ્વાસમાં વૃદ્ધિ પામ્યો અને ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં આગળ વધ્યો. ઈશ્વરની ભલાઈ વધુ સારી છે તેનો તેણે અનુભવ કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. શેતાને ઈશ્વરને ફરીથી શું કહ્યું?..........................................................
2. અયૂબે તેની પત્નીને શું કહ્યું?..........................................................
3. અયૂબના મિત્રોએ તેને કહ્યું કે ..........................................................
4. શા માટે ઈશ્વરે અયૂબને ફરીથી આશીર્વાદ આપ્યો?..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 17
# દૈવી બાળકનો જન્મ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 1:18-25, લૂક 2:1-39

**પાઠનો ઉદ્દેશ :** તારણહારના જન્મની બાબત બાળકોને કહેવી અને સમજ પાડવી.

**પાઠનું આયોજન**

**દૈવી બાળકનો જન્મ તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 7:14

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યૂસફનું સ્વપ્ન :

નાઝરેથ શહેરમાં રહેતો એક સુથાર જેનું નામ યૂસફ હતું તે ખૂબ જ ન્યાયી અને ધાર્મિક માણસ હતો, તેનું વેવિશાળ મરિયમ સાથે થયું હતું. લગ્ન અગાઉ મરિયમ પવિત્ર આત્મા દ્વારા ગર્ભવતી બની હતી. યૂસફ મરિયમનું જાહેરમાં અપમાન કરવા ઈચ્છતો ન હોવાથી તેણે તેણીને ગુપ્ત રીતે મૂકી દેવાનું વિચાર્યું. યૂસફને એક દિવસ રાત્રે સ્વપ્ન આવ્યું અને તેમાં તેણે જોયું કે એક સ્વર્ગદૂત તેની પાસે આવીને ઊભો છે. દૂતે તેને કહ્યું કે, ‘‘યૂસફ, તારું વેવિશાળ મરિયમ નામની કુમારિકા સાથે થયું છે તેને પવિત્ર આત્મા દ્વારા ગર્ભ રહ્યો છે અને તેને એક પુત્ર જન્મશે જેનું નામ તારે ઈસુ પાડવું જેનો અર્થ તારણ થાય છે. કેમકે તે પોતાના લોકને પાપથી છોડાવશે. અને આ વાત કહેવા ઈશ્વરે મને મોકલ્યો છે.’’ આ સાંભળીને યૂસફને યાદ આવ્યું કે જૂના કરારમાં પ્રબોધકોએ ઘણુંબધું લખ્યું છે તે બાબત આ જનમનાર બાળકમાં છે અને તે ઈસ્રાએલનો રાજા બનશે.

### ઈસુનો જન્મ :

યૂસફ દાઉદના કુળનો હોવાથી યૂસફ અને મરિયમ બન્ને જણ પોતાનું નામ સરકારી દફતરમાં નોંધાવવા માટે બેથલેહેમમાં ગયાં. થોડા દિવસો પછી મરિયમનો પ્રસૂતિનો સમય આવી પહોંચ્યો એટલે તેઓએ રહેવા માટે અનુકૂળ સ્થળની શોધ કરી. હૉટલો અને ધર્મશાળાઓ ખીચોખીચ ભરાઈ ગઈ હતી અને તેઓને સારું કંઈ જ જગ્યા મળી નહીં. તે બે જણ સિવાય બીજું કોઈ જાણતું ન હતું કે આ જુવાન બહેન થોડા સમયમાં જ એવી માતા બનવાની છે જેનો દીકરો આખી પૃથ્વીનો પ્રભુ બનનાર છે. એક જ સ્થળ તેઓને

નજીકમાં સારું દેખાયું એટલે ઢોરઢાંખર બાંધવાની જગ્યા - ત્યાં તેઓ ગયા અને નાના બાળ ઈસુનો જન્મ ત્યાં થયો એટલે તેઓએ બાળ ઈસુને લુગડામાં લપેટીને ગભાણમાં સુવાડ્યું - ગભાણ એટલે પ્રાણીઓને ખાવા માટે બનાવેલી જગ્યા.

**ઘેટાંપાળકો (ભરવાડો)ની મુલાકાત :**

તે રાત્રે કેટલાક ઘેટાંપાળકો તેમના ઘેટાંના ટોળાંને બેથલેહેમની નજીકમાં આવેલા ખેતરોમાં રાત્રે ચોકી કરતા હતા, ત્યારે એકાએક ખૂબ જ પ્રકાશ તેઓના ઉપર ઝબૂક્યો અને તેઓએ જોયું કે પ્રભુનો એક દૂત તેઓની આગળ આવીને ઊભો રહ્યો. દૂતની ભવ્યતા અને પ્રકાશ તેમજ સ્વરૂપ જોઈને ભરવાડો ગભરાઈ ગયા પણ દૂતે તેઓને કહ્યું કે, "બીહો મા; કેમકે જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે. કેમકે આજ દાઉદના શહેરમાં તમારે સારું એક તારનાર, એટલે ખ્રિસ્ત પ્રભુ, જન્મ્યો છે. તમારે સારું એ નિશાની છે કે, તમે એક બાળકને લુગડામાં લપેટેલો ગભાણમાં સૂતેલો જોશો."

તેઓએ દૂતોને જોયા અને તેમની વાત સાંભળી પછી જે ત્વરિતતાથી દૂતો આવ્યા હતા, એટલી જ ઝડપથી આ બધા દૂતો અદશ્ય થઈ ગયા. ત્યારપછી ભરવાડો બેથલેહેમમાં ગયા અને ત્યાં તેઓએ યૂસફને, તેની યુવાન પત્ની મરિયમને અને ગભાણમાં સૂતેલા નાના બાળકને જોયા. તેઓએ મરિયમને, યૂસફને અને બીજાઓને જણાવ્યું કે તેઓએ કેવી રીતે દૂતોને જોયા અને દૂતે તેઓને આ બાળક વિશે શું કહ્યું વિગેરે. જેઓએ આ વાત સાંભળી તેઓ બધા જ આ સાંભળીને અચરત પામ્યા પણ બાળકની મા મરિયમે બધું મનમાં રાખ્યું. મરિયમે કંઈ જ જવાબ ન આપ્યો પણ શાંતિથી આ બધી બાબતો ઉપર વિચાર કર્યો અને બધું મનમાં જ રાખ્યું. મુલાકાત બાદ, ઘેટાંપાળકો (ભરવાડો) તેમના ટોળાંઓ પાસે પાછા ગયા અને જતાં જતાં માર્ગમાં તેઓએ પ્રભુની સ્તુતિ કરી કારણકે ઈશ્વરે તેમને આ અદ્‌ભુત વાતો જણાતી હતી. પવિત્ર આત્માએ તેમને જણાવ્યું હતું તે મુજબ તેમણે આ બાળકનું નામ ઈસુ પાડ્યું. આ પ્રમાણે પ્રબોધકોએ ઘણા વર્ષો પહેલાં કરેલ ભવિષ્યવાણી સાચી પડી કે આખા જગતનો ઉદ્ધારક બેથલેહેમમાં જન્મ લેશે.

**ખાલી જગ્યા પૂરો :**

1. મરિયમને ગુપ્તમાં મૂકી દેવાનો વિચાર યૂસફને કેમ આવ્યો ?..............................
2. ઈસુ ક્યાં જન્મ્યા, અને શા માટે ?....................................................
3. સારી વધામણીના સમાચાર સૌપ્રથમ કોને મળ્યા, તેઓએ શું સાંભળ્યું ?..............................
4. બધું જોયા અને સાંભળ્યા પછી મરિયમનો પ્રતિભાવ શો હતો ?................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 18

# ઈસુનું પરીક્ષણ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 4:1-11, માર્ક 1:12, 13; લુક 4:1-13

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરના સામર્થ્યના મહત્ત્વને બાળકો સમજે તે માટે શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુના પરીક્ષણની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 4:7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### પૂર્વ ભૂમિકા :

ઈસુના શરૂઆતના વર્ષોથી જ પવિત્ર આત્મા તેમની સાથે હતો. જ્યારે તેમનું બાપ્તિસ્મા થયું તે સમયે આકાશ ઉઘડી ગયું અને પવિત્ર આત્મા કબૂતરની રૂપે તેમની પર ઉતર્યો. ઈસુ પવિત્ર આત્માથી એટલા બધા ભરાયા કે તેમની અગાઉ કોઈ માણસ એટલું ભરાયું ન હતું. દેવના પવિત્ર આત્માએ ઈસુને રાનમાં મોકલ્યાં, જેથી તે ત્યાં ઈશ્વર સાથે એકાંતમાં રહીને માણસો માટેની તેમની યોજના વિચારે અને ઘડે. અને સતત ચાળીસ દિવસ સુધી તેમણે કંઈ જ ખાધું નહીં. અને ખાવાની ઈચ્છા પણ થઈ નહીં. પરંતુ ચાળીસ દિવસ પૂરા થયા પછી તેમને એકાએક ભૂખ લાગી. જેમ કોઈ વ્યક્તિને ભૂખ લાગે તેવી જ ભૂખ ઈસુને લાગી. કારણકે તેમણે ઘણા લાંબા દિવસ સુધી ઉપવાસ કર્યા હતાં.

### પ્રથમ પરીક્ષણ :

તે જ ક્ષણે શેતાન ઈસુની પાસે આવ્યો અને કહ્યું કે "જો તમે દેવના દીકરા છો, તો તમે ચાહો તે કરી શકો છો. અને જે ચાહો તે મેળવી પણ શકો છો. તો પછી શા માટે તમે આ પથ્થરોને આજ્ઞા કરતાં નથી કે તે રોટલી થઈ જાય. જેથી તમે ખાઈ શકો ?" ઈસુ જાણતા હતા કે તે આ પ્રમાણે કરી શકે છે. પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે તેમને જે શક્તિ આપવામાં આવી છે તે તેમના અંગત લાભ માટે નહીં, પણ બીજાઓને મદદ કરી શકે તે માટે છે. તેથી તેમણે શેતાનને કહ્યું કે, "એમ પણ લખેલું છે કે માણસ એટલી રોટલીથી નહીં, પણ હરેક શબ્દ જે દેવના મોંમાંથી નીકળે છે તેથી જીવશે."

**બીજું પરીક્ષણ :**

પછી શેતાન ઈસુને પવિત્રનગર એટલે યરૂશાલેમમાં લઈ ગયો. અને ત્યાં આવેલા મંદિરનાં બુરજની સૌથી ઊંચી ટોચ ઉપર લઈ ગયો અને કહ્યું કે, "તમે અહીંયાથી નીચે જમીન પર કૂદી પડીને બતાવી આપો કે તમે દેવના દીકરા છો. કારણકે તમે જાણો છો કે ગીતશાસ્ત્રના પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે તે પોતાના દૂતોને તમારા સંબંધી આજ્ઞા કરશે અને તેઓ તમને પોતાના હાથો પર ધરી લેશે, રખેને તમારો પગ પથ્થર સાથે અફડાય. પરંતુ ઈસુ જાણતા હતા કે, તે પ્રમાણે કરવું બરાબર નથી. કારણકે તેનાથી ઈશ્વર ખુશ થશે નહીં. પરંતુ તે તો તેમની પોતાની જાતને માણસોની આગળ પ્રગટ કરવા માટે થશે. જે બાબતની આજ્ઞા ઈશ્વરે આપી નથી. તેથી ઈસુએ જવાબ આપ્યો કે, "એમ પણ લખવામાં આવ્યું છે કે પ્રભુ તારા દેવનું પરીક્ષણ તું ન કર."

**ત્રીજું પરીક્ષણ :**

ઈસુ કંઈક ખોટું કરી બેસે તેવા હેતુથી શેતાન તેમને બીજે સ્થળે લઈ ગયો. શેતાન આપણી સાથે પણ ઘણીવાર આવું કરે છે. તે ઈસુને એક ઊંચા પર્વત ઉપર લઈ ગયો અને તેની સૌથી ઊંચી જગ્યાએથી આખી સૃષ્ટિ બતાવી. અને પછી કહ્યું કે, "જો તુ પગે પડીને મારું ભજન કરે તો આ સઘળું હું તને આપીશ." પછી ઈસુએ કહ્યું કે, "અરે શેતાન, આઘો જા. કેમકે લખેલું છે કે પ્રભુ તારા દેવનું ભજન કર ને તેની એકલાની જ સેવા કર." જ્યારે શેતાનને લાગ્યું કે ઈસુ મારું સાંભળશે નહીં. એટલે તે ઈસુને મૂકીને ચાલ્યો ગયો. અને દેવના દૂતોએ અરણ્યમાં આવીને ઈસુની સેવા કરી. અને તેમને માટે જરૂરી ખોરાક પૂરો પાડ્યો. આ પ્રમાણે ઈસુ પવિત્ર આત્મા અને દેવના વચન વડે પરીક્ષણો ઉપર વિજય પામ્યાં.

**ખાલી જગ્યા પૂરો :**

1. બાપ્તિસ્મા થયા પછી ઈસુ ક્યાં ગયાં અને શા માટે?..............................................
2. ઈસુએ પ્રથમ પરીક્ષણ પર કેવી રીતે વિજય મેળવ્યો?..............................................
3. ઈસુએ બીજા પરીક્ષણ પર કેવી રીતે વિજય મેળવ્યો?..............................................
4. ઈસુએ ત્રીજા પરીક્ષણ પર કેવી રીતે વિજય મેળવ્યો?..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 19

# બી વાવનારનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લુક 8:1-15

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરના વચનનું આપણા જીવનમાં મહત્ત્વ સમજાવવું.

**પાઠનું આયોજન**

**બી વાવનારનું દૃષ્ટાંત એ વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 1:1-2

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### દૃષ્ટાંત :

અગત્યની બાબતો લોકો સમજી શકે તે માટે ઈસુએ વાર્તા સ્વરૂપે સમજાવ્યું. ઈસુની આ વાર્તાઓને આપણે દૃષ્ટાંતો કહીએ છીએ. તેમની વાર્તાઓમાંની એક વાર્તા ‘‘બી વાવનારનું દૃષ્ટાંત’’ એ રીતે ઓળખાય છે. તેમાં ખેડૂત વિશે વાત કરવામાં આવી છે. જેણે એના ખેતરમાં બી વાવ્યાં. એક દિવસ આ ખેડૂતે તેના ખેતરમાં કેટલાક બી વાવ્યાં. જ્યારે તે તેના ખેતરમાં આ બી નાખી રહ્યો હતો ત્યારે તેના ખેતરના જુદા જુદા ભાગમાં આ બી જઈને પડ્યાં. કેટલાક બી રસ્તાની કોરે પડ્યાં એટલે તરત પક્ષીઓ આવીને તે બી ખાઈ ગયા. કેટલાક બી પથ્થરવાળી ભોંય પર પડ્યાં જ્યાં જમીન ખૂબ થોડી હતી. આ જગ્યાએ બી ઝડપથી ઊગીને છોડ સ્વરૂપે બહાર આવ્યાં. પરંતુ તેના મૂળ જમીન ન હોવાથી ઊંડે સુધી જઈ શક્યા નહીં અને તેમને જમીનની અંદરથી પાણી અને ખોરાક પૂરતા મળ્યા નહીં. જ્યારે સૂર્યનો તાપ તેની ઉપર પડ્યો ત્યારે તે છોડ ચીમડાઈને નાશ પામ્યાં. કેટલાક બી એવી ભોંય પર પડ્યાં, જ્યાં ઝાંખરા ઊગેલા હતાં. અહીં બી ઊગ્યા અને છોડવાઓએ વધવા માટે પ્રયત્ન કર્યો પરંતુ કાંટા અને ઝાંખરાએ તેમને વધવા દીધા નહીં અને તે નાશ પામ્યાં. પરંતુ કેટલાક બી સારી ભોંય પર પડ્યાં. તેથી તેના છોડ સારી રીતે ઊગ્યા અને વિકાસ પામ્યાં. તે મોટા થયા ત્યારે ખેડૂતને તેમાંથી સારો પાક મળ્યો. એટલે કે જેટલા રોપવામાં આવ્યા હતા તેના કરતાં સો ઘણો પાક મળ્યો.

**ઈસુએ આપેલ ખુલાસો :**

જે લોકો ઈસુની વાત સાંભળવા માટે એકઠા થયા હતાં તેઓને આ દૃષ્ટાંતનો અર્થ સમજાવતાં અને ખુલાસો કરતાં ઈસુએ જણાવ્યું કે ખેડૂત એટલે ઈસુ છે. અને જે બી વાવવામાં આવ્યાં તે દેવનું વચન છે. ઈસુ સુસમાચારરૂપી બી વાવે છે. એટલે અલગ અલગ જગ્યામાં વાવે છે અને જુદા જુદા લોકો અલગ અલગ રીતે ઈશ્વરના સંદેશાને પ્રતિસાદ આપે છે. રસ્તા પર પડેલા બી જેને પક્ષીઓ ખાઈ ગયા તે એવા લોકો છે જે સુસમાચાર સાંભળે છે પરંતુ તે ઉપર પૂરતું ધ્યાન આપતા નથી. તેઓ ઈસુ વગર તેમનું જીવન જીવે છે.

પથ્થરવાળી ભોંય પર પડેલા બી જે ઊગી નીકળ્યા પણ ઊંડા મૂળ ન હોવાથી નાશ પામ્યાં. આ બાબત આપણને શીખવે છે કે, કેટલાક લોકો શું સુસમાચાર સાંભળે છે ખરા પણ તેમને મૂળ હોતા નથી. એટલે કે, જે સાંભળ્યું છે તેમાં બહુ રસ હોતો નથી. તેથી આવા લોકોના જીવનમાં પ્રશ્નો અને સમસ્યાઓ આવે એટલે તરત તેઓ ઈસુને ભૂલી જાય છે. જે બી કાંટાવાળી ભોંયમાં પડીને નાશ પામ્યા તે એવા લોકોને દર્શાવે છે જેઓ ઈશ્વરનો સંદેશ ગ્રહણ કરે છે પરંતુ ઈસુને પૂરેપૂરા સમર્પિત હોતા નથી. વિશ્વાસ કરે છે ત્યારે કાંટા અને ઝાંખરાની જેમ બીજી બાબતો એટલે પૈસા અને ચિંતાઓ તેમને ઘેરી વળે છે અને તેમનો વિશ્વાસ ઘેરાઈ જાય છે. જેમ ઝાંખરાઓ પેલા છોડને દબાવી દે છે તેમ આવા લોકોનો વિશ્વાસ ચિંતાઓમાં દબાઈ જાય છે. પરંતુ જે બી સારી ભોંય પર પડ્યાં અને વૃદ્ધિ પામ્યા અને છોડ પરિપક્વ થઈને ઊગ્યા એ એવા લોકો છે જેમના હૃદયો સારી ભોંય સમાન છે જેઓ પૂરા હૃદયથી ઈસુ ઉપર પ્રેમ કરે છે. તેઓ સુસમાચાર સાંભળે છે અને હર્ષ પામે છે. ઈશ્વરનું વચન તેમના જીવનમાં ઊંડા મૂળ નાખે છે અને તેઓ ઈશ્વરને વિશ્વાસુપણે વળગી રહે છે. તેઓ વિશ્વાસમાં વૃદ્ધિ અને વૃદ્ધિ પામતા જ રહે છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. કઈ ચાર પ્રકારની જમીન છે? ........................................................
2. ખેડૂત એટલે .................... છે અને બી તે .................... છે.
3. પ્રથમ ત્રણ જમીનને શું વાંધો હતો? ........................................................
4. સારી ભોંયનો શો અર્થ થાય છે? ........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 20

# પાણીનો દ્રાક્ષારસ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 2:1-11

**પાઠનો ઉદ્દેશ :** ઈસુ જે કહે તેનો તરત અમલ કરવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**પાણીનો દ્રાક્ષારસ એ વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 2:11

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**ખૂટી ગયું (સમસ્યા) :**

તમે લગ્ન જમણમાં ગયા છો અથવા લગ્નમાં જવું તમને ગમે ખરું ? મોટી સંખ્યામાં લોકો ત્યાં હોય છે અને પુષ્કળ સ્વાદિષ્ટ ભોજન પણ હોય છે. એક વખત ગાલીલ પ્રાંતના કાના ગામમાં લગ્ન હતું, જે લગ્નમાં ઈસુ તેમના શિષ્યો તથા ઈસુની મા મરિયમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઘણા બધા મહેમાનો આવ્યા હતા અને તે બધાનું સ્વાગત કરીને તેમને લગ્નના ખાસ હૉલમાં બેસાડવામાં આવ્યા હતા. ભોજન પીરસવામાં આવી રહ્યું હતું અને તે સાથે જ તે જમાનાનું ખાસ પીણું દ્રાક્ષારસ પણ આપવામાં આવી રહ્યો હતો. ભોજન પીરસાઈ રહ્યું હતું, તેવામાં એકાએક કંઈક ખૂટી ગયાની વાત ગણગણવા લાગી. લગ્ન જમણ પૂરું થાય એ પહેલા જ દ્રાક્ષારસ ખલાસ થઈ ગયો, અને બાકીના મહેમાનોને આપવા માટે રહ્યો ન હતો. યજમાનના ઘરના બધા જ લોકો બેચેન થઈ ગયા અને હવે શું કરવું તે અંગે ચિંતા કરવા લાગ્યા.

**મરિયમ અને ઈસુની સૂચના :**

ઈસુની માતા મરિયમ જાણતી હતી કે તેના દીકરા ઈસુ પાસે એવી શક્તિ છે કે તે જે ચાહે તે કરી શકે છે. તેથી તેણીએ ઈસુને કહ્યું કે, "તેઓની પાસે દ્રાક્ષારસ નથી." ઈસુએ તેણીને ઉત્તર આપ્યો કે, "હે બાઈ, મારે ને તારે શું ? મારો સમય હજી આવ્યો નથી." પણ ઈસુની માતા જાણતી હતી કે આ જરૂરિયાતમંદ લોકોને ઈસુ ચોક્કસ કોઈક રીતે મદદ કરશે; તેથી તેણીએ ટેબલ પાસે ઊભા રહીને રાહ જોઈરહેલા ચાકરોને કહ્યું કે, "તે તમને જે કંઈક કરવાનું કહે તે ભૂલ્યા વગર કરો." જમણવારના હૉલમાં પથ્થરના છ

મોટા કૂંડા હતાં અને દરેક કૂંડાનું કદ એક બેરલ માપ જેટલું જેમાં 25 ગેલન પ્રવાહી ભરાઈ શકે એવા હતાં. આ કૂંડાઓમાં હાથ ધોવા માટેનું પાણી ભરી રાખવામાં આવ્યું હતું, કારણકે યહુદીઓ તેમના રિવાજ મુજબ જમતા પહેલાં હાથ ધૂએ છે અને માર્ગોમાં ચાલીને આવ્યા હોય ત્યારે પગ પણ ધૂએ છે. કારણકે તેઓ તે જમાનામાં પગમાં બૂટ પહેરતા ન હતા. માત્ર સેન્ડલ પહેરતા હતા. ઈસુએ આ લોકોને કહ્યું કે, ''પાણીના કૂંડાઓમાં પાણી ભરો.'' ચાકરોએ ઈસુની આજ્ઞા મુજબ કર્યું અને આ કૂંડાઓને છલાછલ ભર્યા. ત્યારબાદ ઈસુએ તેઓને ફરીથી કહ્યું કે, ''કૂંડામાંથી થોડું પાણી કાઢીને જમણના કારભારી પાસે લઈ જાવ.''

**ચમત્કાર :**

તેઓએ કૂંડામાંથી પાણી કાઢ્યું અને જોયું તો પાણીમાંથી દ્રાક્ષારસ બની ગયો હતો. જમણના કારભારીને ખબર ન પડી કે આ દ્રાક્ષારસ ક્યાંથી આવ્યો પણ તેણે વરરાજા જેના લગ્ન થોડા સમય પહેલા થયા હતા તેને જણાવ્યું કે, હરેક માણસ જમણવારના આવા સમારંભમાં પહેલા સારો દ્રાક્ષારસ મૂકે છે; અને માણસો સારી પેઠે પીને આનંદ કરે ત્યારબાદ પાછળથી નરસો કે ઉતરતી કક્ષાનો દ્રાક્ષારસ મૂકે છે. પણ તેં અત્યાર સુધી - હા છેક છેવટ સુધી સારો દ્રાક્ષારસ રાખ્યો છે.'' બીજી કોઈ વ્યક્તિ ન કરી શકે તેવું કરવાની જે શક્તિ ઈસુ પાસે હતી તેનો જાહેરમાં ઈસુએ અહીં પહેલી વાર ઉપયોગ કર્યો. આ પ્રકારના કૃત્યોને ''ચમત્કારો'' એ નામે ઓળખવામાં આવે છે અને ઈસુ દેવનો દીકરો છે તેની સાબિતી તરીકે આ કર્યું. ઈસુના શિષ્યોએ આ ચમત્કાર જોયો એટલે અગાઉ કરતા વિશેષ રીતે તેઓ ઈસુ પર વિશ્વાસ કરવા લાગ્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. લગ્ન જમણના લોકો શા માટે ચિંતામાં પડી ગયા ?.............................................
2. મરિયમનો પ્રતિભાવ શો હતો ?.............................................
3. ઈસુ ચાકરોને શું કહે છે ?.............................................
4. જમણના કારભારીનો પ્રતિભાવ શો હતો ?.............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 21
# દશ કુમારિકાઓનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 25:1-13

**પાઠનો ઉદ્દેશ :** ઈસુના પુનરાગમન વિશે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**દશ કુમારિકાઓનું દૃષ્ટાંત એ વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** પ્રકટીકરણ 3:3

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**રાહ જોવી :**

એ દિવસોમાં ફરીથી એક વાર ઈસુ જ્યારે મંદિરમાં ઉપદેશ અને શિક્ષણ આપી રહ્યા હતા તે સમયે તેમણે બીજા એક લગ્ન પ્રસંગનો ઉલ્લેખ કર્યો. ઈસુએ કહ્યું કે, એક વખત એવું બન્યું કે દશ કુમારિકાઓ વરરાજાની રાહ જોઈ રહી હતી. તેઓ રાહ જોઈને બેઠી હતી કે લગ્નનો વરઘોડો ક્યારે આવશે. કુમારિકાઓની સંખ્યા દશ હતી અને તે દિવસે સાંજે વરરાજા આવવાના હતા જેથી તે પોતાની કન્યાને મળી શકે, અને આ બધી જ કુમારિકાઓએ લગ્ન પ્રસંગમાં જવાનું હતું. હવે તે સમયે અંધારું થઈ ગયું હતું તેથી આ દશે કુમારિકાઓ પોતપોતાની મશાલો લઈને આવી હતી. મશાલોમાં તેલ પુરવાની કુપ્પીનો આકાર ગોળ હતો અને તે ગોળાકાર ઘાટમાં તેલ ભરેલ હતું અને દરેકની અંદર એક દિવેટ મૂકેલી હતી જે સળગતાં પ્રકાશ ફેલાય. વળી દરેકે દરેક મશાલના તળિયે એક અણીદાર સોય જેવુ હતું જેમાં મશાલની વાટ ચોંટેલી રહે. સામાન્ય રીતે બનતું આવ્યું છે તેમ જાનૈયાઓને આવતાં ઘણી વાર લાગી એટલે લાંબો સમય તેમની રાહ જોવાનો વારો આવ્યો. સમય વીતતો ગયો એટલે રાહ જોતાં જોતાં રાતના દશ વાગ્યા, પછી રાતના અગિયાર વાગ્યા અને આ શહેરમાં તો લોકો વહેલા સૂઈ જવા માટે ટેવાયેલા હોવાથી બધા ઊંઘી ગયા. અંતે દશ કુમારકાઓની આંખો પણ ઊંઘથી ઘેરાવા લાગી. તેઓ ઝોકા ખાવા લાગી. તેઓની દશ મશાલો એક લાઈનમાં હારબંધ રીતે દીવાલની પાસે ગોઠવેલી હતી તે સળગતી હતી અને કુમારિકાઓ ઊંઘી ગઈ.

**વરરાજાનું આગમન :**

હવે મધરાત્રે પોકાર પડ્યો કે, "જુઓ, વર આવ્યો ! તેને મળવાને નીકળો." અને કોઈ એકે નજર કરી તો જુઓ ઘણે દૂર લાઈટનો સુંદર પ્રકાશ અને લોકોનું ટોળું નજરે પડ્યું. લગ્નની જાનનો વરઘોડો ઝડપથી આવી રહેલો નજરે પડ્યો. તેથી દશ કુમારિકાઓ ઉતાવળ કરીને પોતપોતાની મશાલો તૈયાર કરવા લાગી ગઈ. અને તૈયારી કરતી હતી એટલામાં સાચી વાતની ખબર પડી ગઈ : દશમાંની પાંચ મશાલો ખાલી થઈ ગઈ હતી. પાંચ કુમારિકાઓ તેમની મશાલો લઈને આવી હતી ખરી પણ તેમાં પૂરતું તેલ પૂરવાનું ચૂકી ગઈ હતી.

વરઘોડો આગળ વધી રહ્યો હતો અને અહીં આ પાંચ જણી પાસે મશાલોમાં તેલ નથી. તેમના દીવાઓ હોલવાવા લાગ્યા. મૂર્ખીઓએ ડાહી કુમારિકાઓને કહ્યું કે, ''અમને તમારામાંથી થોડું તેલ આપો, કેમકે અમારી મશાલો હોલવાઈ ગઈ છે.'' પાંચ ડાહીઓની પાસે તેમને થાય એટલું જ તેલ હતું, એક ટીપું પણ વધારે ન હતું. તેથી પાંચ ડાહીઓએ કહ્યું કે, ''તમે બજારમાં જાઓ અને તમારે સારું ખરીદી લાવો. કેમકે જો અમે અમારી મશાલમાંથી તેલ કાઢીને આપીએ તો અમારી મશાલો હોલવાઈ જશે કારણકે આપણ બધાને થાય એટલું તેલ નથી અને જો અમારી મશાલો પણ હોલવાઈ જાય તો અમે વરને આવકારી શકીશું નહીં.''

**દરવાજો બંધ થયો :**

પછી મૂર્ખ કુમારિકાઓ બેબાકળી બનીને ઉતાવળથી તેલ શોધવા નીકળી. મધ્યરાત્રિનો સમય થઈ ગયો હતો; તેથી વેચનારાઓ પોતપોતાની દુકાનો બંધ કરીને જતા રહ્યા હતા. આ કુમારિકાઓ થોડું તેલ મેળવવા માટે અહીં તહીં દોડી રહી હતી. વેચાતું મળે કે ઉછીનું તેલ મળે તે માટે આ દરવાજો અને પેલો દરવાજો ખટખટાવી રહી હતી, પણ સઘળું નિરર્થક નીવડ્યું. તેઓ તેલની શોધમાં હતી એટલામાં વર આવી પહોંચ્યો. સંગીત સાથે, નાચગાન સાથે અને લાઈટની રોશની સાથે જાન આવી પહોંચી અને ડાહી કુમારિકાઓ તેમાં સામેલ થઈ ગઈ અને તેમના હાથમાંની મશાલો આકાશના તારાની જેમ ચમકી રહી હતી. તેઓ પાંચે લગ્ન જમણમાં ગઈ. બધા જ અંદર ગયા પછી શું બન્યું તે તમે જાણો છો શું ? દરવાજો બંધ કરવામાં આવ્યો. જેઓ તૈયાર હતી તેઓ વરને મળવાને અંદર ગઈ અને દરવાજો બંધ થયો. થોડા સમય પછી, બહારથી અવાજ સંભળાવા લાગ્યો એટલે ઉતાવળથી ચાલતા અને દોડતા પગનો અવાજ, શ્વાસના ધબકારાનો અવાજ, ઘણું દોડવાથી હાંફી ગયાનો અવાજ અને એ તો પેલી પાંચ મૂર્ખીઓનો અવાજ હતો. તેમની મશાલોમાં તેલ નથી પણ અંધારામાં ઊભી ઊભી તેઓ દરવાજો ખટખટાવતી હતી. તેઓ દરવાજો ખટખટાવતી હતી પરંતુ સંગીતના અવાજને કારણે તેમનો અવાજ દબાઈ જતો હતો અને સંભળાતો ન હતો. તેઓએ મોટેથી બૂમ પાડી કે, ''ઓ સ્વામી, સ્વામી અમારે સારું ઉઘાડ.'' વરરાજાએ ઉત્તર દીધો કે, ''હું તમને ખચિત કહું છું કે હું તમને ઓળખતો નથી કે તમે કોણ છો. મારી પાસે અત્યારે મારા મિત્રો મારી બાજુમાં છે. આટલા મોડા આવવાનું તમને કોણે કહ્યું ? પછી સ્વામીએ કહ્યું કે, ''જાગતા રહો.'' ''કેમકે તમે જાણતા નથી કે કઈ ઘડીએ કે કયા દિવસે માણસનો દીકરો આવશે તે તમે જાણતા નથી.'' ઈસુ વરરાજા છે અને આપણે કુમારિકાઓ જેવા છીએ. ઈસુ બહુ જલ્દી પાછા આવવાના છે પણ તે સમય કે ઘડી આપણે જાણતા નથી. આપણે વિચાર્યું પણ નહીં હોય અને તે એક ચોરની જેમ એકાએક આવી જશે, અને તેથી આ પાંચ ડાહી કુમારિકાઓની જેમ આપણે તૈયાર રહેવાનું છે. જો આપણે દેવના વચનો પાળતા નથી તો આપણે પાંચ મૂર્ખી કુમારિકાઓ જેવા તૈયારીવિહોણા છીએ. અને આમ આપણે દેવના રાજ્યમાં પ્રવેશી શકીશું નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. વરરાજા આવ્યા ત્યારે શું થયું ?..............................................................
2. પાંચ મૂર્ખ કુમારિકાઓનું શું થયું ?..........................................................
3. પાંચ મૂર્ખ કુમારિકાઓને વરરાજાએ શું કહ્યું ?...............................................
4. ઈસુ કેવી રીતે અને ક્યારે આવશે ?.........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 22

# તાલંતોનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 25:14-30

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને જણાવો કે તેઓની અંદર ઈશ્વરદત્ત કેટલીક ખાસ આવડતો જન્મજાત છે જેનો તેઓએ ઉપયોગ કરવાનો છે.

**પાઠનું આયોજન**

**તાલંતોના દૃષ્ટાંત વિશે કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 કરંથી 12:27

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ત્રણ ચાકરો :

કોઈ બોધપાઠ શીવવા માટે ઈસુ હંમેશા વાર્તાઓ દ્વારા શીખવતા. અહીં તાલંતોની વાર્તા છે. એક વખત એક માણસ ઘરેથી ઘણે દૂર ફરવા માટે નીકળ્યો. તે જેટલા દિવસો બહાર હોય તે સમય દરમિયાન તેની મિલ્કતની સંભાળ તેના ચાકરો રાખે તેવી તેની ઈચ્છા હતી. તેથી જતા પહેલા તેણે તેના ત્રણે ચાકરોને બોલાવ્યા. પહેલા ચાકરને ઘરના માલિકે પાંચ તાલંત આપ્યા. (તાલંત એટલે પૈસાનો સિક્કો નહીં પણ કિંમતી ધાતુનો બનેલો સિક્કો જેવી કે ચાંદી; અને એક તાલંતની કિંમત આશરે 50,000 રૂપિયા થાય. એટલે કે આ ચાકરને રૂા. 2,00,000 જેટલી રકમ મળી). આ ચાકર તાલંત મળતાની સાથે જ કામે લાગી ગયો અને આ રકમ બમણી થાય તે રીતે પ્રયત્ન કરવા લાગ્યો. તેની પાસે પાંચના બદલે દશ તાલંત થઈ ગયા. ઘરના માલિકે બીજા ચાકરને બે તાલંત આપ્યા. માલિકે એવું વિચાર્યું હશે કે કદાચ આ ચાકર કેવળ બે તાલંતોનો જ વહીવટ કરી શકશે. બીજો ચાકર પણ સફળ રહ્યો અને તેણે પણ તેની રકમને બમણી કરી. તેણે 1,00,000 રૂપિયા જેટલી રકમથી શરૂઆત કરી અને તેને બમણી કરી દીધી. ત્રીજો ચાકર પહેલા અને બીજા ચાકર જેટલો હોંશિયાર અને સક્ષમ ન હતો, પણ ઘર માલિકે તેને એક તાલંત આપ્યો (રૂા. 50,000). એવા વિચારથી કે તે એટલાનો વહીવટ સારી રીતે કરી શકશે. આ ચાકર પણ આ રકમને વધારી શક્યો હોત પણ તેણે જમીનમાં ખાડો કરીને તે રકમ દાટી દીધી.

**ઘરનો માલિક પાછો આવ્યો :**

ઘણા લાંબા સમય પછી માલિક પાછો ફર્યો (કેટલાક એવું માને છે કે માલિકની આ મુસાફરી ઈસુના પુનરાગમનનું ચિત્ર દર્શાવે છે - ન્યાયકાળે ઈસુ આકાશમાંથી પૃથ્વી પર પાછા આવશે) ત્રણે ચાકરો પાસેથી હિસાબ માંગવા માટે માલિક તૈયાર થયા. જેને પાંચ તાલંત મળ્યા હતા તે ચાકર માલિક પાસે તાલંતો લઈને હાજર થયો અને કહ્યું કે મેં તાલંતોને બમણા કરી દીધા છે. આવું સુંદર પરિણામ માલિક સમક્ષ રજૂ કરતાં તે હર્ષ અનુભવતો હતો. માલિક તેનાથી ખૂબ જ પ્રસન્ન થઈ ગયા અને શાબાશી આપતાં કહ્યું કે, ''શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે; હું તને ઘણા પર ઠરાવીશ : તું તારા પ્રભુના આનંદમાં પેસ.'' જેને બે તાલંત આપવામાં આવ્યા હતા તેણે પણ માલિકને બતાવ્યું કે તેણે પણ બમણા તાલંત કર્યા છે. આને પણ પહેલા ચાકરની જેમ જ શાબાશીના શબ્દો માલિકે કહ્યા. જે ચાકરને એક તાલંત આપવામાં આવ્યો હતો તેણે દાટેલ તાલંત જમીનમાંથી ખોદીને બહાર કાઢ્યો અને લઈને માલિકને આપ્યો. તેણે માલિક ઉપર આરોપ મૂક્યો કે તમે કડક માલિક છો તે હું જાણતો હોવાથી હું તમારાથી ગભરાયો અને તેથી આ તાલંતને મેં જમીનમાં દાટી દીધું. આ એક તાલંત માલિકને પાછો આપતાં તે બોલ્યો કે, ''જુઓ તમને તમારું પહોંચ્યું છે.'' માલિક તેના પર ગુસ્સે થયા અને તેને ભૂંડો તથા આળસુ ચાકર કહ્યો. માલિકે તેને કહ્યું કે જો તેં મારું આ નાણું કેવળ શાહુકારોને આપ્યું હોત તો વ્યાજ સહિત તે પાછું મળત (એક યહુદી બીજા યહુદી પાસે વ્યાજ લેતો નથી કે આપતો પણ નથી પણ જે યહુદી ન હોય તેની પાસેથી વ્યાજ લઈ શકાય છે) માલિકે તેની પાસેથી એક તાલંત પાછો લઈ લીધો અને જેની પાસે દશ તાલંત હતા તેને તે આપ્યો, પણ એક તાલંતવાળા ચાકરને માલિકે શિક્ષા કરી કેમકે તેને આપવામાં આવેલ તાલંતનો તેણે યોગ્ય વહીવટ ન કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. પ્રથમ અને બીજા ચાકર વચ્ચે કઈ સામ્યતા હતી?.................................................
2. ત્રીજા ચાકરે શું કર્યું?...................................................................
3. પ્રથમ બે ચાકરો ઉપર માલિક કેમ પ્રસન્ન થયા?...............................................
4. ત્રીજા ચાકર પર માલિક કેમ ગુસ્સે થયા?...................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ...........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 23
# રૂપાંતર

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 16:13-17:3, માર્ક 8:27-7:32, લુક 9:18-45

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વરની હાજરીમાં સમય ગાળવો તે સારી બાબત છે.

**પાઠનું આયોજન**

**ઈસુનું રૂપાંતર થયું તે વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 27:4

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### અનોખો અનુભવ :

એક રાત્રે ઈસુએ તેમના ત્રણ શિષ્યો, પિત્તર, યાકૂબ અને યોહાનને બોલાવ્યા, અને તેઓને સાથે લઈને હેર્મોન પર્વત ઉપર ગયા. પર્વત ઉપર સૌથી ઊંચી જગ્યાએ પહોંચ્યા પછી ત્રણે શિષ્યો આરામ કરવા લાગ્યા અને ઊંઘી ગયા પરંતુ ઈસુ તેમના સ્વર્ગીય પિતાનું મુખ પ્રાર્થના દ્વારા શોધે છે. ઈસુ પ્રાર્થના કરી રહ્યા હતા તે દરમિયાન તેમનું સ્વરૂપ બદલાઈ ગયું. તેમનું મુખ સૂર્યના જેટલું પ્રકાશિત બન્યું અને તેમના વસ્ત્રો બરફ કરતાં પણ વધારે શ્વેત બની ગયા. ત્રણ શિષ્યો ઊંઘમાંથી જાગ્યા, તો તેઓએ જોયું કે તેમનો પ્રભુ મહિમાવાન દેખાય છે અને તેમના શરીરમાંથી પ્રકાશ નીકળી રહ્યો છે. વળી, તેઓએ જોયું કે બે પુરુષો ઈસુની સાથે વાતચીત કરી રહ્યા છે, એટલે મુસા અને અલિયા જેઓ ઈસુને મળવા સ્વર્ગમાંથી અહીં ઉતરી આવ્યા હતા. ઈસુએ યરૂશાલેમમાં જે મૃત્યુ વેઠવાનું છે અને મરણ પામવાનું છે તે સંબંધિત વાત તેઓ કરતા હતા. આ બે પુરુષો શિષ્યોની દૃષ્ટિથી અદૃશ્ય થઈ રહ્યા હતા તે વખતે પિત્તર સહજ રીતે અજાણતા બોલી ઊઠ્યો કે “પ્રભુ, આપણે અહીં જ રહીએ તે સારું છે ! આપણે અહીં ત્રણ તંબૂ બનાવીએ. એક તમારા માટે, એક મૂસા માટે અને એક એલિયા માટે !” પિત્તર હજી તો આવું બોલી રહ્યો હતો તે દરમિયાન એક ચળકતું વાદળું આવ્યું અને તેઓની ઉપર આચ્છાદન કર્યું. શિષ્યો આથી ખૂબ જ ગભરાઈ ગયા. તેઓ વાદળામાં પોતાના પ્રભુને જોઈ શક્યા નહીં. વાદળામાંથી દેવની વાણી સંભળાઈ : “આ મારો વ્હાલો પુત્ર છે, જેના પર હું પ્રસન્ન છું; તેનું કહેવું માનો !” શિષ્યો આ વાણી સાંભળીને ગભરાઈ ગયા અને જમીન પર ઊંધા પડ્યા.

**ઈસુ આવ્યા :**

પછી ઈસુ આવ્યા અને તેઓને અડકીને કહે છે કે, ''ઊઠો, ગભરાશો નહીં.'' પછી તેઓએ નજર ઊંચી કરીને જોયું તો જુઓ ચળકતું વાદળ અદૃશ્ય થઈ ગયું હતું, પેલા બે પુરુષો પણ અદૃશ્ય થઈ ગયા, માત્ર ઈસુ એકલા જ ઊભા હતા. પછી તેઓ ચાલીને પર્વત ઉપરથી નીચે ઉતર્યા અને ઈસુએ તેઓને આગ્રહથી કહ્યું કે, ''માણસનો દીકરો મરણમાંથી સજીવન ન થાય ત્યાં સુધી આ વાત તમે કોઈને પણ કહેતા નહીં.'' તેઓને આશ્ચર્ય થયું કે ''મરણમાંથી સજીવન થવું'' એ વળી શું હશે ? કારણકે હજુ સુધી તેઓને ખબર નથી કે ઈસુ મરવાના છે. પણ પર્વત ઉપર તેમણે જે કંઈ જોયું તે તેઓએ બીજા કોઈને કહ્યું નહીં, હા, બાકીના શિષ્યોને પણ નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુની સાથે કયા ત્રણ શિષ્યો હતા ?..................................................
2. કઈ બે વ્યક્તિઓ ઈસુ સાથે વાતચીત કરવા આવી ?..................................................
3. પિત્તરે શો પ્રતિભાવ આપ્યો ?..................................................
4. ઈસુએ તેના શિષ્યોને શું કહ્યું ?..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 24

# ઈસુ લાજરસને જીવતો કરે છે

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 11:1-55

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈસુ જીવન આપનાર છે.

**પાઠનું આયોજન**

**ઈસુ અને લાજરસની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 11:25-26

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

**ઈસુને સમાચાર મળ્યા :**

ઈસુ યર્દનને પેલે પાર હતા અને ત્યાં તે ઉપદેશ આપવાની શરૂઆત કરવાના હતા. એકાએક જ ઈસુને યરૂશાલેમની નજીક આવેલ જૈતુન નામના પહાડ પર આવેલ બેથાની નામના ગામમાં પાછા બોલાવવામાં આવ્યા. સમાચાર એવા આવ્યા કે લાજરસ ખૂબ જ માંદો છે; પણ ઈસુએ બેથાની જવાની ઉતાવળ કરી નહીં, પણ જ્યાં ઈસુ હતા તે જગ્યાએ બે દિવસ રોકાયા પછી તેમણે શિષ્યોને કહ્યું કે, ‘‘ચાલો આપણે ફરીથી યરૂશાલેમ નજીક આવેલ યહુદીયામાં જઈએ.’’ શિષ્યોએ ઈસુને કહ્યું કે, ‘‘પ્રભુ, આપણે છેલ્લે યહુદીયામાં હતા ત્યારે લોકોએ તમને પથ્થર મારીને મારી નાખવા પ્રયત્ન કર્યો હતો; અને શું તમે ત્યાં ફરીથી જશો ?’’ ઈસુએ કહ્યું કે, ‘‘આપણો મિત્ર લાજરસ ઊંઘી ગયો છે; પણ હું તેને ઊંઘમાંથી જગાડવા સારું જવાનો છું.’’ શિષ્યોએ કહ્યું કે, ‘‘પ્રભુ, જો તે ઊંઘી ગયો હોય તો તે સાજો થશે.’’ ઈસુએ તો લાજરસના મરણ વિશે કહ્યું હતું; પણ તેઓને એવું લાગ્યું કે તેણે ઊંઘમાં વિસામો લેવા વિશે કહ્યું હતું. તેથી ઈસુએ તેઓને સ્પષ્ટ કહ્યું કે, લાજરસ મરી ગયો છે. અને હું ત્યાં નહોતો, માટે તમારી ખાતર હર્ષ પામું છું, એટલા સારું કે તમે વિશ્વાસ કરો; પણ ચાલો આપણે તેની પાસે જઈએ. ત્યારે ઈસુના શિષ્યોમાંના એક થોમાએ શિષ્યબંધુઓને કહ્યું કે ‘‘આપણે પણ જઈએ, અને તેની સાથે મરી જઈએ.’’

**ઈસુ બેથાનીમાં આવ્યા :**

તેથી ઈસુ તેમના શિષ્યોની સાથે બેથાનીમાં આવ્યા, ત્યારે ખબર પડી કે લાજરસને દાટ્યાને ચાર દિવસ થઈ ગયા છે. ઘણા યહુદીઓ માર્થા અને મરિયમ જેમણે પોતાના ભાઈને ગુમાવ્યો હતો તેમને દિલાસો આપવા આવ્યા હતા. તેઓએ માર્થાને જણાવ્યું કે ઈસુ આવી રહ્યા છે તેથી માર્થા ઈસુને લેવાને સામે ગઈ પણ મરિયમ ઘરમાં બેસી રહી. માર્થાએ ઈસુને જેવા જોયા કે તરત તેણીએ ખૂબ જ દુઃખી થઈને ઈસુને કહ્યું કે, ‘‘પ્રભુ, જો તું અહીં હોત તો મારો ભાઈ મરત નહીં, અને હજી પણ હું જાણું છું કે તમે દેવ પાસે જે કંઈ માગશો તે દેવ તમને આપશે.’’ ઈસુએ તેણીને કહ્યું કે, ‘‘તારો ભાઈ પાછો ઊઠશે.’’

માર્થા ઈસુને કહે છે કે છેલ્લે દહાડે પુનરુત્થાનમાં તે પાછો ઊઠશે એ હું જાણું છું. ઈસુ તેને કહે છે કે પુનરુત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે; અને જે કોઈજીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરશે નહીં જ; તું શું એવો વિશ્વાસ રાખે છે ? માર્થા ઈસુને કહે છે કે, હા પ્રભુ, મેં વિશ્વાસ રાખ્યો છે કે તું દેવનો દીકરો, ખ્રિસ્ત, જે જગતમાં આવનાર છે તે જ છે. એમ કહીને તે ચાલી ગઈ, અને પોતાની બહેન મરિયમને છાની રીતે બોલાવીને કહ્યું કે, ગુરુ આવ્યો છે, અને તને બોલાવે છે. એ સાંભળીને મરિયમ જલદીથી ઊઠીને ઈસુની પાસે ગઈ. ઈસુ તો હજી ગામમાં આવ્યો ન હતો. ત્યારે જે યહુદીઓ મરિયમની સાથે ઘરમાં હતા અને તેને દિલાસો આપતા હતા, તેઓએ જોયું કે મરિયમ જલદી ઊઠીને બહાર ગઈ, ત્યારે તે કબર આગળ વિલાપ કરવાને જાય છે, એવું ધારીને તેઓ તેની પાછળ ગયા. માટે જ્યાં ઈસુ હતો ત્યાં મરિયમે આવીને તેને જોયો, ત્યારે તેણે તેને પગે લાગીને કહ્યું કે, "પ્રભુ, જો તમે અહીં હોત, તો મારો ભાઈ મરત નહીં !"

**ચમત્કાર :**

ત્યારે તેને રડતી જોઈને, તથા જે યહુદીઓ તેની સાથે આવ્યા હતા તેઓને પણ રડતા જોઈને, ઈસુએ મનમાં નિઃસાસો મૂક્યો અને પોતે વ્યાકુળ થયો. ઈસુએ પૂછ્યું કે, "તમે તેને ક્યાં મૂક્યો છે ?"

તેઓએ ઈસુને એ જગ્યા બતાવી જ્યાં લાજરસને દાટવામાં આવ્યો હતો. તે તો એક ગુફા હતી અને તેના મોં ઉપર એક પથ્થર મૂકીને બંધ કરવામાં આવી હતી. ઈસુ ત્યાં ગુફા પાસે ઊભા રહીને રડ્યા. એ જોઈને યહુદીઓએ કહ્યું કે, "જુઓ, તે તેના પર કેટલો બધો પ્રેમ રાખતો હતો !"

પણ તેઓમાંના કેટલાએકે કહ્યું કે, જેણે આંધળાની આંખો ઉઘાડી, તેનામાં શું આ માણસ ન મરે એવું પણ કરવાની શક્તિ ન હતી ? તેથી ઈસુ ફરીથી નિઃસાસો મૂકીને કબર આગળ આવ્યા અને કહ્યું કે, "પથ્થરને ખસેડો !" મરનારની બહેન માર્થા તેને કહે છે કે, "પ્રભુ હવે તો તે ગંધાતો હશે; કેમકે આજ તેને ચાર દિવસ થયા." ઈસુએ તેને કહ્યું કે, "જો તું વિશ્વાસ કરશે, તો તું દેવનો મહિમા જોશે, એવું મેં તને નથી કહ્યું ?" ત્યારે તેઓએ પથ્થર ખસેડ્યો. અને ઈસુએ આંખો ઊંચી કરીને કહ્યું કે, "હે બાપ, તેં મારું સાંભળ્યું છે, માટે હું તારો આભાર માનું છું. અને તું નિત્ય મારું સાંભળે છે, એ હું જાણું છું; પણ જે લોક આસપાસ ઊભા છે, તેઓ વિશ્વાસ કરે કે, તેં મને મોકલ્યો છે, માટે તેઓને લીધે મેં એ કહ્યું." એમ બોલ્યા પછી ઈસુએ ઊંચે સ્વરે પોકાર્યું કે, "લાજરસ, બહાર આવ." ત્યારે જે મરી ગયેલ હતો તે કફનથી હાથે ને પગે વીંટાયેલો બહાર આવ્યો; અને તેના મોં પર રૂમાલ બાંધેલો હતો. ઈસુએ તેઓને કહ્યું, એનાં બંધન છોડી નાખો, અને તેને જવા દો ! લાજરસને જીવતો કરવાની શક્તિ લોકોએ ઈસુમાં જોઈ ત્યારે ઘણા લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. લાજરસ જીવતો રહે તે માટે, ઈસુ હાજર ન હતા, તેથી ઈસુને હર્ષ થયો એવું ઈસુ શા માટે કહે છે ?
2. માર્થા ઈસુને શું કહે છે ?..........................................................
3. પથ્થર ખસેડતી વખતે માર્થાના મનમાં કઈ શંકા હતી ?..........................................
4. ઈસુ દેવ પિતાને શું જણાવે છે ?..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 25

# સર્વદા પ્રાર્થના કરવાનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 18:1-8

**પાઠનો ઉદ્દેશ :** ખંતથી પ્રાર્થનામાં લાગુ રહેવા માટે બાળકોને ઉત્તેજન આપો.

**પાઠનું આયોજન**

**આગ્રહ કરનાર વિધવાનું દૃષ્ટાંત કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** હેબ્રી 10:36

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### વિધવાની વિનંતી :

લોકોએ સર્વદા પ્રાર્થના કરવી જોઈએ, અને કાયર થવું નહીં; તે શીખવવા સારું ઈસુએ એક દૃષ્ટાંત કહ્યું. ઈસુએ આ દૃષ્ટાંતને ''અન્યાયી ન્યાયાધીશ અને વિધવા''નું દૃષ્ટાંત એ રીતે જણાવ્યું.

એક શહેરમાં એક ન્યાયાધીશ હતો, તે દેવથી બીતો ન હતો તેમજ માણસને ગણકારતો ન હતો; તે શહેરમાં એક વિધવા હતી; તે વારંવાર તેની પાસે આવીને કહેતી કે, મારા વાદીની પાસેથી મને દાદ અપાવ. કેટલીક મુદત સુધી તે એમ કરવા ઈચ્છતો ન હતો; પણ પછી તેણે પોતાના મનમાં કહ્યું કે, જો કે હું, દેવથી બીતો નથી. અને માણસને ગણકારતો નથી; તો પણ આ વિધવા મને તસ્દી દે છે, માટે હું તેને દાદ અપાવીશ, રખેને તે વારેઘડીએ આવીને મને થકવે.

### ઈસુનું શિક્ષણ :

પ્રભુએ કહ્યું કે, તે અન્યાયી ન્યાયાધીશ શું કહે છે તે સાંભળો. તો દેવ પોતાના પસંદ કરેલા કે, જેઓ તેને રાતદહાડો વીનવે છે, અને જેઓના વિશે તે ખામોશી રાખે છે, તેઓને દાદ શું નહીં આપશે ? હું તમને કહું છું કે તે જલ્દી તેઓને દાદ આપશે.

**ખાલી જગ્યા પૂરો :**

1. આ દૃષ્ટાંત દ્વારા ઈસુ શું શીખવવા માંગે છે ?........................................................
2. ન્યાયાધીશ એવી વ્યક્તિ હતો કે જે........................................................
3. ન્યાયાધીશે પાછળથી શું વિચાર્યું ?........................................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 26
# ગેથશેમાનેમાં પ્રાર્થના

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 14:32-41, લૂક 22:39-46

**પાઠનો ઉદ્દેશ :** બાળકો તેમના જીવનો ઈશ્વરની ઈચ્છાને આધીન જીવે તે માટે ઉત્તેજન આપો.

**પાઠનું આયોજન**

**ગેથશેમાનેમાં પ્રાર્થના તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 14:36

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**ઈસુ 3 શિષ્યો સાથે :**

એક વખત ઈસુ તેમના શિષ્યોની સાથે ગેથશેમાને નામના બાગમાં હંમેશની જેમ પ્રાર્થના કરવા જાય છે. ઈસુ વધસ્તંભ ઉપર જડાયા તે અગાઉની આ વાત છે. તેઓ ગેથશેમાને નામના બાગમાં આવ્યા પછી ઈસુએ શિષ્યોને દરવાજા પાસે એકલા રાખ્યા અને કહ્યું કે, ''હું પણે જઈને પ્રાર્થના કરું ત્યાં સુધી તમે અહીં બેસો.'' પછી ઈસુ ત્રણ શિષ્યોને પોતાની સાથે લે છે, એટલે પિત્તર, યાકુબ અને યોહાનને લઈને ઈસુ બાગની અંદર થોડે દૂર જૈતુનના ઝાડોની અંદર થઈને આગળ સુધી જાય છે. બાકીના શિષ્યોમાંના થોડા બાગમાં ઘાસ ઉપર બેઠા હતા અને ચંદ્રના પ્રકાશમાં શાંત બેઠા હતા. થોડાક ઊંઘતા અને થોડા વાતો કરતા હતા. કેટલાકને કાને અવાજ સંભળાયો - પ્રાર્થનાની અંદર વ્યક્ત થતો ભારે વેદનાનો અવાજ : ઈશ્વરની આગળ રૂદન સાથે ઠલવાતો અવાજ. પણ આ અવાજના શબ્દો પાણીના નાળામાં થતા પરપોટાના અવાજને કારણે દબાઈ જતા હોવાથી સ્પષ્ટ સંભળાતા ન હતા; અથવા પવનને કારણે ઝાડના પાંદડા હાલતા હોવાથી તેના ખડખડાટ કરતા અવાજને કારણે પ્રાર્થનાના શબ્દો સ્પષ્ટ સંભળાતા ન હતા. પિત્તર, યાકૂબ અને યોહાન ત્રણે જણ પ્રભુની સાથે ગયા હતા અને પ્રભુ બહુ અકળાવા તથા ઉદાસ થવા લાગ્યા. માણસોથી ધિક્કારાવાનો હોવાની વાતને લીધે તથા વધસ્તંભની વેદના વેઠવાની હતી તે માટે ઈસુ ખૂબ જ ઉદાસ હતા. ઈસુએ ત્રણ શિષ્યોને કહ્યું કે, ''મારો જીવ મરવા જેવો અતિ શોકાતુર થાય છે; અહીં રહીને જાગતા રહો.''

**પ્રાર્થના :**

થોડે આગળ જઈને ઈસુએ ભોંય પર પડીને પ્રાર્થના કરી કે, જો બની શકે તો આ ઘડી મારાથી દૂર થાઓ. અબ્બા, બાપ, તારાથી બધુ થઈ શકે છે; આ પ્યાલો મારાથી દૂર કરજો; તો પણ મારી ઈચ્છા પ્રમાણે નહીં, પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ. જેઓના ઉપર હું પ્રેમ કરું છું તેઓના હાથે હું મર્યો ન જાઉં તેનું થવા : તો પણ મારી ઈચ્છા નહીં પણ તમારી ઈચ્છા પ્રમાણે થાઓ. પછી ઈસુ ઘોર ઝાડીમાંથી બહાર નીકળીને ત્રણ શિષ્યોની પાસે આવીને જુએ છે, તો તે ત્રણે જણ ઊંઘતા હતા. ઈસુ પિત્તરને કહે છે કે, પિત્તર તેં તો મારા માટે જીવ આપવાનું પણ કહ્યું હતું. તેં મને મોટા મોટા વચનો આપ્યાં છે. અને શું તું પણ ઊંઘે છે ? શું તું એક ઘડી પણ જાગતો રહી શકતો નથી ? શિષ્યો ખૂબ જ થાકી ગયા છે તેવું જોઈને ઈસુએ વળી વધારામાં એમ કહ્યું કે, ''આત્મા તત્પર છે ખરો, પણ દેહ અબળ છે.'' ઈસુ ફરીથી અંધારામાં એકાંતમાં જઈને શોકાતુર થવા લાગ્યા, અને વધારે આગ્રહથી પ્રાર્થના કરી કે, ''હે બાપ, જો આ પ્યાલો મારાથી દૂર થાય તેમ ન હોય, પણ મારે પીવો પડે એમ જ હોય તો પછી તમારી ઈચ્છા પ્રમાણે થાઓ.'' અને ઈસુનો પરસેવો લોહીના ટીપા સ્વરૂપે ભોંય પર પડવા લાગ્યો. પછી ઈસુ પ્રાર્થના પતાવીને ઊભા થયા અને શિષ્યોની પાસે ફરીથી આવ્યા, તો તેઓ હજી પણ ઊંઘતા હતા. ઈસુ ત્રીજી વખત પાછા ગયા અને પ્રાર્થના કરવા લાગ્યા અને એના એ જ શબ્દો પ્રાર્થનામાં ઉચ્ચાર્યા અને ત્રીજી વખત ઈસુ શિષ્યોની પાસે ગયા તો આ વખતે પણ તેઓ ઊંઘતા હતા. ઈસુના પગલાના અવાજથી જ્યારે તેઓ જાગી ગયા તો શિષ્યો દિલગીર થયા અને શરમ અનુભવવા લાગ્યા. ઈસુએ કહ્યું કે, ''હવે ઊંઘ્યા કરો તથા આરામ લો.'' ત્યાર પછી તરત જ ઈસુને પકડવામાં આવ્યા. ઈસુએ લાંબો સમય પ્રાર્થનામાં ગાળ્યો હતો તેથી વધસ્તંભની પ્રક્રિયાનો સામનો તેઓ સફળતાપૂર્વક કરી શક્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુ ગેથશેમાને બાગમાં શા માટે જતા ?.................................................
2. ઈસુએ તેમના પિતાને શું જણાવ્યું ?.................................................
3. ઈસુ પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે ત્રણ શિષ્યો શું કરી રહ્યા હતા ?.....................................
4. ઈસુ પ્રાર્થના કરી રહ્યા પછી શું બન્યું ?.................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 27
# ઈસુની ઉત્તમ કદર

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 14:3-11; લૂક 19:29-41; 22:3-6

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેમની શ્રેષ્ઠ વસ્તુ ઈસુને આપતા શીખે.

**પાઠનું આયોજન**

**બેથાનીમાં ઈસુનો અત્તર વડે અભિષેક એ વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 2 કોરંથી 9:6-7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈસુનો અભિષેક :

યરીખોમાંથી ઈસુ અને તેના શિષ્યો પર્વતો ઉપર ગયા અને ત્યાંથી બેથાનીમાં આવ્યા, જ્યાં માર્થા અને મરિયમ રહેતા હતા; અને જ્યાં ઈસુએ લાજરસને મરણમાંથી સજીવન કર્યો હતો. બેથાનીમાં ઈસુના મિત્રોએ ઈસુ માટે ભોજન બનાવ્યું હતું અને ભોજનની વ્યવસ્થા સિમોન નામની વ્યક્તિના ઘેર કરવામાં આવી હતી. તેને ''સિમોન કોઢી'' એ નામથી પણ ઓળખવામાં આવતો હતો; કદાચ ઈસુએ તેનો કોઢ મટાડ્યો હશે. ઈસુ અને તેના શિષ્યો તથા લાજરસ જમણના ટેબલ ઉપર મહેમાન બનીને ગોઠવાઈ ગયા હતા અને માર્થા આ બધાની રાહ જોઈને બેઠી હતી. જ્યારે તેઓ ભોજન શરૂ કરવાની તૈયારીમાં હતા તેવામાં લાજરસની બહેન મરિયમ ભોજનના રૂમની અંદર પ્રવેશ કરે છે, તેના હાથમાં અતિ મૂલ્યવાન સુગંધીદાર અત્તરની શીશી હતી. મરિયમે આ શીશી ખોલી અને તેમાંથી થોડું અત્તર ઈસુના માથા પર રેડ્યું, અને થોડું ઈસુના પગે ચોળ્યું અને ત્યારબાદ ઈસુના પગને પોતાના લાંબા વાળ વડે લૂછી નાખ્યા. આ અત્તરની સુગંધથી આખા ઘરમાં સુવાસ પ્રસરી ગઈ. પણ ઈસુના શિષ્યોમાંનો એક યહુદા ઈસ્કારિયોત આ બાબતથી ખુશ થયો નહીં. તેણે કહ્યું કે, ''આવા કિંમતી અત્તરનો આવી રીતે બગાડ કેમ કર્યો ? આ અત્તરને આપણે 45 ડોલર કરતાં વધારે કિંમતે વેચી શક્યા હોત, અને તે નાણાં આપણે ગરીબોને આપી શક્યા હોત !'' હવે તેને ગરીબોની ચિંતા હતી માટે તે આમ બોલ્યો ન હતો, પણ યહુદા પોતાની પાસે નાણાંની થેલી રાખતો હતો જેમાંથી ઈસુની અને શિષ્યોની જરૂરિયાત પૂરી થતી હતી, પરંતુ યહુદા ચોરી કરવાના

સ્વભાવવાળો હતો. એટલે તે પેલી થેલીમાંથી થોડું ચોરી લેતો અને પોતાના માટે વાપરતો હતો. જેટલા બને એટલા નાણાં કોઈને ખબર ન પડે એમ ચોરી લેતો હતો.

**ઈસુનો પ્રતિભાવ :**

મરિયમે જે કર્યું તેનાથી ઈસુ ખુશ થયા અને ઈસુએ તેનો પક્ષ લીધો, કારણકે, મરિયમે જે કંઈ કર્યું તે શુદ્ધ મનથી અને ત્યાગની ભાવનાથી કર્યું હતું. ઈસુએ કહ્યું, "એને રહેવા દો; એને કેમ સતાવો છો ? એણે મારા પ્રત્યે ભલું કામ કર્યું છે. કેમકે દરિદ્રીઓ સદા તમારી સાથે છે, ને તમે ચાહો ત્યારે તમે તેઓનું ભલું કરી શકો છો; પણ હું સદા તમારી સાથે નથી. જે તેનાથી બની શક્યું, તે તેણે કર્યું છે; દફનને સારું અગાઉથી તેણે મારા શરીરને અત્તર ચોળ્યું છે. વળી હું તમને ખચિત કહું છું કે, આખા જગતમાં જ્યાં પણ સુવાર્તા પ્રગટ કરાશે, ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે, તે એની યાદગીરીમાં કહેવામાં આવશે." કદાચ બીજાઓ નહીં જાણતા હોય પણ મરિયમ જાણતી હશે કે ઈસુ ટૂંક સમયમાં મરણ પામવાના છે; તેથી તેણે ઈસુ પરનો પ્રેમ પ્રગટ કર્યો, અને આવનાર મૃત્યુ માટેનું તેનું દુઃખ આ કિંમતી ભેટ દ્વારા પ્રગટ કર્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુનો અભિષેક કરવા મરિયમ શું લઈને આવી ?................................................
2. મરિયમે શું કર્યું ?......................................................................
3. યહુદાએ વિચાર્યું કે......................................................................
4. ઈસુએ ઉત્તર આપ્યો કે...................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 28
# પિત્તરનો નકાર

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 26:69-75, માર્ક 14:66-72

**પાઠનો ઉદ્દેશ :** મુશ્કેલીઓના સમયનો સામનો કરવા માટે ઈશ્વર પાસેથી શક્તિ મેળવવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**પિત્તરનો નકાર એ વાર્તા શીખવો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 7:7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### પિત્તર નિષ્ફળ ગયો :

ઈસુને પકડવામાં આવ્યા ત્યારે ઈસુનો મુકાદમો (કેસ) જ્યાં ચાલતો હતો ત્યાં પાછળના ભાગમાં પિત્તર જઈને સંતાઈ ગયો હતો. શું બની રહ્યું છે તે પિત્તર સાંભળવા અને જોવા માંગતો હતો. ઈસુનો મુકાદમ (કેસ) જ્યાં ચાલતો હતો તે કચેરીના પ્રાંગણમાં ઠંડીને કારણે પિત્તર તાપણા પાસે ઊભો રહી શેકતો હતો. કામવાળી બહેને ખૂબ જ ધારીને જોયું અને પછી બોલી ઊઠી, ‘‘તું પણ નાઝરેથના ઈસુની સાથેના લોકોમાંનો એક છે ?’’ સાચું બોલવાથી પિત્તર ગભરાયો તેથી તેણે તેને જવાબ આપ્યો કે, ‘‘બાઈ, હું તે વ્યક્તિને ઓળખતો જ નથી, અને આ તું શું વાત કરે છે, તે મને સમજાતું નથી.’’ આ બહેનથી સંતાઈ જવા માટે પિત્તર આઘે ખસીને પરસાળમાં જતો રહ્યો. ત્યાં બીજી બાઈએ તેને જોયો (કામવાળી બાઈ) અને કહ્યું, ‘‘ઈસુની સાથેમાંની વ્યક્તિઓમાંનો આ એક છે.’’ ત્યારે પિત્તર સમ ખાઈને કહેવા લાગ્યો કે હું ઈસુને ઓળખતો જ નથી. ત્યાર પછી માલખસના કુટુંબનો એક વ્યક્તિ આવ્યો, જેનો કાન પિત્તરે કાપી નાખ્યો હતો. તેણે પિત્તર તરફ જોયું અને પિત્તરને બોલતો સાંભળીને કહ્યું કે, ‘‘તું ચોક્કસ તેના શિષ્યોમાંનો એક છે, તારી બોલી ગાલીલ પ્રાંતની છે’’ પિત્તર ફરીથી સમ ખાવા લાગ્યો અને શ્રાપ આપીને બોલવા લાગ્યો કે તમે મને જે વ્યક્તિ વિશે પૂછો છો તેને હું ઓળખતો જ નથી.

### પિત્તર દ્વિધામાં :

બરાબર એ જ ક્ષણે મરઘાનો વહેલી સવારનો અવાજ સંભળાયો, જે સાંભળીને પિત્તર હચમચી ગયો અને તે જ ક્ષણે પિત્તરની નજર ઈસુ પર પડી કારણકે ઈસુને અનાન્યાની સભામાંથી ઢસડીને લોકો કાયાફાસની

સભામાં લઈ જતા હતા, જે બીજો મુખ્ય યાજક હતો. લોકો ઈસુને ઢસડીને લઈ જઈ રહ્યા હતા ત્યારે ઈસુએ પાછળ વળીને પિત્તર તરફ નજર કરી. આમ બન્ને જણની નજર એક થઈ. આથી પિત્તરના મનમાં પેલી વાત સ્ફૂરી આવી કે ઈસુએ ગઈ સાંજે જ કહ્યું હતું કે, ‘‘આવતીકાલે સવારે મરઘો બોલે તે અગાઉ ત્રણ વાર તું મારો નકાર કરીશ.’’ પછી પિત્તર મુખ્ય યાજકના ઘરમાંથી નીકળીને બહાર ખુલ્લામાં ગયો અનેખૂબ જ રડવા લાગ્યો કારણકે તેણે તેના પ્રભુનો નકાર કર્યો તે વાતથી તેને ખૂબ જ દુઃખ થયું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુની ધરપકડ પછી પિત્તર કેમ પાછળ પાછળ ગયો ? ............................................
2. જ્યારે લોકોએ પ્રશ્નો કર્યા ત્યારે પિત્તરે કહ્યું કે ..................................................
3. ઈસુએ પિત્તર તરફ ક્યારે જોયું ? ..........................................................
4. પિત્તરે ઈસુનો નકાર કર્યો એવું તમે કેવી રીતે કહી શકો ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 29

# ઈસુનું મરણ અને દફન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 27:45-61, માર્ક 15:33-47

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને સમજાવો કે તેમના માટે ઈસુએ દુઃખ વેઠ્યું.

**પાઠનું આયોજન**

**ઈસુનું મરણ અને દફન એ વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 53:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**ઈસુએ તેમનું કાર્ય પૂરું કર્યું :**

ઈસુએ કંઈ જ પાપ ન કર્યું હોવા છતાં, ઈસુને પકડવામાં આવ્યા, મુકાદમો ચલાવવામાં આવ્યો અને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા. યહુદીઓ તોફાને ચડ્યા અને અંધાધુંધી ફેલાઈ જાય તેવી પરિસ્થિતિ પેદા થઈ, જેથી પિલાત ઈસુને વધસ્તંભના મોતની સજા જાહેર કરે છે, પરંતુ પિલાત એમ કરવા ઈચ્છતો ન હતો. બે બાજુ એક એક ચોર અને વચ્ચે ઈસુ એ રીતે ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા. ભારે વેદનાની પળો આગળ વધી રહી હતી, અને બપોરનો સમય થયો તે વખતે કાળા વાદળો આકાશમાં દેખાવા લાગ્યા અને તેનાથી આકાશ છવાઈ ગયું અને સૂર્ય ઢંકાઈ ગયો; જાણે કે આકાશ, સૂર્ય અને ઈશ્વરની સમગ્ર ઉત્પત્તિ ઈસુના મરણને કારણે શોકમગ્ન થઈને મૌન ધારણ કરવા લાગી. ઈસુએ આત્માના ઊંડાણમાંથી મોટે સાદે વેદનાભર્યો પોકાર કર્યો, "એલી, એલી, લમા શબકૂથની, એટલે, ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?" ગીતશાસ્ત્ર અધ્યાય ૨૨નું આ પ્રથમ વાક્ય છે, જે વાક્ય ગીતકર્તાએ એ રીતે લખ્યું હતું કે, ઈશ્વર મારી સર્વ મુશ્કેલીઓ અને દુઃખોમાં તેનો કદી નિષ્ફળ ન થનાર પ્રેમથી મારી પડખે રહેનાર છે, તે ઈશ્વરે મને મૂકી દીધો છે. એ વખતે ત્યાં ઊભા રહેલાઓના કાને આ શબ્દો પડ્યા. તેમણે આ શબ્દો ધ્યાનથી અને સ્પષ્ટ ન સાંભળ્યા તેથી તેમણે "એલી" "એલી" એ શબ્દને "એલીયા" "એલીયા" એ રીતે ખોટો અર્થ કાઢ્યો અને કહ્યું કે, "જુઓ, તે એલિયાને બોલાવે છે." તેથી તેઓએ માંહોમાંહે કહ્યું કે ચાલો આપણે રાહ જોઈએ કે શું એલિયા તેને છોડાવવા આવે છે ખરો ? આ સમયે કંઈક ચમત્કાર થશે તેમ તેઓ માનતા હતા. તેમને એમ હતું કે, કાળા ડિબાંગ આકાશમાં એકાએક પ્રકાશ ઝબૂકશે, અને જૂના કરારના પ્રબોધકોમાંનો કોઈ એક પ્રબોધક, અગ્નિરથમાં સવાર થઈને સ્વર્ગમાંથી નીચે ઉતરી આવીને ઈસુને છોડાવશે. અને જ્યારે ઈસુએ વધસ્તંભ ઉપરથી ઉચ્ચાર્યું કે, "મને તરસ લાગી છે," ત્યારે તેઓએ વાદળી લઈને સરકાથી તે ભીંજવી, ને લાકડીની ટોચે બાંધીને તે ચૂસવાને ઈસુના મોં આગળ ધરી; અંશતઃ દયાથી અને

અંશતઃ મશ્કરીથી આમ કર્યું. પછી ઈસુએ મોટે સાદે ઘાંટો પાડીને કહ્યું કે, "સંપૂર્ણ થયું" અને તેની સાથે સાથે ઈસુએ વિશ્વાસથી પ્રાર્થનામાં શબ્દો ઉચ્ચાર્યા કે, "હે પિતા, હું મારો આત્મા, તારા હાથમાં સોંપું છું." અને પછી ઈસુએ પ્રાણ મૂક્યો. આ પ્રમાણે, આપણ સર્વને બચાવવા માટે ઈસુએ નામોશીભર્યું મોત વેઠ્યું.

**ઈસુ આરામ માટે કબરમાં :**

બપોરના ત્રણ વાગ્યા હતા, અને બીજો દિવસ શાબ્બાથનો દિવસ હતો. તે સમયના રિવાજ મુજબ શાબ્બાથ દિવસ આગલા દિવસ સાંજથી એટલે સૂર્ય અસ્ત થાય ત્યારથી જ શરૂ થઈ જતો હતો. તેથી યાજકોએ પિલાત પાસે મંજૂરી માંગી કે સૂર્ય અસ્ત થાય અને પવિત્ર દિવસ શાબ્બાથ શરૂ થઈ જાય તે પહેલાં આ ગુનેગારોના શરીરની યાતના પૂરી થાય અને તેમને વેળાસર વધસ્તંભ ઉપરથી નીચે ઉતારી મૂકવામાં આવે; અને પિલાતે તે માટે મંજૂરી આપી. તેથી સૈનિકોએ પાસે જઈને બે ચોરના પગ ભાંગ્યા જેથી તેઓ જલ્દીથી મરણ પામે. પણ જ્યારે તેઓ (સૈનિકો) ઈસુના પગ ભાંગવા ગયા તો તેમને જણાયું કે ઈસુ તો મરણ પામી ચૂક્યા છે, માટે ઈસુના પગ ન ભાંગ્યા. પણ ખાત્રી કરવા માટે સૈનિકોમાંના એકે ઈસુની કૂખમાં ભાલો માર્યો એટલે તરત પાણી અને લોહી નીકળ્યું એટલે ખાત્રી થઈ કે ઈસુ મરણ પામી ચૂક્યા છે. ત્યારબાદ યહુદી ન્યાયાલયના સભ્યોમાંના બે નામાંકિત સભ્યો જેઓ પડોશીઓની બીકને લીધે ઈસુના ગુપ્ત શિષ્યો હતા તે બન્ને જણ જાહેરમાં આવ્યા. તેમના નામ અરીમથાઈનો યૂસફ અને નિકોદેમસ હતાં. અરીમથાઈનો યૂસફ હિંમતથી પિલાતની પાસે ગયો અને ઈસુનું શબ માંગ્યું. નિકોદેમસ ઈસુના શબને લગાડવા માટે બોળ તથા અગરનું મિશ્ર લઈને આવ્યો; જેથી ઈસુના શબને સુગંધી દ્રવ્ય લગાડી શકાય. તેઓએ ઈસુનું શબ વધસ્તંભ ઉપરથી નીચે ઉતાર્યું અને યૂસફની વાડીમાં આવેલ નવી જ કબરમાં તે મૂક્યું. ત્યાર પછી દિવસ પૂરો થઈ ગયો અને અંધારું શરૂ થવાનું હોવાથી તેઓએ ઈસુના શબને દ્રવ્યો લગાડવાનું અધૂરું રાખીને કબરના મુખ ઉપર એક મોટો પથ્થર ગબડાવી દઈને, કબર આગળ ચોકીદારોને ચોકી પહેરો કરવાનું સોંપીને તેઓ નીકળી ગયા. ચોકીદારો આખી રાત કબર આગળ ચોકી પહેરો પૂરતા, આંટા મારતા હતા. તેઓ એવા શબની ચોકી કરતા હતા, જેમણે મહિમાવાન રાજા અને દેવનો દીકરો હોવાનો દાવો કર્યો હતો. ઈસુને ક્યાં દાટવામાં આવ્યા છે તે મરિયમ માગદાલણ અને યોસેની મા મરિયમે જોયું હતું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુ વધસ્તંભ ઉપરથી સૌ પ્રથમ શું બોલ્યા, અને તેનો અર્થ શો થાય છે? ..............................
2. વધસ્તંભ ઉપરથી શબને ઉતારી લેવા શા માટે જરૂરી હતાં? ..........................................
3. બે નામાંકિત વ્યક્તિઓ ઈસુને દફનાવવા આગળ આવી તે ............. અને ............. હતી.
4. દફનનું સ્થળ જે બે સ્ત્રીઓએ જોયું હતું તેમના નામ ................ અને ................ હતાં.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 30
# એમ્મોસ જતા શિષ્યોને ઈસુનું દર્શન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 24:13-35

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ દેવનું વચન ધ્યાનથી સાંભળે, યાદ રાખે અને સમજે.

**પાઠનું આયોજન**

**એમ્મોસ જનારાને ઈસુનું દર્શન એ વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 119:105

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**અજાણી વ્યક્તિ (ઈસુ) સાથે મુલાકાત :**

ઈસુના પુનરુત્થાન પછી, યરૂશાલેમમાંથી બે જણ એમ્મોસ નામના ગામ જતા હતા, જે આશરે સાત માઈલ દૂર હતું. દિવસ દરમિયાન બનેલ બીનાઓ અંગે તેઓ ચર્ચા કરી રહ્યા હતા, ત્યારે તેઓએ જોયું કે એક અજાણી વ્યક્તિ તેમની સાથે સાથે ચાલી રહી હતી. તે તો ઈસુ તેમનો પુનરુત્થાન પામેલ પ્રભુ હતો, પરંતુ તેઓ ઈસુને ઓળખી શક્યા નહીં. અજાણી વ્યક્તિએ તેઓને કહ્યું કે, ‘‘તમે બન્ને જણ માંહોમાંહે એકબીજા સાથે શી વાત કરો છો, અને તમે બન્ને આટલા ઉદાસ કેમ દેખાવ છો ?’’ તે બેમાંનો એક જણ જેનું નામ ક્લિઓપાસ હતું તેણે ઉત્તર આપ્યો કે ‘‘શું યરૂશાલેમમાં રહેનારાઓમાંનો એકલો તું જ આ દિવસોમાં બનેલી બીનાઓ એક અજાણી વ્યક્તિ તરીકે નથી જાણતો ?’’ અજાણી વ્યક્તિએ કહ્યું કે, ‘‘કઈ બીનાઓ ?’’ તેઓએ તેને કહ્યું કે, ‘‘ઈસુ નાઝારી, જે દેવની આગળ તથા સઘળા લોકની આગળ કામમાં તથા વચનમાં પરાક્રમી પ્રબોધક હતો. વળી મુખ્ય યાજકો તથા અમારા અધિકારીઓએ તેને મરણદંડ ભોગવવા સારું પરસ્વાધીન કર્યો, અને તેને વધસ્તંભે જડાવ્યો, કે જે ઈસ્રાએલને ઉદ્ધાર આપવાનો હતો તે એ જ છે. વળી એ સર્વ ઉપરાંત, આ બનાવ બન્યાને આજ ત્રીજો દિવસ થયો અને અમારામાંની કેટલીએક સ્ત્રીઓ કબર આગળ વહેલી ગઈ હતી, તેઓએ અમને આશ્ચર્ય પમાડ્યું, એટલે તેઓએ તેનું શબ દીઠું નહીં, ત્યારે તેઓએ આવીને કહ્યું કે, અમને દૂતોનું દર્શન પણ થયું અને દૂતે કહ્યું કે તે જીવતો છે. અમારી સાથેના કેટલાએક કબર આગળ ગયા ત્યારે જેમ સ્ત્રીઓએ કહ્યું હતું, તેમજ તેઓને માલૂમ પડ્યું; પણ તેને તેઓએ

દીઠો નહીં.'' પછી અજાણી વ્યક્તિએ તેઓને કહ્યું કે, ''ઓ અણસમજુઓ, તથા પ્રબોધકોએ જે કહ્યું છે, તે સર્વ પર વિશ્વાસ કરવામાં મંદ બુદ્ધિનાઓ ! શું ખ્રિસ્તે એ બધું સહેવું અને પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું ?''

**વચનનો ખુલાસો :**

પછી મૂસાથી તથા સઘળા પ્રબોધકોથી માંડીને તેણે બધા ધર્મલેખોમાંથી પોતાના સંબંધીની વાતોનો ખુલાસો કરી બતાવ્યો. જે ગામ તેઓ જતા હતા તેની નજીક તેઓ પહોંચ્યા, ત્યારે અજાણી વ્યક્તિએ તેઓને કહ્યું કે મારે હજુ વધારે આગળ જવાનું છે. પણ તેઓએ તેને આગ્રહ કર્યો કે, અમારી સાથે રહે; કેમકે સાંજ થવા આવી છે, અને દહાડો નમી ગયો છે. તેઓની સાથે રહેવા સારું તે માંહે ગયો. તે તેઓની સાથે જમવા બેઠો ત્યારે તેણે રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી; અને તેઓને આપી. ત્યારે તેઓની આંખો ઊઘડી, અને તેઓએ તેને ઓળખ્યો કે આ તો ઈસુ છે પણ તે તેઓની દૃષ્ટિમાંથી અદશ્ય થઈ ગયો. તેઓને એકબીજાને કહ્યું કે, જ્યારે તે માર્ગે આપણી સાથે વાત કરતો હતો, અને ધર્મલેખોનો ખુલાસો આપણને કરી બતાવતો હતો, ત્યારે આપણાં મન આપણામાં ઉલ્લાસી નહોતાં થતાં શું ?'' એ જ દિવસે ઈસુએ આ ત્રીજું દર્શન દીધું. તેમણે જે જોયું તે બીજાઓને જણાવવા માટે તેઓ યરૂશાલેમ દોડી ગયા, અને ત્યાં એકઠા થયેલા શિષ્યોને તેમણે આ સમાચાર આપ્યા, પરંતુ તેઓ માનવા માટે તૈયાર ન હતા.

**ખાલી જગ્યા પૂરો :**

1. બે વ્યક્તિઓની સાથે ચાલનાર અજાણી વ્યક્તિ કોણ હતી ?..........................................
2. પેલા બે જણા શા માટે ઉદાસ હતા ?..........................................................
3. ઈસુએ રોટલી ભાંગી એટલે શું થયું ?.........................................................
4. આ બે જણ પછીથી ક્યાં ગયા ?................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...............................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 31
# ઈસુનું સ્વર્ગારોહણ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 1:8-12, લૂક 24:49-53

**પાઠનો ઉદ્દેશ :** બળકોને સમજાવો કે ઈસુ જીવે છે અને તે હંમશા આપણી સાથે છે.

**પાઠનું આયોજન**

**ઈસુના સ્વર્ગારોહણની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 28:20

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈસુના સૂચનો :

પુનરુત્થાન પછી ઈસુના શિષ્યો ગાલીલમાં આવેલ પર્વત ઉપર એકઠા થયા, કદાચ આ એ જ પર્વત હતો જે પર્વત ઉપર ઈસુએ ‘‘પહાડ પરનું ભાષણ’’ એ ઉપદેશ આપ્યો હતો. આ સમયે 500 કરતા વધારે લોકો એકઠા થયા હતા, અને ઈસુએ તેઓને દર્શન આપ્યું. ઈસુએ તેઓને કહ્યું કે, ‘‘આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે, એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ; મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.’’ વળી ઈસુએ એમ પણ કહ્યું કે, જ્યાં સુધી ઈશ્વરનો આત્મા તમારા ઉપર આવે નહીં ત્યાં સુધી આ શહેરને છોડીને જતા ના. પછી ઈસુએ કહ્યું કે, ‘‘પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરૂશાલેમમાં, આખા યહુદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો.’’

### દૂતોનું દર્શન :

ઈસુ તેમના શિષ્યોને શહેરમાંથી દોરી જઈને જૈતુન પર્વત ઉપર લઈ ગયા, જે બેથાની ગામની નજીક આવેલ છે. તેમણે તેઓને આશીર્વાદ આપતાં હાથ તેઓની ઉપર પ્રસાર્યા; અને આશીર્વાદ આપતા આપતા જ તે પવન અને વાદળ દ્વારા ઉપર ગગનમાં ઊંચે ને ઊંચે ઊંચકાવા લાગ્યા, અને પછી વાદળોની અંદર એટલા બધા દૂર ઢંકાઈ ગયા કે શિષ્યો તેમને જોઈ ન શક્યા. તે જતા હતા ત્યારે તેઓ આકાશ તરફ એકી

નજરે જોઈ રહેતા હતા, એવામાં ઊજળા વસ્ત્ર પહેરેલા બે પુરુષ (દૂતો) તેઓની પાસે ઊભા રહેલા હતા. તેઓએ કહ્યું કે, "ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઊભા રહ્યા છો ? એ જ ઈસુ, જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમ જ પાછો આવશે." શિષ્યો ખૂબ જ આનંદિત બન્યા. પુનરુત્થાન પામેલ તેમના પ્રભુની તેઓએ આરાધના કરી જે અત્યારે સ્વર્ગમાં ચઢી રહ્યો હતો, અને તેઓ ફરીથી યરૂશાલેમ પાછા ગયા. તેઓ દેવની સ્તુતિ કરતા અને આભાર માનતા નિત્ય મંદિરમાં મળતા હતા.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુ ખ્રિસ્તે આપણને કયો અધિકાર આપ્યો છે ?.................................................
2. ઈસુએ શું મોકલવાનું વચન આપ્યું છે ?.................................................
3. દૂતો, શિષ્યોને શું કહે છે ?.................................................
4. શા માટે શિષ્યો આનંદિત બન્યા ?.................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 32

# પચાસમાના દિવસે પવિત્ર આત્મા ઉતર્યો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 2:1-41

**પાઠનો ઉદ્દેશ :** પવિત્ર આત્માથી ભરાવાની જરૂરિયાત વિશે બાળકોને સમજણ આપો.

**પાઠનું આયોજન**

**પવિત્ર આત્માના આગમનની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** પ્રે.કૃ. 1:8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**ભરપૂર થવું :**

ઈસુ તેમના પ્રેરિતોને મૂકીને સ્વર્ગીય ઘરમાં પાછા ફર્યા તે પહેલાં તેમણે તેમને કહ્યું કે જ્યાં સુધી દેવનો આત્મા તમારા પર ન આવે ત્યાં સુધી યરૂશાલેમમાં રાહ જોજો. બાઈબલમાં દેવના આત્માને પવિત્ર આત્મા તરીકે સંબોધવામાં આવ્યો છે. ઈસુને યરદન નદીમાં પ્રબોધક યોહાને બાપ્તિસ્મા આપ્યું ત્યારે પવિત્ર આત્મા ઈસુ પર ઉતર્યો હતો. હવે ઈસુના શિષ્યોએ ઈસુ વતી કાર્ય કરવાનું હતું તેથી તેઓને પણ સામર્થ્યની જરૂર પડે ! તેથી આજ્ઞા મળ્યા મુજબ તેઓ થોડો સમય યરૂશાલેમમાં વાટ જોઈને થોભ્યા. એક દિવસ તેઓ હંમેશની જેમ એકઠા મળીને દેવ વિશે અને ઈસુ વિશે ચર્ચા કરતા હતા તેમજ પ્રાર્થના કરતા હતા અને એકાએક તેમને ભારે પવનના સુસવાટા જેવો અવાજ સંભળાયો; અને અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી, જે દરેક શિષ્યોના માથા ઉપર એક એક બેઠી. કેટલો સમય સુધી આ બન્યું તે આપણે જાણતા નથી પણ પ્રેરિતોએ જોયું કે તેઓ જુદી જુદી ભાષાઓ બોલવા લાગ્યા ! દેવના આત્માનું પરાક્રમ તેઓની ઉપર આવ્યું માટે આમ બન્યું. દેવે આ એટલા માટે થવા દીધું કે જેથી તે બતાવી આપે કે ઈશ્વર કેટલા પરાક્રમી અને કેટલા મહાન છે. તેઓએ ઈશ્વર માટે અને ઈસુ માટે કાર્યો કરવાના હતાં, અને તે ઈચ્છતા હતા કે શિષ્યો જાણે કે જ્યારે જ્યારે મદદની જરૂર પડશે ત્યારે દેવનું પરાક્રમી સામર્થ્ય તેમની મદદ કરશે. તેઓ જુદી જુદી ભાષાઓમાં બોલ્યા તેથી તેઓને લાગ્યું કે દેવનું પરાક્રમ તેમની ઉપર ઉતર્યું છે. જે દિવસે આ પરાક્રમ ઉતર્યું તે દિવસને પચાસમાનો દિવસ કહેવામાં આવે છે. ઈસુ સજીવન થયા ત્યાર

પછી પચાસમા દિવસે આ બન્યું તેથી તે પચાસમાના દિવસ તરીકે ઓળખાય છે. આ એવો સમય હતો જ્યારે આખા દેશમાંથી યહુદીઓ યરૂશાલેમમાં આવીને એકઠા મળતા અને દેવના મંદિરની મુલાકાત કરીને યાજકોના હાથે અર્પણ કરેલા બલિદાનો ચઢાવતા હતા.

### પિત્તરનો સંદેશો (ભાષણ)

તે દિવસે શિષ્યો આનંદમાં હતા. તેઓએ કદાચ થોડાં ગીતો પણ ગાયાં હશે. દેવનો આત્મા તેઓ ઉપર હતો, અને ઈસુએ તેમને કહ્યું હતું તે બાબતો કરવાની શરૂઆત તેઓ કરી રહ્યા હતા. પછી પિત્તરે અદ્‌ભુત ભાષણ કર્યું. તેણે લોકોને કહ્યું કે ઈસુ એ વ્યક્તિ છે જેમના વિશે પ્રબોધકોએ જણાવ્યું છે કે તે આવનાર છે; અને વળી પ્રબોધકોએ એવી પણ ભવિષ્યવાણી કરી છે કે ઈસુ લોકો વતી મરણ પામશે જેથી લોકો ફરીથી સજીવન થાય. પિત્તરે લોકોને એ પણ જણાવ્યું કે ઈસુ મરણમાંથી ફરીથી પાછા ઊઠીને સ્વર્ગમાં ચઢી ગયા છે; એટલે જ પવિત્ર આત્મા સ્વર્ગમાંથી અમારા ઉપર ઉતર્યો છે. આ સાંભળીને ઘણા યહુદીઓ દિલગીર થયા કે તેઓએ ઈસુને મારી નાખવામાં મદદ કરી હતી; તેથી તેઓએ પિત્તરને પૂછ્યું કે અમારે શું કરવું જોઈએ. પિત્તરે કહ્યું કે તમે પસ્તાવો કરો અને બાપ્તિસ્મા પામો. આમ, એ દિવસે પવિત્ર આત્મા ઈસુના મિત્રો અને સાથીદારો ઉપર ઉતર્યો તેથી ઘણાએ નિર્ણય કર્યો કે તેઓ હવેથી ઈસુના પગલામાં ચાલશે. પવિત્ર આત્મા પામ્યા પછી શિષ્યો હિંમતવાન બન્યા હતા તેથી આમ કરી શક્યા. પવિત્ર આત્માને કારણે લોકો ઈસુને તેમના તારનાર તરીકે સ્વીકારી શક્યા. તેથી પવિત્ર આત્માથી ભરપૂર થવું તે ખૂબ જ જરૂરી છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. શિષ્યો રાહ જોઈ રહ્યા હતા ત્યારે શું બન્યું?...............................................
2. પવિત્ર આત્મા ઉતર્યો એટલે ...............................................
3. પિત્તરે હિંમતથી શો પ્રચાર કર્યો?...............................................
4. સંદેશો સાંભળીને...............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ...............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

### જીવનમાં લાગુકરણ

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 33

# સ્તેફન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 6:1-8:3

**પાઠનો ઉદ્દેશ :** અંત સુધી ઈશ્વરને વિશ્વાસુ રહેવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**સ્તેફનની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચન 28:20

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### સ્તેફનનું ભાષણ અને પ્રતિભાવ :

સ્તેફન વિશ્વાસથી અને પવિત્ર આત્માથી ભરપૂર એવો દેવનો પસંદ કરેલ વ્યક્તિ હતો. અને જે ૬ વ્યક્તિઓને ગરીબોની સેવા માટે પસંદ કરવામાં આવ્યા હતાં તેમાંનો તે એક હતો. પ્રેરિતોએ તેમને આ કામ માટે અલગ કર્યા હતાં. જરૂરિયાતમંદોની કાળજી લેવાનું કામ સ્તેફન સારી રીતે કરતો. તેણે ઈસુ ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવાનું શરૂ કર્યું, અને એવા આત્માથી પ્રગટ કરી કે જે લોકોએ તેને સાંભળ્યો તેમનાં હૃદયમાં સત્યની ખાતરી થઈ. સ્તેફને મંદિરનાં લોકોને જણાવ્યું કે ખ્રિસ્તની સુવાર્તા માત્ર યહુદીઓ માટે જ નથી, પરંતુ સઘળા લોકોને માટે છે. જે લોકો ઈસુ પર વિશ્વાસ કરે તે સઘળાં તારણ પામશે. આ મહાન સત્ય પ્રગટ કરવા માટે સ્તેફને પૂરા આત્માથી પ્રગટ કર્યું. આ પ્રકારનો ઉદ્દેશ કે બિનયહુદીઓ પણ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાથી તારણ પામશે. તેવી સ્તેફનની વાત સાંભળીને ઘણા યહુદીઓ ખૂબ જ ગુસ્સે થયાં. કારણકે જેઓ યહુદીઓ નથી, તેમને યહુદી લોકો વિદેશીઓ ગણે છે. અને તેમને ઉતરતી કક્ષાના માને છે. પરંતુ સ્તેફન જે શબ્દો બોલ્યો તેનાં જવાબ તે આપી શક્યા નહીં. તેથી તેમને કેટલાક લોકોને અને યહુદી આગેવાનોને સ્તેફન વિરુદ્ધ ભડકાવ્યો. અને છેવટે સ્તેફનને પકડીને ન્યાયસભાની આગળ રજૂ કર્યો. તેઓએ ન્યાયસભાને કહ્યું કે, આ માણસ હંમેશાં આપણા મંદિર વિરુદ્ધ અને મૂસાનાં નિયમ વિરુદ્ધ વાત કરે છે. અમે તેને એમ કહેતા સાંભળ્યો છે કે, ઈસુ નાઝારી આ સ્થળનો નાશ કરશે. અને મૂસાએ આપેલા નિયમોને બદલી નાખશે. આ બાબત અડધી સાચી અને અડધી ખોટી હતી. કોઈ જૂઠી બાબત જેટલું નુકસાન કરે છે, તેનાથી વધારે નુકસાન અર્ધસત્ય બાબત કરે છે. મુખ્ય યાજકે સ્તેફનને પૂછ્યું કે શું આ બધુ સાચું છે ?

**સ્તેફનનો બચાવ :**

મુખ્ય યાજકને જવાબ આપવા માટે સ્તેફન ઊભો થયો, એટલે બધાની નજર તેના ઉપર ગઈ. અને તેઓએ જોયું કે સ્તેફનનો ચહેરો દૂતના ચહેરાની જેમ ચમકત હતો. સ્તેફને મહાન સત્યો બોલવાની શરૂઆત કરી. અને જણાવ્યું કે, ઈશ્વરે ભૂતકાળમાં તેમનાં લોક એટલે ઈસ્રાએલી પ્રજાને માટે મોટા કામ કર્યા હતાં. તેણે કહ્યું કે, કેવી રીતે ઈબ્રાહિમને એટલે તેમનાં પિતાને ઈશ્વરે તેડું આપ્યું. અને એક નવા જ દેશમાં લઈ ગયા. વળી કેવી રીતે ઈશ્વરે તેની પ્રજાને યૂસફ, મૂસા અને પ્રબોધકો જેવા આગેવાનો પૂરા પાડ્યાં. જેમને ઈશ્વરે આ બધા આશીર્વાદો આપ્યાં તે ઈસ્રાએલી પ્રજા ઈશ્વરને વફાદાર ન હતી, પછી સ્તેફને કહ્યું કે, તમે લોકો કઠણ હૃદયનાં અને અક્કડ ગદરદનનાં લોકો છો. જેઓ દેવનાં વચનને અને પવિત્ર આત્માને આધીન થતાં નથી, જેમ તમારાં બાપ-દાદાઓએ કર્યું, તેમ તમે પણ કરો છો. જે પ્રબોધકોને ઈશ્વરે મોકલ્યાં હતાં તેમને તમારાં બાપ-દાદાઓએ મારી નાખ્યાં. અને તમે ઈસુ જે ન્યાયી હતો તેને મારી નાખ્યો.

**સ્તેફનનું મરણ :**

તેઓએ આ વાતો સાંભળી એટલે સ્તેફન વિરુદ્ધ ગુસ્સે થયાં. અને જંગલી પ્રાણીઓની જેમ દાંત ભીંસવા લાગ્યાં. પરંતુ સ્તેફન પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેનું ચળકતું મોં આકાશ તરફ ઊંચું કર્યું, એટલે તેને દેવનો મહિમા દેખાયો. અને ઈસુને બાપને જમણે હાથે બેઠેલા જોયાં. એટલે તેણે કહ્યું કે હું આકાશ ખુલ્લું થયેલું અને માણસના દીકરાને બાપને જમણે હાથે ઊભેલો જોઉં છું. પરંતુ તેઓ ગુસ્સાથી બોલ્યા, અને સ્તેફન તરફ ધસી આવ્યા અને ન્યાયીસભાનાં રૂમમાંથી બહાર કાઢીને શહેરની બહાર ઢસડીને લઈ ગયાં. તેને મારી નાખવા માટે તેઓએ પથ્થર ફેંક્યાં. પથ્થર પડતાં હતાં ત્યારે સ્તેફને ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરી કે હે ઈસુ મારાં આત્માનો અંગીકાર કર, આ પાપ તેઓના શીરે ન મૂક, આમ બોલી રહ્યા પછી તે મરણ પામ્યો. ખ્રિસ્તની સુવાર્તાના માટે સ્તેફન પ્રથમ શહીદ થયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. સ્તેફન .................... પ્રકારનો વ્યક્તિ હતો.
2. લકોનો પ્રતિભાવ કેવો હતો ? ........................................................
3. સ્તેફને શું કહ્યું જેથી લોકો ગુસ્સે થયાં ?.............................................
4. સ્તેફન મૃત્યુ પામ્યો ત્યારે શું બોલ્યો હતો ?..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 34

# પાઉલ અને સિલાસ કેદખાનામાં

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 16:14-40

**પાઠનો ઉદ્દેશ :** સાચા ભજનનું મહત્ત્વ બાળકોને સમજાવો.

**પાઠનું આયોજન**

**પાઉલ અને પિલાત કેદખાનામાં તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 96:8-9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**અશુદ્ધ આત્મા કાઢવામાં આવ્યો :**

એક વખત પાઉલ અને સિલાસ ફિલિપ્પી શહેરમાં ગયાં. અને ત્યાં દેવનું વચન પ્રગટ કર્યું. પછી તેઓ લૂદિયાનાં ઘરે ગયાં. અને જ્યાં સુધી ત્યાં હતાં ત્યાં સુધી લૂદિયાના ઘરે રોકાયાં. કારણકે તે વિશ્વાસી સ્ત્રી હતી. એક દિવસ તેઓ જ્યારે પ્રાર્થના કરવા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં અશુદ્ધ આત્મા વળગેલી એક સ્ત્રી મળી. તે ગુલામ હતી અને અશુદ્ધ આત્માની મદદથી ભવિષ્ય ભાખીને તેનાં માલિકને મદદ કરતી હતી કેમકે તેને અગમસૂચક આત્મા વળગ્યો હતો અને તેમાંથી મોટી કમાણી થતી હતી. તેણે જેવા પાઉલ અને સિલાસને જોયં કે તરત ઘાંટો પાડીને બોલી કે, આ દેવનાં સેવકો છે. જેઓ તારણનો માર્ગ પ્રગટ કરે છે. આ મુજબ તે દરરોજ કરવા લાગી અને પાઉલ અને તેના મિત્રોની પાછળ પાછળ જતી. આ દાસીને અશુદ્ધ આત્માથી બંધાયેલી જોઈને પાઉલ બેચેન થયો. અને અશુદ્ધ આત્માને કહ્યું કે હું તને ઈસુખ્રિસ્તનાં નામમાં આજ્ઞા કરું છું કે, આ સ્ત્રીમાંથી તું બહાર નીકળ. અને તે જ ક્ષણે અશુદ્ધ આત્મા આ છોકરીમાંથી નીકળી ગયો. પરંતુ અશુદ્ધ આત્મા નીકળી જવાથી તેના માલિકને જે ફાયદો થતો હતો તે બંધ થઈ ગયો. તેઓ ગુસ્સે થયાં. અને પાઉલ અને સિલાસને પકડીને ન્યાયસભા આગળ લઈ ગયાં. અને કહ્યું કે આ બન્ને જણ યહુદી છે. અને આપણાં શહેરમાં મુશ્કેલી ઊભી કરે છે. તેમજ રોમન કાયદાઓની વિરુદ્ધ વાત કરે છે. પછી લોકોને તેમની વિરુદ્ધ ઉશ્કેર્યા. લોકોનાં ટોળાને ખુશ કરવા માટે આગેવાનોએ પાઉલ અને સિલાસનાં કપડાં ઉતારીને સળિયાથી મારવા માટે હુકમ કર્યો.

**કેદખાનામાં નાખ્યા :**

ઘણા બધા ભારે ફટકાનો માર ખાધા પછી તેઓને કેદખાનામાં નાખવામાં આવ્યાં. અને કેદખાનાનાં દરોગાને તેમનું ધ્યાન રાખવાનું કહેવામાં આવ્યું. તે તેઓને ઘાયલ સ્થિતિમાં જેલની અંદર વચ્ચેનાં ભાગમાં લઈ ગયો. અને તેમના પગમાં બેડીઓ પહેરાવી. લગભગ મધરાત્રે પાઉલ અને સિલાસ ગીતો ગાતા અને પ્રાર્થના કરતાં હતાં. જે બીજા કેદીઓએ સાંભળ્યું. પછી એકાએક ધરતીકંપ થયો. એટલે જેલનાં પાયા હાલી ગયાં. બધા જ દરવાજા ખુલી ગયાં. તેમની બેડીઓ પણ ખુલી ગઈ. અને ઈશ્વરની બીક સિવાય બીજી કોઈ બાબત તેમને જેલમાં રાખે નહીં તેવી સ્થિતિ ઊભી થઈ. જેલનો દરોગો ઊંઘમાંથી ઊઠ્યો. અને જોયું, તો જેલનાં દરવાજા ખુલ્લા હતા. રોમન કાયદા મુજબ જો જેલમાંથી કેદી ભાગી જાય, તો કેદીની સજા દરોગાએ ભોગવવી પડતી. તેથી કેદીઓને ભાગી ગયેલા માનીને દરોગાએ તેની પોતાની તલવાર ખેંચીને જાતે મરી જવા ઉગામી. ત્યારે પાઉલે કહ્યું કે તું તારી જાતને કંઈ નુકસાન કરીશ નહીં. કારણકે અમે બધા અહીં છીએ. પછી પાઉલે દેવની સુવાર્તા દરોગાને કહી સંભળાવી અને તેનું આખું કુટુંબ તારણ પામ્યું. આ મુજબ ભજન કરવાથી મોટો ચમત્કાર થયો અને આખું કુટુંબ બચી ગયું.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે પાઉલે અશુદ્ધ આત્માને કાઢ્યો ?.............................................
2. શા માટે તેનો માલિક ગુસ્સે થયો ? ...............................................
3. પાઉલ અને સિલાસ જેલમાં શું કરતાં હતાં ?.......................................
4. જેલમાં શું બન્યું ?.........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 35
# સુંદર નામના દરવાજા પાસે લંગડો માણસ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રેરિતોનાં કૃત્યો 3:1-31

**પાઠનો ઉદ્દેશ :** બીજાઓનાં સાજાપણાં માટે પ્રાર્થના કરવા સંબંધી બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**સુંદર નામના દરવાજા પાસે લંગડો માણસ તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માર્ક 16:17-18

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**સાજાપણું :**

પિત્તર અને યોહાન બન્ને પ્રેરિતો બપોરે ત્રણ વાગે પ્રાર્થના કરવાં મંદિરે જઈ રહ્યાં હતાં. મંદિરની બહારનો દરવાજો જે સુંદર નામના દરવાજા તરીકે ઓળખાય છે, ત્યાં એક લંગડા માણસને બેઠેલો તેઓએ જોયો. તે જન્મથી જ લંગડો હતો. અને જીવનમાં કદી જ ચાલ્યો ન હતો. ગરીબીને કારણે તેની પાસે ચાલવાનું સાધન પણ નહોતું. તેનાં મિત્રો તેને દરરોજ ઊંચકીને આ સ્થળે મૂકી જતાં હતાં અને તે અહીં એવી આશાથી બેસતો હતો કે મંદિરમાં જનારાઓમાંથી, કોઈકને તેના પર દયા આવશે. તો તેને થોડાં પૈસા મળી રહેશે. આ માણસની આગળ આવીને પિત્તર અને યોહાન ઊભા રહ્યો. અને પિત્તરે કહ્યું કે અમારી તરફ જો. આ લોકો મને કંઈક આપશે, એવું ધારીને આ લંગડો માણસ બન્ને પ્રેરિતો તરફ એકી નજરે જોવા લાગ્યો. પિત્તરે કહ્યું કે સોનું અને રૂપું મારી પસે નથી. પણ મારી પાસે જે છે, તે હું તને આપું છું. એટલે ઈસુ નાઝારી નામમાં હું તને કહું છું કે ઊભો થઈને ચાલવા માંડ. પછી પિત્તરે લંગડા માણસનો જમણો હાથ પકડીને તેને ઊભો કર્યો. તરત જ તેની ઘૂંટીઓમાં અને પગમાં જોર આવ્યું એટલે તે ઊભો થયો અને નાચતો અને કૂદતો અને દેવની સ્તુતિ કરતો ચાલવા લાગ્યો. કારણકે તેના આખા જીવનમાં તે ચાલ્યો ન હતો. બન્ને પ્રેરિતોની સાથે તે થોડા ડગલાં ચાલ્યો. પછી મંદિરમાં જઈને તેમની બાજુમાં ઊભો રહીને દેવનું ભજન કરવા લાગ્યો. જે લોકોએ તેને ચાલતો અને કૂદતો જોયો તેમણે ઓળખ્યો કે, આ તો પેલો ભિખારી છે. જે દરરોજ સુંદર નામના દરવાજા પાસે બેસે છે. તેનામાં આવેલ ફેરફાર જોઈને તેઓને ખૂબ જ નવાઈ લાગી.

**પિત્તરનું ભાષણ :**

મંદિરમાં સ્તુતિ આરાધના અને ઈશ્વરનું ભજન કર્યા પછી પણ આ વ્યક્તિ પિત્તર અને યોહાનને છોડતો નથી પણ તેમની સાથે જ મંદિરની બહાર નીકળે છે અને સુંદર નામના દરવાજામાં થઈને સુલેમાનની પરસાળમાં ગયા. થોડી જ મિનિટોમાં તે જગ્યાએ લોકોનું મોટું ટોળું એકત્ર થઈ ગયું. તેઓ સાજા થયેલા આ માણસને અને જેઓએ તેને સાજો કર્યો હતો તે બે માણસોને જોવા માટે એકત્ર થયા હતા.

પછી પિત્તર લોકોના ટોળાની વચ્ચે ઊભો થઈને કહેવા લાગ્યો કે અમે બે જણે તેને સાજો કર્યો નથી પણ ઈસુએ તેને સાજો કર્યો છે. પછી તેણે હિંમતથી કહ્યું કે તેમણે ઈસુને મારી નાખ્યો તે બહુ મોટી ભૂલ હતી. છતાં પણ પિત્તરે કહ્યું કે જે કોઈ વ્યક્તિ ઈસુની પાસે આવે છે અને પસ્તાવો કરે છે તેને માફી આપવામાં આવેછે અને તે તારણ પામશે.

**અધિકારીઓની ચેતવણી :**

જ્યારે અધિકારીઓને આ વાતની ખબર પડી એટલે તેમણે ગુસ્સે થઈને તેમને કેદખાનામાં નાખ્યા અને પાછળથી તેઓને એવી ચેતવણી પણ આપવામાં આવી કે ફરીથી કદી તમારે ઈસુના નામમાં પ્રચાર કરવો નહીં. પરંતુ પિત્તરે ના પાડતાં કહ્યું કે અમારે માણસો કરતાં દેવનું વધારે માનવું જોઈએ. પિત્તરને અને યોહાનને સજા કરતાં તેઓ ગભરાતા હતા કારણકે તેઓ જાણતા હતા કે તેમને જે સારાં કામો ઈસુના નામમાં કર્યા છે તેને લીધે લોકો તેમની પડખે છે. તેથી જો તેઓને નુકસાન થાય તો લોકોનું ટોળું ગુસ્સે ભરાશે. લોકોની બીકે અધિકારીઓએ તેમને છોડી મૂક્યા. જેલમાંથી છૂટીને તેઓ તેમના બીજા મિત્રોની પાસે જેઓ ઉપલી મેડીમાં મળતા હતા ત્યાં ગયા અને બધાએ ભેગા મળીને દેવની સ્તુતિ કરી કે દેવે તેમને બીક વગર હિંમતથી બોલવાની કૃપા આપી.

**ખાલી જગ્યા પૂરો :**

1. પિત્તરે અને યોહાને લંગડા માણસને શું કહ્યું ?..............................................
2. સાજો થયા પછી તે માણસ ..............................................
3. પિત્તરે લોકોને શું કહ્યું..............................................
4. પિત્તર અને યોહાનને શિક્ષા કરતાં અધિકારીઓ કેમ ગભરાતા હતા ?..............................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 36

# અનાન્યા અને સફિરા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 5:1-11

**પાઠનો ઉદ્દેશ :** કદી જૂઠું ન બોલવું તેમ બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**અનાન્યા અને સફિરાની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચનો 6:16-19

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### અનાન્યાને શિક્ષા :

યરૂશાલેમની મંડળીમાં બનેલ આ ઘટના છે, જે ઈસુના સ્વર્ગારોહણ પછીના થોડા વર્ષોમાં બની હતી. આ મંડળીમાં એવી પ્રણાલિ હતી કે લોકો પોતાની સંપત્તિ વેચીને મંડળીને દાન કરતા જેથી તેનો ઉપયોગ ગરીબો માટે થઈ શકે. આ મંડળીમાં અનાન્યા નામે એક સભ્ય હતો, તેણે તેની પોતાની માલિકીની જમીનમાંથી થોડી વેચી દીધી અને તેની પત્ની સફિરાની સંમતિથી તે જમીનના નાણાંમાંથી થોડા નાણાં મંડળીમાં આપવાનું નક્કી કર્યું, અને બાકીનો થોડો હિસ્સો પોતાના માટે રાખવાનું નક્કી કર્યું. આ પ્રમાણે કરવાનો તેમને સંપૂર્ણ અધિકાર હતો અને તેઓ પૂરેપૂરું પણ રાખી શકે તેમ હતા, કેમકે તે તેમનું જ હતું. પરંતુ તે બન્ને જણે સાથે મળીને એવું નક્કી કર્યું કે આપણે એવું કહીશું કે અમે બધા જ નાણાં મંડળીને આપીએ છીએ; એટલે કે સાથે મળીને જૂઠું બોલવાનું નક્કી કર્યું. તેથી અનાન્યા પેલા નાણાં લઈને મંડળીમાં આવ્યો અને તે તેણે પ્રેરિતોના પગ આગળ મૂક્યાં. દેવના આત્માની શક્તિ વડે પિત્તર અનાન્યાના મનના વિચારોને પારખી ગયો અને તેથી પિત્તરે અનાન્યાને કહ્યું કે, "ઓ અનાન્યા, પવિત્ર આત્માને જૂઠું કહેવાનું, તથા ભોંયના મૂલ્યમાંથી થોડું પોતાની પાસે રાખવાનું શેતાને તારા મનમાં કેમ ભર્યું છે ? તે ભોંય તારી પાસે હતી ત્યારે શું તારી નહોતી ? અને તેને વેચ્યા પછી શું તેનું મૂલ્ય તારે સ્વાધીન નહોતું ? આવો વિચાર તેં પોતાના મનમાં કેમ આવવા દીધો ? તેં માણસોને નહીં પણ દેવને જૂઠું કહ્યું છે." પિત્તર આ શબ્દો બોલતો

હતો એટલામાં, અનાન્યા તેની આગળ પડી ગયો અને થોડી જ ક્ષણોમાં ભોંયતળિયા ઉપર જ પડીને મરણ પામ્યો. સભામાં બેઠેલાઓમાંથી કેટલાક જુવાનોએ ઊઠીને અનાન્યાનું શબ ઊંચક્યું અને લાંબા કાપડમાં વીંટાળીને યહુદી રિવાજ મુજબ દફનાવી આવ્યા.

**સફિરાને શિક્ષા :**

ત્રણ કલાક પછી અનાન્યાની પત્ની સફિરા પણ આ રૂમમાં આવી. તેના પતિ મરી ગયા છે તે તેણી જાણતી ન હતી, કારણકે મંડળીના બધા જ લોકો પર એટલો ભય હતો કે કોઈએ તેને આ જણાવવાની હિંમત ન કરી.

પિત્તરે તેને પૂછ્યું કે, મને કહે, તમે શું આટલી જ કિંમતે તે ભોંય વેચી ? અને અનાન્યાએ જે રકમ તેને જણાવી હતી તે તેણે અહીં જણાવી. સફિરાએ કહ્યું, "હા, એટલી જ કિંમતે." પિત્તરે કહ્યું કે, "પ્રભુના આત્માનું પરીક્ષણ કરવાને તમે બન્ને જણે કેમ સંપ કર્યો છે ? દેવનો કોપ તમારા ઉપર ઉતરે એવી રીતે તમે બન્ને જણે કેમ સંપ કર્યો છે ?" જો, તારા વરને દાટનારાઓનાં પગલાં બારણે આવી પહોંચ્યા છે, અને તેઓ તને પણ લઈ જશે. તત્કાળ તેણે તેના પગ પાસે પડીને પ્રાણ છોડ્યો; પછી તે જુવાનોએ માંહે આવીને તેને મૂએલી દીઠી, એટલે બહાર લઈ જઈને તેના વરને પડખે તેને દાટી. આથી આખી મંડળીને તથા જે લોકોએ એ વાતો સાંભળી તેઓ સર્વને ઘણું ભય લાગ્યું. ત્યારબાદ મંડળીમાં પ્રેરિતોની પાસે ભેટ લાવવાની બાબતના રિવાજે કોઈએ પ્રેરિતોને છેતરવાની હિંમત કરી નહીં. આથી આપણે શીખીએ કે જૂઠું બોલવું તે ખોટું છે. કારણકે ઈશ્વર જૂઠને ધિક્કારે છે અને જૂઠ્ઠાઓને શિક્ષા કરે છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. અનાન્યાના મનમાં કયો વિચાર આવ્યો ?..................................................
2. અનાન્યાને મોતની સજા થઈ, કારણકે ..................................................
3. સફિરાને પણ સજા થઈ, કારણકે..................................................
4. આ પ્રસંગથી મંડળીમાં કેવી અસર થઈ ?..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 37

# કર્નેલિયસ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 10:1-48

**પાઠનો ઉદ્દેશ :** સઘળા તારણ પામે તેવી દેવની ઈચ્છા છે તેમ બાળકોને જણાવો.

**પાઠનું આયોજન**

**કર્નેલિયસની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 3:16

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### એક દૂતે કર્નેલિયસને દર્શન દીધું :

કર્નેલિયસ, રોમન સૈન્યમાં એક અધિકારી હતો. 100 સૈનિકોની પલટનનો તે સૂબેદાર હતો. આપણે આવા અધિકારીને "કેપ્ટન" તરીકે ઓળખીએ છીએ. પરંતુ રોમન સૈન્યમાં આવા અધિકારીને "સેન્ચુરિયન" કહેવામાં આવતો હતો. કર્નેલિયસ યહુદી ન હતો, પણ વિદેશી હતી. વિદેશી નામ યહુદી લોકોએ પાડ્યું હતું જેનો એવો અર્થ થાય છે કે બિનયહુદી અથવા યહુદી સિવાયના બાકીના બધા જ લોકોને વિદેશી ગણવામાં આવતા હતા. મોટાભાગના વિદેશીઓ મૂર્તિપૂજા કરતા હતા પણ કર્નેલિયસ મૂર્તિપૂજા કરતો ન હતો. તે હંમેશાં ઈસ્રાએલના દેવની પ્રાર્થના કરતો હતો અને દેવનું ભય રાખતો હતો તેમજ ગરીબોને દાન કરતો હતો. વળી, પોતાના કુટુંબને શીખવતો કે તેઓ પણ દેવની ઉપાસના કરે. એક દિવસ સાંજના સમયે, કર્નેલિયસ તેના ઘરમાં પ્રાર્થના કરી રહ્યો હતો, ત્યારે પ્રભુનો એક દૂત તેની પાસે આવ્યો અને તેનું નામ દઈને કહ્યું કે, "કર્નેલિયસ !" આ અવાજ સાંભળીને કર્નેલિયસે નજર કરી તો જુઓ તેની નજર સામે એક જુદા જ પ્રકારની વ્યક્તિ ઊભી રહેલી દેખાઈ જેનું મુખ ચળકતું હતું, તેથી તે ભયભીત થઈ ગયો, પણ પેલી ચળકતી વ્યક્તિએ કહ્યું કે, "તું યાફામાં માણસોને મોકલ જે જગ્યાએ પિત્તર ઉતર્યો છે ત્યાં." વળી એમ પણ કહ્યું કે તારી પ્રાર્થનાઓથી તથા ગરીબોને કરેલા દાનથી ઈશ્વર રાજી થયા છે. પછી કર્નેલિયસે બે ચાકરોને બોલાવ્યા અને એક ધાર્મિક સિપાઈને બોલાવ્યો અને તેઓને બધી વાત કહી સંભળાવીને તેઓને યાફામાં પિત્તર પાસે મોકલ્યા. આ માણસોએ આખી રાત મુસાફરી કરી અને બીજા દિવસે બપોરે તેઓ યાફા શહેરની નજીક પહોંચ્યા.

**પિત્તરનું સ્વપ્ન અને આગમન :**

પિત્તરે એક સ્વપ્ન જોયું જેમાં દરેક પ્રકારના અશુદ્ધ પ્રાણીઓ જોવામાં આવ્યાં. ત્યાર પછી તેણે એક વાણી એમ બોલતી સાંભળી કે "મારીને ખા." પિત્તરે ખાવાની ના પાડી. તેણે કહ્યું કે આ પ્રાણીઓ અશુદ્ધ છે માટે હું નહીં ખાઉં. યહુદીઓને ઈશ્વરે આપેલ આ નિયમ હતો. તેમ છતાં ઈશ્વરે તેને કહ્યું કે, "જેને દેવે શુદ્ધ કહ્યું છે તેને તારે અશુદ્ધ ન કહેવું." પિત્તર આ સ્વપ્નનો અર્થ સમજી શક્યો નહીં. તે જ સમયે કર્નેલિયસના માણસો આવી પહોંચ્યા. ઈશ્વરે પિત્તરને કહ્યું કે તું મનમાં કંઈ જ સંદેહ રાખ્યા વિના તેઓની સાથે જા. તેથી પિત્તર બીજા દિવસે કર્નેલિયસના ઘરે ગયો. બીજે દિવસે તેઓ કૈસરિયા પહોંચીને કર્નેલિયસના ઘરમાં ગયા; તો કર્નેલિયસ પોતાનાં સગાં અને પ્રિય મિત્રોને એકઠા કરીને તેઓની વાટ જોઈ રહ્યો હતો. પિત્તર અંદર આવ્યો એટલે કર્નેલિયસે તેને પગે પડીને દંડવત્ પ્રણામ કર્યા અને તેનું ભજન કરવાનો હતો પણ ત્યાં જ પિત્તરે તેને કહ્યું કે, "ઊભો થા; હું પણ માણસ છું; દેવ નથી." પિત્તરે સ્પષ્ટ કહ્યું કે એક યહુદી વ્યક્તિએ બીજી કોમના વ્યક્તિના ઘરે જવું તે ખોટું છે, પરંતુ હું એટલા માટે આવ્યો છું કે ઈશ્વરે મને આવવા માટે કહ્યું છે. પછી તેણે કર્નેલિયસને પૂછ્યું કે મને તું જણાવ કે શા માટે તેં મને તેડાવ્યો છે ? કર્નેલિયસે પિત્તરને પોતાને આવેલ સ્વપ્નની વાત કહી સંભળાવી અને કહ્યું કે સુવાર્તા સાંભળવા માટે તેને તેડવામાં આવ્યો છે. આ સાંભળીને પિત્તરને પૂરેપૂરી સમજણ પડી ગઈ કે ઈશ્વર કેવળ યહુદીઓને જ નહીં પણ સઘળી કોમના માણસોને બચાવવા માંગે છે. પછી પિત્તરે સુવાર્તા કહી સંભળાવી એટલે ઘણાએ વિશ્વાસ કર્યો અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર પણ થયા. આનાથી એ સાબિત થયું કે આ ઈશ્વરની યોજના હતી. પછી તેઓ સઘળા બાપ્તિસ્મા પામ્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. કર્નેલિયસ કેવી વ્યક્તિ હતો ?..............................................................
2. પિત્તરે સ્વપ્નમાં જોયું કે ..............................................................
3. ઈશ્વરે પિત્તરને શું કહ્યું ?..............................................................
4. પિત્તર સ્વપ્ન ક્યારે અને કેવી રીતે સમજ્યો ?..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 38
# પ્રેરિત થોમા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 11:14-16, યોહાન 20:24-29

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર વ્યક્તિના જીવનને બદલીને કેવી રીતે પોતાના મહિમા માટે વાપરે છે તે બાળકોને જણાવો.

**પાઠનું આયોજન**

**પ્રેરિત થોમાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયા 18:5-6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### અવિશ્વાસુ થોમા :

થોમાનું ઉપનામ "અવિશ્વાસુ થોમા" પાળવામાં આવ્યું હતું કારણકે સઘળી બાબતોમાં તે હંમેશા ખરાબ બાબતો કઈ છે તે જ વિચારતો. ગમે તેવું કેમ ન હોય, થોમા એમાંથી હંમેશા ખોટું શોધી કાઢવા માટે પાવરધો હતો. લાજરસના મરણ પછી ઈસુએ કહ્યું કે હું બેથાની જાઉં છું. હવે બેથાની યરૂશાલેમથી ઘણું નજીક આવેલ છે, એટલે સ્વાભાવિક વિચાર આવે કે ધાર્મિક આગેવાનો ઈસુને કદાચ શોધી કાઢીને મારી નાખશે. ઈસુની પડખે ઊભા રહેનારાઓમાં થોમા એક એવું પાત્ર છે જે બીજાઓને કહે છે કે તમે લોકો ઈસુની સાથે જાઓ અને ઈસુની સાથે રહો.

થોમાને આપણે એવી રીતે યાદ કરીએ છીએ કે તે સંદેહ કરનાર વ્યક્તિ હતો અને પુનરુત્થાન પછી ઈસુએ જ્યારે દર્શન આપ્યું ત્યારે તે ઉપલી મેડીમાં હાજર ન હતો. ઈસુ મરણમાંથી સજીવન થયા છે તે વાત માનવા થોમા તૈયાર ન હતો. આમ કરવું તેને અઘરું લાગતું હતું. જ્યારે બીજાઓએ થોમાને કહ્યું કે ઈસુને અમે જોયો છે ત્યારે થોમા કહે છે કે જ્યાં સુધી હું ઈસુને જોઈશ નહીં અને તેના હાથમાં મારી આંગળી નાખું નહીં ત્યાં સુધી માનું નહીં. પછી ઈસુએ તેને દર્શન દીધું અને તેણે વિશ્વાસ કર્યો.

### થોમાનું કાર્ય :

પાછળથી થોમા બદલાઈ ગયો, એવું કદાચ એટલા માટે થયું કે તે પણ પવિત્ર આત્માથી ભરપૂર થયો હતો જેના વિશે પ્રે.કૃ.માં લખવામાં આવ્યું છે. જુદી જુદી જગ્યાઓમાં અને દૂર દૂર સુધી સુવાર્તાનો ફેલાવો

કરનાર તે એક મહાન મિશનરી બન્યો. એમ માનવામાં આવે છે કે થોમાએ ઈરાનમાં અને ભારતમાં પણ સુવાર્તામાં ફેલાવો કર્યો. ભારતમાં ખ્રિસ્તીત્ત્વ સ્થાપવાનું યશ થોમાને નામે જાય છે. તે કેરાલામાં આવ્યો અને ત્યાં સુવાર્તા પ્રગટ કરી. ઘણા બ્રાહ્મણોએ કેરાલામાં વિશ્વાસ કર્યો અને ખ્રિસ્તી બન્યા. આજે પણ કેટલાક એવા ખ્રિસ્તીઓ છે જેઓ એવો દાવો કરે છે કે તેઓ થોમા દ્વારા બદલાણ પામેલા ખ્રિસ્તીઓ છે. કેટલાક લોકોનું એવું માનવું છે કે થોમાએ સ્વપ્નમાં ઈસુને એમ કહેતા સાંભળ્યા કે તું ભારત જા, તેથી તે ભારત આવ્યો. એવું કહેવામાં આવે છે કે કોઈ બ્રાહ્મણે થોમાને ભાલો મારીને મારી નાખ્યો હતો. ચેન્નઈમાં આવેલ સંત થોમા માઉન્ટ નામની જગ્યાએ થોમાનું સ્મારક આજે પણ જોવા મળે છે. આમ, ઘણા આત્માઓને બચાવીને તે ખ્રિસ્તની ખાતર મરી ગયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. થોમાને અવિશ્વાસુ કેમ કહેવામાં આવ્યો ?.............................................
2. થોમાનું બદલાણ ત્યારે થયું હશે જ્યારે ...........................................
3. થોમાએ ભારતમાં ક્યાં અને શું કર્યું ?.............................................
4. તે કેવી રીતે મરી ગયો ?.......................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 39
# વિલ્યમ કેરી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પાઠને અનુરૂપ વાંચન કરો.

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરનું કાર્ય કરવા માટે બાળકોને પડકાર આપો.

**પાઠનું આયોજન**

**વિલ્યમ કેરીની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ફિલિપ્પી 4:13

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

**બાળપણ અને શરૂઆતની યુવાની :**

વિલ્યમ કેરીનો જન્મ 17મી ઑગસ્ટ 1761ની સાલમાં ઈંગ્લેન્ડમાં થયો હતો. પાંચ બાળકોમાં તે સૌથી મોટો હતો. તેના માતા-પિતા એડમન્ડ અને એલીઝાબેથ કેરી વણકરનું કામ કરતા હતા અને નોર્થમ્પટનમાં આવેલ પોલેર્સપી નામના ગામમાં રહેતા હતા. વિલ્યમનો ઉછેર ચર્ચ ઑફ ઈંગ્લેન્ડમાં થયો હતો. જ્યારે તે છ વર્ષની ઉંમરનો થયો ત્યારે તેના પિતાને ચર્ચમાં કારકૂન તરીકે તેમજ ગામની સ્કૂલના શિક્ષક તરીકે નોકરી મળી. બાળપણમાં તે સ્વાભાવિક રીતે પ્રાકૃતિક વિજ્ઞાન અંગે જાણવા ખૂબ જ ઉત્સુક અને રસ દાખવનાર હતો; અને ખાસ કરીને છોડવાઓના અભ્યાસમાં (બોટની) વધુ રસ દાખવતો હતો. ભાષાની તેને કુદરતી બક્ષિસ હતી, અને પોતે લેટિન ભાષા જાણતો હતો. 16 વર્ષની ઉંમરે કેરીના પિતાએ તેને નજીકમાં આવેલ હકલટન ગામમાં મોચીકામ કરવા મોકલ્યો. તેથી તે ધંધે મોચી બન્યો. ત્યારબાદ તે 1781ની સાલમાં ડોરોથી પ્લેકેટ સાથે લગ્નગ્રંથિથી જોડાયો. વિલ્યમની જેમ જ ડોરોથી પણ અભણ હતી, લગ્ન રજીસ્ટરમાં લગ્ન સમયની તેની સહી વધસ્તંભની નિશાની જેવી છે. વિલ્યમ અને ડોરોથી કેરીને છ સંતાન હતાં – છ દીકરા અને બે દીકરી; આ બન્ને દીકરીઓ બાળપણમાં જ મરણ પામી. 5મી ઑક્ટોબર 1783ની સાલમાં વિલ્યમ કેરીનું બાપ્તિસ્મા થયું અને તે વિશ્વાસી બન્યો. ત્યારબાદ તેણે સ્વ. રેવ. ડેવિડ બ્રેનાર્ડ દ્વારા લખવામાં આવેલ "જોનાથન એડવર્ડનું જીવન વૃત્તાંત" એ પુસ્તક વાંચ્યું અને જેમ્સ કૂક દ્વારા રખવામાં આવેલા વિવિધ ખુલાસાઓના પુસ્તકો વાંચ્યા અને તેનો એવો ભારે પ્રભાવ તેના ઉપર થયો કે તેણે સમગ્ર જગતમાં સુવાર્તા પ્રચાર કરવાનું નક્કી કર્યું. 1786ની સાલમાં ખ્રિસ્તી ઉપદેશકોની ભરસભામાં તેણે પ્રશ્ન કર્યો કે સમગ્ર સૃષ્ટિમાં સુવાર્તા લઈ જવાનું કાર્ય શું બધા જ ખ્રિસ્તીઓનું છે ? તેને જવાબ આપવામાં આવ્યો કે, "હે જુવાન તું નીચે બેસી જા, જો ઈશ્વર કોઈનું બદલાણ કરવા ઈચ્છશે તો તે તારી કે મારી મદદ વગર કરી શકે છે." ત્યારબાદ કેરીએ યશાયા 54:2-3 વચનને આધારે સંદેશો આપ્યો જેમાં તેમણે વારંવાર એ વાત ઉપર ભાર મૂક્યો કે, **"ઈશ્વર માટે મહાન કામ કરો અને ઈશ્વર પાસેથી મહાન અપેક્ષા રાખો."** આ વાક્ય એટલું બધું પ્રચલિત થઈ ગયું કે ઘણા લોકો આ વાક્યને ટાંકવા લાગ્યા. ભારત આવવાની તેમની ઈચ્છા હતી. ડૉ. જહોન થોમસન નામના એક મેડીકલ મિશનરી કલકત્તામાં સેવા આપતા હતા જે થોડા

સમય માટે દાન એકત્ર કરવા ઈંગ્લેન્ડમાં પાછા આવ્યા હતા, તેમણે કેરીને મદદ કરવાની અને સહકાર આપવાની સંમતિ આપી.

**શરૂઆતની સેવા :**

તેઓ 1792ની સાલમાં કલકત્તા ઉતર્યા. કલકત્તામાં પ્રથમ વર્ષે મિશનરીઓ જીવન નિર્વાહ માટે સાધન શોધતા તથા સેવા શરૂ કરવા માટે સ્થળ શોધતા. વળી સ્થાનિક લોકોની સાથે વાતચીત કરવા માટે બંગાળી ભાષા શીખતા. થોમસનો એક મિત્ર હતો અને તેની પાસે રંગ બનાવવાની બે ફેક્ટરીઓ હતી અને તે માટે તેને મેનેજર્સની જરૂરિયાત હતી. કેરી આ કાર્ય કરી શકે તેમ હોવાથી તેના કુટુંબ સાથે મુડનાબટ્ટી નામના સ્થળે રહેવા ગયો. રંગની ફેક્ટરીમાં કેરીએ છ વર્ષનો સમય વિતાવ્યો તે દરમિયાન તેમણે બંગાળી નવા કરારનું પ્રથમ રિવીઝન કાર્ય પૂરું કર્યું. કેરીનો દીકરો પિત્તર ઝાડાની બીમારીમાં મરણ પામ્યો જેને કારણે ડોરોથી હતાશામાં ગરકાવ થઈને ખૂબ માંદા પડી ગયા અને પાછા કદી સાજા થઈ શક્યા નહીં. આમ છતાં કેરીએ ઈશ્વરની સેવાનું કાર્ય ચાલુ રાખ્યું.

**અંત ભાગની સેવા :**

ત્યારબાદ કેરી સિરામપોરમાં સ્થાયી થયા, જ્યાં મિશને તેમને માટે એક મોટું ઘર ખરીદીને આપ્યું જેમાં તેમનું સમગ્ર કુટુંબ એકસાથે રહી શકે તેમ હતું; તેમજ તેમાં તેઓ સ્કૂલ પણ ચલાવતા જે તેમની આજીવિકાનું મુખ્ય સાધન હતું. તેના એક મિત્ર વિલ્યમ વૉર્ડે કેરીને મદદ કરી કે તે પ્રિન્ટીંગ પ્રેસ નાખી પ્રિન્ટીંગ પ્રેસનું જૂનું મશીન (સેકન્ડ હેન્ડ) કેરીએ ખરીદ્યું અને તેમાં બંગાળી બાઈબલ છાપવાની શરૂઆત કરી. એ વર્ષ પૂરું થયું ત્યાં સુધીમાં મિશનને એક નવો વિશ્વાસી મળી શક્યો એટલે કે ક્રિશ્નપાલ નામનો એક હિંદુ વ્યક્તિ વિશ્વાસમાં આવ્યો. ત્યાંની સ્થાનિક ડેનીશ સરકાર તરફથી મિશનને સારી નામના મળી અને તે વખતના ગવર્નર જનરલ માનનીય શ્રી રીચાર્ડ વેલેસ્લી તરફથી પણ મિશને નામના મેળવી. ત્યારબાદ કેરીને કૉલેજની અંદર બંગાળી ભાષાના પ્રોફેસર તરીકે નિમણૂંક મળી. કૉલેજની અંદર કેરીને તેના સાથી પ્રોફેસરો સાથે સારા સંબંધો કેળવાયા તેમાંના કેટલાક પંડિતો હતા જેમની મદદ લઈને કેરીએ બંગાળી નવો કરાર સારી રીતે સુધાર્યો. તેણે બંગાળી અને સંસ્કૃત ભાષાનું વ્યાકરણ તૈયાર કર્યું અને બાઈબલનું સંસ્કૃત ભાષાંતર પણ શરૂ કર્યું. ગવર્નર જનરલની સાથે કેરીને સારી વગ હતી તેનો ઉપયોગ કરીને બાળ બલિ અને સતીપ્રથા જેવા તે વખતના ક્રૂર અને અમાનવીય કુરિવાજો બંધ કરવા પ્રયત્નો કર્યા પણ તે અગાઉ કેરીએ હિન્દુ પંડિતો સાથે ચર્ચા કરીને ખાત્રી કરી લીધી કે આવા કુરિવાજોને હિન્દુ શાસ્ત્રો સમર્થન આપતું નથી. ડોરોથી કેરી 1807માં મરણ પામ્યાં; અને એક વર્ષના સમય પછી કેરીએ શાર્લેટ રૂમર સાથે બીજા લગ્ન કર્યા જે બહેન કેરીના ડેનીશ ચર્ચના સભ્ય હતાં અને ડોરોથી જેટલાં જ આ બહેન પણ હોંશિયાર હતાં. બીજા લગ્નજીવનના વર્ષો 13 હતાં ત્યારબાદ કેરીના બીજા પત્ની મરણ પામ્યાં. કેરી 9 જૂન, 1834ના રોજ મરણ પામ્યા. કેરી ભારતમાં ઈશ્વર માટે મહાન કામો કરી ગયો. કેરી જેવા લોકોને કારણે જ આખા ભારતમાં સુવાર્તા ફેલાઈ શકી. કેરીની જેમ આપણે પણ ઈશ્વરનું કાર્ય કરવું જોઈએ.

**ખાલી જગ્યા પૂરો :**

1. કેરીના જીવનની વિશિષ્ટતાઓ કઈ કઈ હતી?.......................................
2. કેરીના ભાષણમાં કયું વાક્ય પ્રચલિત બન્યું?.......................................
3. કેરીએ કઈ ભાષામાં નવો કરાર બહાર પાડ્યો?.......................................
4. તેણે બીજું કયું ભાષાંતર કર્યું?.......................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? .......................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 40

# સાધુ સુંદરસીંઘ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પાઠને અનુરૂપ વાંચન કરો.

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ સત્યનું અનુસરણ કરે અને તેમાં વળગી રહે.

**પાઠનું આયોજન**

**સુંદરસીંઘની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 14:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**સુંદરનું શરૂઆતનું જીવન :**

સાધુ સુંદરસીંઘ 1889માં પંજાબમાં જન્મ્યા હતા. સીંઘનો ઉછેર શીખ ધર્મના છોકરાની જેમ થયો હતો. બદલાણ થયા અગાઉ સુંદર જે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા તે શાળા અમેરિકન પ્રેસ્બીટરીયન મિશન દ્વારા ચાલતી હતી, અને આ શાળામાં નવો કરાર દરરોજ નિયમિત રીતે પાઠ્યપુસ્તકની જેમ વાંચવામાં આવતો હતો. દરરોજના પાઠમાં બાઈબલ વાંચન કરવાની સુંદર ના પાડતો. ‘‘દેવના પ્રેમની સુવાર્તાએ કંઈક અંશે મને આકર્ષ્યો હતો; પરંતુ હું તેમ છતાં પણ એવું જ વિચારતો કે આ ખોટું છે.’’ - સુંદરે આ મુજબ કહ્યું. આવી ગુંચવણભરી સ્થિતિમાં સુંદર હતા અને તેમની ઉંમર તે વખતે 14 વર્ષની હતી અને તેમના માતા મરણ પામ્યા. તેથી સુંદર ખૂબ જ નિરાશ થઈ ગયા. સુંદરના માતા પ્રેમાળ હતા અને તેઓ બન્ને એકબીજાથી ઓતપ્રોત હતાં. ગુસ્સાના આવેશમાં સુંદરસીંઘે એક સુવાર્તાને જાહેરમાં સળગાવી દીધી. આ બાબતના ત્રણ દિવસની અંદર સુંદરસીંઘ તેમની વેદના સહન ન કરી શક્યા.

**સુંદરને સંદર્શન થયું :**

1903ની સાલમાં ડિસેમ્બર મહિનામાં એક મોડી રાત્રે સુંદર ઊંઘમાંથી જાગીને પથારીમાં બેઠા અને પ્રાર્થના કરી કે ઈશ્વર તમે જો ખરેખર અસ્તિત્ત્વ ધરાવો છો તો તમે મને દર્શન આપો, પ્રગટ થાવ. અને જો એમ નહીં બને તો મારા ઘરની પાસેથી ટ્રેન પસાર થાય છે તેના પાટા ઉપર હું આપઘાત કરીશ. સુંદરસીંઘે 7 કલાક પ્રાર્થના કરી કે, ‘‘ઓ પ્રભુ, જો ખરેખર ઈશ્વર છે તો તમે આજે રાત્રે મારી સમક્ષ પ્રગટ થાવ.’’ હવે જે ટ્રેન ત્યાંથી પસાર થવાની હતી તેનો સમય સવારે પાંચ વાગ્યાનો હતો. કલાકો પસાર થયા. એકાએક તેમનો રૂમ પ્રકાશથી ભરાઈ ગયો. એક વ્યક્તિ તેમની આગળ દેખાઈ. સુંદરસીંઘે એક વાણી એમ બોલતાં સાંભળી કે, ‘‘તું મને ક્યાં સુધી નકારીશ ? હું તારા માટે મરણ પામ્યો. મેં મારું જીવન તારે માટે આપ્યું.’’ સુંદરે જોયું કે આ માણસના હાથમાં ખીલાના વેહ હતા. આશ્ચર્યની વચ્ચે આ સંદર્શને એકાએક અકલ્પનીય રીતે ઈસુનું સ્વરૂપ ધારણ કર્યું. સુંદરને હૃદયમાં ખાત્રી થઈ કે ઈસુ સાચા તારણહાર હતા અને તે મરણમાંથી

સજીવન થયા હતા. સુંદર ઘૂંટણે પડ્યા અને પેલા સંદર્શનને નમન કર્યું અને અનહદ શાંતિનો અનુભવ કર્યો જે શાંતિ તેમણે અગાઉ કદી અનુભવી ન હતી. સંદર્શન અદશ્ય થઈ ગયું પણ શાંતિ અને આનંદ તેમની અંદરથી અદશ્ય ન થયા.

**વિશ્વાસી વ્યક્તિ બન્યા :**

તેમના કુટુંબે તેમને આજીજી, વિનંતી કરી તેમજ ધાકધમકી આપી અને લોભ-લાલચો આપી તેમ છતાં આ બાબતોમાં આવ્યા વગર સુંદર ખ્રિસ્તી વિધિથી બાપ્તિસ્મા લઈને ખ્રિસ્તી બનવા નક્કી કરે છે. સુંદરને તેના પિતાએ નકારી કાઢ્યો ત્યાર પછી તે સમાજની બહાર મૂકાયો. દરેક શીખને લાંબા વાળ હોય છે તેવા વાળ સુંદરે પોતે કપાવી કાઢ્યા. ભારે વિરોધ વચ્ચે તેમણે 1905ની સાલમાં તેમના જન્મદિવસના રોજ સિમલામાં એક અંગ્રેજ ચર્ચમાં બાપ્તિસ્મા લીધું. તેમણે સાધુ બનવાનું નક્કી કર્યું, જેથી ઈસુ પ્રભુના સેવાકાર્ય માટે સમગ્ર જીવન સમર્પિત થાય. તેમને લાગ્યું કે તેમની કોમના લોકોમાં સુવાર્તા લઈ જવાનો આ એક માત્ર સારામાં સારો રસ્તો છે કારણકે તેઓની જીવનશૈલી તે પ્રકારની છે. સાધુ તરીકે તેમણે પીળા રંગનો ઝભ્ભો પહેર્યો અને બીજાઓના દાન ઉપર આધાર રાખીને જીવવા લાગ્યા. સઘળી મિલ્કતો અને નાણાંનો ત્યાગ કર્યો અને લગ્ન ન કર્યાં. આ પ્રકારની જીવનશૈલીમાં તેઓ પ્રભુને વધારે સમર્પિત રહી શક્યા. પાતળો પીળા રંગનો ઝભ્ભો પહેરીને સુંદરસીંઘ માર્ગમાં નીકળી પડ્યા અને નવા જીવનની શરૂઆત કરી જેમાં તેઓ પ્રેમ, શાંતિ અને નવા જન્મ વિશે ઈસુની વાત સરળ ભાષામાં સમજાવતા ગયા. તેઓ પોતાની પાસે નાણાં કે બીજી કોઈ વસ્તુ રાખતા ન હતા, માત્ર નવો કરાર જ રાખતા હતા.

**તેમની મુસાફરી અને અદશ્ય થવું :**

સુંદરે ઘણી મુસાફરીઓ કરી. સમગ્ર ભારતમાં અને શ્રીલંકામાં તેઓ ઘણું ફર્યા. 1918-1919ની વચ્ચેના સમયમાં તેઓ મલેશિયા, જાપાન અને ચીનમાં ગયા. 1920-1922ની વચ્ચેના સમયમાં તેઓ પશ્ચિમ યુરોપમાં ઑસ્ટ્રેલિયામાં અને ઈઝરાયેલમાં ગયા. તેમણે ઘણા શહેરોમાં પ્રચાર કર્યો; જેવાં કે યરૂશાલેમ, લીમા, બર્લિન અને આમસ્ટર્ડામ વિગેરે. આ ઉપરાંત પણ ઘણા શહેરોમાં તેમણે પ્રચાર કર્યો. તેમની નામના વધવા લાગી છતાં પણ સુંદરે ઈસુનો નમૂનો જ આગળ કર્યો અને તેને વળગી રહ્યા : ભૂંડાનો બદલો ભલાઈથી વાળવો અને દુશ્મનો ઉપર પ્રેમ કરવો. દર ઉનાળામાં સુંદરસીંઘ તિબેટની મુલાકાત લેતા હતા અને 1929ની સાલમાં પણ ઉનાળામાં તેઓ તિબેટની મુલાકાતે ગયા પણ પછી કદી જોવા મળ્યા નહીં. આ રીતે તેમનું જીવન પૂરું થયું. જો કે ઘણી બધી જગ્યાઓએ તેમણે મહાન કાર્યો કર્યા. બીજાઓને ખ્રિસ્તની પાછળ દોરવા માટે તેઓએ મોટો નમૂનો આપ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે સુંદર ખૂબ જ નિરાશ બની ગયા ? ..........................................
2. તેમણે સંદર્શનમાં જોયું કે ..........................................
3. બાપ્તિસ્મા લીધા પછી તેમણે શું કર્યું ? ..........................................
4. કયા કયા દેશોમાં તેમણે સુવાર્તા પ્રચાર કરી ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# સુઆચરણ (શિષ્ટાચાર) ધોરણ-૪

1. ઘરને સ્વચ્છ રાખવા તમારી માતાને મદદ કરો.
2. તમારાથી નાના સમલિંગીઓને કપડાં પહેરવામાં કે ખાવામાં વિગેરેમાં જો જરૂર પડે તો મદદ કરો.
3. તમારા બગીચાને રોજ પાણી પીવડાવો.
4. એકદમ ઓછા પ્રકાશમાં વાંચશો નહીં.
5. ફટાકડા ફોડતી વખતે ખૂબ જ કાળજી રાખો.
6. સવારે વહેલા ઊઠવાની ટેવ પાડો.
7. કપડાંને ઈસ્ત્રી કરીને પહેરો.
8. તમારા મિત્રોને જરૂર પડે મદદ કરો.
9. ઉપયોગમાં ન હોય ત્યારે લાઈટ, પંખા બંધ કરી દો.
10. બિનજરૂરી વસ્તુઓ ખરીદવામાં પૈસા ન વેડફો.
11. કદી લોભી વર્તન ન રાખો.
12. સ્વાર્થી કદી ન બનો.
13. પથારીમાંથી ઊઠો એટલે તેને વ્યવસ્થિત કરો.
14. તમારા મિત્રો માંદા હોય ત્યારે મુલાકાત કરો અને કંઈપણ મદદની જરૂર હોય તો તેમની પડખે ઊભા રહો.
15. મરણ પ્રસંગે તમારા મિત્રો દુઃખ-વેદના અનુભવતા હોય ત્યારે તેમની મુલાકાત કરી પડખે ઊભા રહો.
16. જેઓ અભ્યાસમાં નબળા છે તેવા તમારા સાથીની અભ્યાસમાં મદદ કરો.
17. જો તમારો મિત્ર ટિફીન ન લાવ્યો હોય તો તમારું ખાવાનું કે નાસ્તો તેની સાથે વહેંચો.
18. શાળામાં સમયસર જાઓ.
19. બીજાને આપેલાં વચનો હંમેશા પાળવા પ્રયત્ન કરો.
20. દરરોજ બાઈબલ વાંચવાની અને પ્રાર્થના કરવાની ટેવ પાડો.
21. જમતા પહેલાં અને શાળાએ જતાં પહેલાં પ્રાર્થનાની ટેવ પાડો.
22. દરરોજના ઉપયોગમાં પ્લાસ્ટીકનો ઓછો અને કાગળનો વધુ ઉપયોગ કરો.
23. તમારી આસપાસ ગંદકી ન થાય તેવું કરો.
24. દિવાલ ઉપર લખાણ લખીને ગંદી ન કરો.

25. વીજળીના પ્રવાહના માર્ગમાં કોઈપણ ધાતુની વસ્તુ આડે ન મૂકો.

26. ભીના હાથે વીજળીના સાધનને ન અડકો.

27. દરેક જણ સાથે સારી રીતે રહો.

28. જો તમે કોઈની પર ગુસ્સે થયા હોવ તો તેની માફી માંગો.

29. સમય વેડફશો નહીં કેમકે તે કિંમતી છે અને પાછો આવતો નથી.

30. પોતાના કરતાં બીજાનું વધારે સારું ઈચ્છો.

31. ખાતાં ખાતાં વચ્ચે વચ્ચે પાણી ન પીવો. કેમકે તે પાચનક્રિયાને અવરોધે છે.

32. તમારા મિત્રની ચીજવસ્તુ પર મન ન લગાડો.

33. તમે કદી એવું ન માનશો કે તમે કંઈ જ કામના નથી.

34. હંમેશાં જીવનમાં આભાર માનવાનું ન ભૂલશો.

35. સાંભળો વધુ અને બોલો ઓછું.

36. ખુરશીને ખેંચીને નહીં પણ ઊંચી કરીને મૂકો.

37. બધાનું ભોજન પિરસાઈ જાય પછી જ જમવાનું શરૂ કરો.

38. ભોજનમાં પાંચ ટુકડા મટન હોય તો એક જ લો જેથી દરેકને ભાગે એક એક આવે.

39. જો તમે બીજાને તમારી થાળીમાંથી કંઈક આપવા માંગો છો તો તેને તે લેવા દો, તમારા હાથે લઈને તેની થાળીમાં ન મૂકો.

40. જમતી વખતે હાથ ઊંચો કરી જમો, મોંને નીચું થાળી સુધી ન નમાવો.